ૐ

# પથ-પ્રકાશ



પ્રકાશક
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

ॐ

# પથ-પ્રકાશ

□

સંપાદક
**શશીકાંત મ. સેઠ**

□

પ્રકાશક
શ્રી વીતરાગ સત્‌ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

પ્રાપ્તિસ્થાન

o શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.

o શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

☐


પ્રથમાવૃત્તિ : પ્રત ૨૦૦૦

વીર નિર્વાણ સં. ૨૫૧૪

મૂલ્ય : રૂ. ૩-૦૦ (પડતર કિંમતના ૭૫%)

☐

અજિત મુદ્રણાલય, પાલીતાણા રોડ,
સોનગઢ, (સૌરાષ્ટ્ર)



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય

પ્રવર્તમાન કાળમાં સત્ શ્રુતરૂપ, પૂર્વાચાર્યોના અનેક પરમાગમો અને છેલ્લા બે-ત્રણ સૈકાઓમાં થયેલા જ્ઞાનીઓ દ્વારા રચાયેલા ગ્રંથો ઉપલબ્ધ છે. સામાન્યતઃ ગ્રંથ રચયિતા, ધાર્મિક સમાજ/સંપ્રદાયમાં ઉત્પન્ન વિકૃતિઓને અનુલક્ષીને, પોતાની કૃતિમાં, તે કાળની જરૂરીયાતનો વિષય સમજી, તદ્અનુરૂપ ગ્રંથ રચના કરે છે; તેમાં પ્રાયઃ પરિચયમાં આવતા મુમુક્ષુ આત્માઓની અને સમાજની તત્ત્વ-ગ્રહણ શક્તિના સ્તરના અનુપાતમાં સહજપણે સ્પષ્ટતા થાય છે. જેમકે આ પંચમકાળની શરૂઆતમાં દ્રવ્યશ્રુત પ્રાયઃ મુખપાઠે રાખવામાં આવતું; ત્યાર બાદ આચાર્યોએ ધારણા શક્તિ ક્ષીણ થતી જોઈને, તે જ્ઞાનને ગ્રંથારુઢ કર્યું; તેમાં પણ પ્રથમ સંક્ષેપમાં માત્ર સૂત્ર રચના થઈ; તે સમજવાની ક્ષમતા-યોગ્યતા ઘટતી જોઈ, સૂત્ર-ગ્રંથો ઉપર ટીકાઓની રચના થઈ; આમ કાળના પ્રવાહમાં—આ ઉતરતો કાળ હોવાથી સત્‌ના નિરૂપણમાં સ્પષ્ટતાની આવશ્યકતા વધુને વધુ દેખાવા લાગી, તેમ તેમ ધર્માત્માઓ પોતાના સ્વાનુભવને વ્યક્ત કરવા, સહજ કારુણ્યવૃત્તિથી પ્રેરાયા—અને સ્પષ્ટીકરણ વધ્યું.

યદ્યપિ સાંપ્રત સમાજમાં ધર્મ પ્રાપ્તિના ઇચ્છુક જીવોની યોગ્યતા જોતાં મહાન પરમાગમોનું અધ્યયન કરી તેમાંથી સીધું આત્મહિતનું રહસ્ય પોતાથી આપમેળે કાઢી શકે તેમ પ્રાયઃ જણાતું નથી. તેથી પરમાગમોની ગાથા અને ટીકાઓ ઉપર પ્રવચન તથા પ્રશ્ન-ચર્ચા દ્વારા, પારમાર્થિક રહસ્યનું ઉદ્‌ઘાટન અનેક પ્રભાવક સ્વાનુભવી ધર્માત્માઓ દ્વારા થતું રહ્યું; અને એ રીતે અખંડ મોક્ષમાર્ગ આજ પર્યંત જીવંત રહ્યો છે. આસન્ન ભવ્ય ભાગ્યશાળી જીવોના સૌભાગ્યથી આ જ કારણથી છેલ્લા દશકાઓમાં અનેક પ્રભાવશાળી સત્ પુરુષો થયા જેમણે સન્માર્ગ પ્રાપ્તિનાં ગંભીર અને રહસ્યભૂત વિષય ઉપર અનેક પડખાઓથી પ્રકાશ પાડ્યો છે.

પ્રસ્તુત "પથ-પ્રકાશ" ગ્રંથમાં ઉક્ત જ્ઞાની ધર્માત્માઓ પૈકી, પરમકૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામી, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેન તથા આત્મજ્ઞ સત્પુરુષ પૂ. સોગાનીજીના વચનોનો સંગ્રહ છે. આ સંગ્રહનું સંકલન ઉક્ત જ્ઞાનીઓના વચનોમાં રહેલ, (એક ખાસ વિષય)—"માર્ગદર્શન" અંગેનો છે.

જો કે તેઓના વચનોનાં ઉપલબ્ધ સાહિત્યમાં અનેક પ્રયોજનભૂત વિષયો પ્રકાશિત થયાં છે જેમાં—મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, આત્માર્થીપણું, પાત્રતા વિષયક વિવિધ પડખાઓ, ભેદજ્ઞાન, દ્રષ્ટિનો વિષય, માર્ગદર્શન, દેવમહિમા, ગુરુમહિમા, શ્રુતમહિમા, સ્વાનુભૂતિમહિમા, સ્વરૂપપ્રાપ્તિની વિધિ, પુરુષાર્થનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર, સાધકદશાનું વર્ણન, મુનિદશાનું વર્ણન, મિથ્યા અભિપ્રાયની ભયંકરતા, સિદ્ધાંતિક નિરૂપણ (આગમ-અધ્યાત્મથી) વગેરે વિષયોનો સમાવેશ થાય છે; તેમાંથી આ સંકલન—"માર્ગદર્શન"નો વિષય જુદો તારવીને પ્રકાશિત કરેલ છે.

મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનીપુરુષના માર્ગદર્શનની અત્યંત જરૂર છે અને તે માટે પ્રત્યક્ષ સમાગમ જેવું બીજું કોઈ સાધન નથી. પરંતુ તે તથાપ્રકારના પુણ્ય યોગને આધીન છે, છતાં પણ તે મુમુક્ષુની ભાવનાનો વિષય છે. મુમુક્ષુની ભૂમિકા, તે અત્યંત નાજુક સ્થિતિની છે, અને તેમાં પડવાના, રોકાવાના, ઉન્માર્ગે ચડી જવાના ઘણા સ્થાનો—ભયસ્થાનો—જાણવા પ્રયોજનભૂત છે; તેમજ અનેક પડખાઓથી સમાધાન થવા માર્ગ-દર્શનની આવશ્યકતા છે. તેવા આશય લક્ષથી આ સંકલન થવાનું બન્યું છે; જો જિજ્ઞાસુઓને ગમશે તો ઉપરોક્ત વિભિન્ન વિષયોનાં સંકલન પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરીશું.

વર્તમાનમાં પરમ પ્રભાવક અધ્યાત્મિક ક્રાંતિકાર પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ ઉક્ત પ્રયોજનભૂત વિષયો ઉપર વિશદ પ્રવચનો કર્યા છે; જે સ્પષ્ટીકરણની દૃષ્ટિએ અભૂતપૂર્વ છે; અને વર્તમાન તેમજ ભાવી મુમુક્ષુ સમાજ ઉપર અનુપમ ઉપકારભૂત છે. તેઓશ્રીના પ્રત્યક્ષ સમાગમની કૃપાના ફળસ્વરૂપ આ ટ્રસ્ટ અને શાસ્ત્ર પ્રકાશનની પ્રવૃત્તિ થઈ રહી છે. તેઓશ્રીના વચનોમાં દરેક સ્તરના મુમુક્ષુઓને માર્ગ-દર્શન મળી રહે, તેવી અનેક વાતો સ્પષ્ટ થઈ છે.

તદ્ ઉપરાંત, વર્તમાનમાં ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેન પ્રત્યક્ષ સમાગમના અભિલાષી જીવો માટે કલ્પવૃક્ષ સમાન બિરાજે છે. તેમના સાતિશય સમ્યક્જ્ઞાનનો લાભ પ્રત્યક્ષ ચર્ચા દ્વારા મુમુક્ષુ સમાજને ઉપલબ્ધ છે. તેમના "વચનામૃત" ગ્રંથમાંથી પણ ઘણું ઘણું માર્ગદર્શન મળે છે, તે તેઓશ્રીનો અનુપમ ઉપહાર છે.

આ ગ્રંથ પ્રકાશનમાં મૂલ્ય ઘટાડવા અર્થે પ્રાપ્ત રકમોના દાતાઓની નામાવલિ અન્યત્ર આપેલ છે, તે સર્વ સાભાર સ્વીકારવામાં આવે છે. ગ્રંથ મુદ્રણના કાર્ય બદલ અજિતમુદ્રણાલયના કાર્યવાહકોના પણ આભારી છીએ.

અંતમાં, સંકલિત—સત્પુરુષોના વચનામૃત દ્વારા મુમુક્ષુઓ આત્મહિતના માર્ગે વિકાસ સાધે તેવી ભાવના છે.

મહા વદ-૨, ૨૦૪૪ — લી. ટ્રસ્ટીગણ,

તા. ૫-૨-૮૮ — શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,

ભાવનગર

श्री वीतरागाय नमः

# પથ-પ્રકાશ

( સત્પુરુષોના વચનામૃતોમાંથી ચૂંટેલા રત્નો )

ॐ

नमः सिद्धेभ्यः

❀

## શ્રી પરમાગમસારમાંથી ચૂંટેલા રત્નો

ભાઈ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિ-રૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. (૨૪)

*

(જો) કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદસ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. (૩૮)

*

અજ્ઞાની સુખને ઈચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી-જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઈચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે, તે જાણવું જરૂરી છે. (૪૧)

*

તારા સ્વભાવ સિવાય ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. માટે હે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ. (૫૬)

*

રાગનો રાગ કરનારને, પુણ્યનો રાગ કરનારને, સ્ત્રી-પુત્રાદિનો રાગ કરનારને ચૈતન્યનો પ્રેમ નથી, તે ચૈતન્યનો ખૂની છે. માયાજાળનો પ્રેમીલો શુદ્ધસ્વરૂપી ભગવાનનો ખૂની છે.

તારા ચૈતન્યના ખજાનાને જોતાં તને ભાસશે કે જે ખજાને ખાલી છે એવા શુભાશુભમાં તું પડ્યો છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું છે ને?—જો તું તારા આત્માને અનુભવે તો મનુષ્યપણું મળ્યું કહેવાય. નહીં તો મનુષ્યરૂપે ઢોર સમાન છે. (૫૯)

*

પ્રશ્ન:—વાંચન-શ્રવણ-મનન કરવાં છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?

ઉત્તર:—વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય જ. (૬૬)

*

કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે આજીવન-આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે. શુભરાગ છે તે કલેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

*

જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે. (૭૭)

*

પ્રશ્ન:—અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે?

ઉત્તર:—અંતરનો માર્ગ કઠણ નથી. સહેલો છે, હળવો છે, સરળ છે, કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણું આત્માનો થાય નહિ, એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું તેનું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ-અભ્યાસથી કઠણ લાગે છે. (૮૩)

*

પ્રશ્ન:—સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વચ્છંદી થઈ ન જાય?

ઉત્તર:—શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં

શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વચ્છંદતા થઈ શકે નહિ. (૮૪)

*

પ્રશ્ન:—જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો?

ઉત્તર:—એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. એટલે પોતે જણાતો નથી. પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય છે તેથી પોતે જણાતો નથી. (૯૧)

*

પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બાહરના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. (૯૮)

*

આકુળતાવાળા સુખથી પણ શરીરનાં વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભુલાય? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુ:ખો પણ ભૂલી જવાય છે. (૧૧૦)

*

પહેલાં પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડ્યા સિવાય શી રીતે સમજાવે? તેથી કહે છે કે, પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે—અદૃશ્ય કરી દે—ઢાંકી દે—એમ કહેવાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણલોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેન વિધિની આ રીત છે. (૧૩૪)

*

પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે પહેલાં ભેદ આદિના વિકલ્પો હોય છે, પણ પછી પર્યાયને સંક્ષેપી નાખે છે અને ગુણ-ગુણીના ભેદને ટૂંકા કરી નાખે છે. સંક્ષેપી નાખે છે તેનો અર્થ શું!—કે તેના ઉપરનું લક્ષ છોડી દે છે ને અનંતા...અનંતા ગુણોને જે પી ગયું છે એવું જે દ્રવ્ય છે તેને ધ્યેય બનાવીને કેવળ આત્માને જાણતાં ક્ષણે-ક્ષણે મલિનતા નાશ પામે છે, ને વીતરાગતા પ્રગટે છે. મલિનતાનો ક્ષય થતો જાય છે. કરવો પડે છે એમ નથી કહ્યું—કેમ કે ક્ષણે—ક્ષણે નાશ પામતી જાય છે. (૧૩૬)

*

પ્રશ્ન:—તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?

સમાધાન:—આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?—કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. (૧૫૧)

*

આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટશે નહીં. તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. (૧૬૭)

*

પોતે અંતરમાં નથી જઈ શકતો તેનું કોઈ કારણ તો હોવું જોઈએ ને? અનંત ગુણનો અપાર મહિમાવંત પ્રભુ છે તેમાં ન જવાનું કોઈ કારણ તો હશે ને?—કાં પરનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં પોતે ક્યાં અટકે છે તેની ખબર નથી (વગેરે.) તેથી અંતરમાં જઈ શકતો નથી. (૧૬૮)

*

એક બાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જયાં રુચે ત્યાં જા. (૧૭૯)

*

બાહરની વિપદા એ ખરેખર વિપદા નથી. બાહરની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. (૧૯૧)

*

થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. (૧૯૫)

*

ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે, એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. (૧૯૬)

*

કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. (૨૦૫)

*

અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. (૨૧૪)

*

જેણે બાહરમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. (૨૧૬)

*

પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે એને પામવાનું સાધન તો એની અંદરમાં પડ્યું છે, ઈ કાંઈ પાંગળો નથી. (૨૨૫)

*

સુખને જગત ઈચ્છે છે, પણ સુખના કારણને જાણતું નથી. દુ:ખને લેશ માત્ર જગત-જીવો ઈચ્છતાં નથી, પણ દુ:ખના કારણમાં લીન છે. (૨૩૦)

*

જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. (૨૩૩)

*

જે વિચક્ષણતા આત્માને દુ:ખથી મુક્ત ન કરે તે વિચક્ષણતા શેની? (૨૩૯)

*

શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. (૨૪૧)

*

હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બાહરના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. (૨૪૪)

*

અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી. શુભભાવના ફળમાં જેને ગલગલીયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. (૨૪૫)

*

બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. (૨૪૬)

*

રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતાં જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. (૨૪૯)

*

પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. (૨૫૦)

*

પર્યાયદૃષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દૃઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. (૨૫૧)

*

પ્રશ્ન:—તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?

ઉત્તર:—ખરેખર અંતરથી રાગના દુ:ખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુ:ખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. (૨૫૨)

*

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય પણ તેને ઇન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ-ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી, ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે—એમ જે જાણવું થયું તે ઇન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી. (૨૫૫)

*

અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે, ઇન્દ્રિય જ્ઞાનમય નથી. ઇન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિય-જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા-અવલંબી જ્ઞાન છે. તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે, ઇન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં. (૨૫૬)

*

ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢયા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી. (૨૫૭)

*

ડૉ. ગાંગુલી : વ્રત-તપ-ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ-મેલ નીકળી જાય છે ને?

પૂ. ગુરુદેવશ્રી : ના, એ તો રાગ છે. એ વ્રત, તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે, ગુન્હો છે, ભ્રમણા છે.

ડૉ. ગાંગુલી : તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!

પૂ. ગુરુદેવશ્રી : નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. તેમાં લાભ બુદ્ધિથી જન્મ-મરણ વધે છે. (૨૬૧)

*

પ્રશ્ન:—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

ઉત્તર:—અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે-ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં કહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (—શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા....આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પ-

કાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને કયાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને કયાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. (૨૬૩)

*

અલિંગગ્રહણના ૨૦માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી—ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. (૨૬૭)

*

હું અભેદ છું 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ-ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું. આહાહા! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ. અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું. (૨૬૯)

*

પ્રશ્ન:—પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તર:—વિકાર તે જીવથી પોતાથી થયો છે. પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી (પુદ્‌ગલથી) વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી (અશુદ્ધ નિશ્ચયનયથી) જીવનો કહ્યો છે. (૨૭૩)

*

બે નય પરસ્પર વિરોધી છે. જો તે એક હોય તો બે નય રહેતા નથી. વ્યવહારનય નથી એમ નથી. પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૨૭૪

*

પ્રશ્ન:—આપ ધ્રુવસ્વભાવમાં (ઉપયોગ) લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવ-સ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને?

ઉત્તરઃ—ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને! લક્ષ કર્યા વિના દેખાય કેમ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિં તો તેને કયાંથી દેખાય? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડ્યો છે. જ્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ. (૨૭૫)

*

પ્રશ્નઃ—પરના લક્ષથી આત્મામાં જવાતું નથી, પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને?

ઉત્તરઃ—શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.

પ્રશ્નઃ—તો શાસ્ત્ર વાંચવા નહિ ને?

ઉત્તરઃ—આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ! એનો અર્થ એ કે તું સિદ્ધસ્વરૂપ છો એવી શ્રદ્ધા-પ્રતીતિ કરીને સાંભળ. સિદ્ધ-સ્વરૂપમાં દૃષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે. (૨૭૭)

*

સ્વસમય અને પરસમય સાથે વાદ-વિવાદ કરવા યોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ-વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. (૨૯૦)

*

પ્રશ્નઃ—સમ્યક્-સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે?

ઉત્તરઃ—સમ્યક્-સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. (૨૯૧)

*

પ્રશ્નઃ—વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?

ઉત્તરઃ—નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવા-યોગ્ય પુરુષાર્થ કરતો નથી તેથી વિકલ્પ તૂટતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે. (૨૯૪)

*

માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. (૩૦૬)

*

પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. (૩૧૦)

*

સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમજાળ બની રહે છે એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો પાયો ઊંડો નાખ્યો જ નથી. (૩૧૫)

*

વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી! (૩૧૬)

*

સ્મશાનમાં ફૂલેલા મડદા પડ્યા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે. તેમ આ રુષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલા મડદા છે તેમાં સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે. (૩૧૮)

*

શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખાવવો તે આત્માનું અપમાન છે. (૩૨૦) ચેતન ને ઓળખવા જડ નો સહારો.

*

લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વિજળીના સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. (૩૨૩)

*

વ્યવહારનય જૂઠા અર્થને બતાવનારો હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી છતાં તેને (ભેદને) વ્યવહારનય બતાવે છે. તેથી તેને જૂઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠી કહેવામાં આવ્યો છે. (૩૪૦)

જૂઠી

*

જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય-પાપનો ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ-નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે. એટલે ? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી. પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી. તેથી તિરોભૂત થઈ ગયો છે. (૩૪૧)

*

જ્ઞાયકભાવને ને રાગને જુદા ન પાડનારા જીવો વ્યવહારથી વિમોહિત થયા છે એટલે કે શુભરાગ કરતાં કરતાં મને લાભ થશે. શુભોપયોગ તે સાધન છે ને શુદ્ધોપયોગ તે સાધ્ય છે. એમ માનનારા રાગમાં લાભ માનતા હોવાથી, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ આત્માને અને રાગને એક માને છે. ચૈતન્યના સ્વભાવને ભૂલી જઈને રાગના કર્તૃત્વમાં દોરાઈ જવાથી રાગથી વિમોહિત થયેલાઓ, પર્યાયમાં જે અનેકરૂપ—વિશ્વરૂપ ભાવો પ્રગટ છે તે રૂપે આત્માને અનુભવે છે. (૩૪૩)

*

અખંડ આનંદનો નાથ પ્રભુ છે તેને જાણ્યા વિના ગુણ-ગુણીના વિકલ્પમાં મગ્ન છે તે વ્યવહારમાં મગ્ન છે. જ્ઞાન છે તે આત્માનું છે એમ લક્ષણ-લક્ષ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. સંસારના પાપના ભાવમાં કે દયા-દાન આદિના ભાવમાં રોકાયો છે એ તો ક્યાંય રહ્યો પણ લક્ષણ-લક્ષ્યના ને ગુણ-ગુણીના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી તે વ્યવહારમાં મગ્ન છે. (૩૪૫)

*

પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ?—કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. ( ૩૫૨ )

*

ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ. કેમકે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય.—એમ શાસ્ત્ર ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. ૩૫૩)

*

ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે. એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દૃષ્ટિના આગ્રહ વાળાને તે દેખાતા નથી. (૩૬૧)

*

પ્રશ્નઃ—(ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે?

ઉત્તરઃ—(ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યનું લક્ષ ને દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી, ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્ય અને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણ-જ્ઞાનનો વિષય છે. (૩૬૨)

*

જિજ્ઞાસુ (જીવને) ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દૃષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિં. માટે એકદમ (ખોટી) ઉતાવળ કરવી નહિં, ઉતાવળ કરતાં રાગ છૂટશે નહિં ને ઉલટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઊભા રહીને રાગ છૂટશે નહિં ને મુંઝવણ થશે અને સ્વભાવના અસ્તિ પક્ષનો યથાર્થ પુરુષાર્થ ઉપાડતાં રાગ સહજ છૂટી જશે. (૩૬૫)

*

પ્રશ્નઃ—આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

ઉત્તરઃ—વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિ-રૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે-બતાવે છે. (૩૭૦)

*

પ્રશ્ન:—વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?

ઉત્તર:—રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશિક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં—દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે. (૩૭૧)

*

પ્રશ્ન:—ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે?

ઉત્તર:—ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી—પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ.

કુંદકુંદઆચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય. (૩૭૨)

*

પ્રશ્ન:—આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

ઉત્તર:—એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે. તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ. અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો મહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે, પણ પહેલા મહાત્મ્ય આવે તો મહાત્મ્ય આવતાં ભાન થાય એમ છે. (૩૮૧)

*

(પરસન્મુખ જ્ઞાનમાં થતું પરલક્ષ છોડાવવા અને પોતાનું સ્વરૂપઅસ્તિત્વ વેદ્ય-વેદક-પણે જાણવા યોગ્ય છે. તે ન્યાયે...) જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે કે છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે પરંતુ જીવથી ભિન્ન પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે? રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ (પર-સન્મુખપણે) નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે. (૩૮૩)

*

આ આત્મા છે તે જ્ઞાયક અખંડ સ્વરૂપ છે. તેમાં રાગ, કર્મ કે શરીર તો તેના નથી પણ પર્યાયમાં ખંડ ખંડ જ્ઞાન છે તે પણ તેનું નથી. જડ-ઇન્દ્રિય તો તેના નથી પણ ભાવ-ઇન્દ્રિય ને ભાવ-મન પણ તેના નથી. એક એક વિષયને જાણતી જ્ઞાનની પર્યાય છે એ ખંડ ખંડ જ્ઞાન છે. એ પરાધીનતા છે, પરવશતા છે, એ દુઃખ છે. (૩૮૬)

*

દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જે ચીજ દર્શન-જ્ઞાન-ચારિત્ર-રૂપે પરિણમે તે આત્મા છે એમ વ્યવહાર વડે પરમાર્થને સમજી શકાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું આલંબન કરાવ્યું નથી પણ પરમાર્થનું આલંબન કરાવ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને જે પ્રાપ્ત હોય તે આત્મા એમ કહીને ભેદ વડે અભેદને બતાવ્યો છે. ભેદ દ્વારા બતાવ્યો ત્યાં ભેદનું આલંબન નથી કરાવ્યું પણ ભેદનું આલંબન છોડાવીને અભેદ આત્માનું આલંબન કરાવ્યું છે—એમ સમજવું. (૩૮૮)

*

પ્રશ્ન:—તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલાં વર્ષ કાઢવા ?

ઉત્તર:—કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ (-આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે? જેટલું વીર્ય ઉલટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી. (૩૯૨)

*

અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે, એને આંખો મીંચીને, બાહરના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે. જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક જ છે—એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનથી બાહરનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે. તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. (૩૯૫)

*

આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીરને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહા! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગતાનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો

બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. (૩૯૬)

*

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન (પર્યાય) માં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દૃષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે, રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકારને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. (૪૦૪)

*

રાગી છું કે રાગી નથી એવા નયોથી અતિક્રાંત વસ્તુ છે. વ્રત-તપાદિનો રાગ એ તો સ્થૂળ રાગ છે પણ રાગી છું કે રાગી નથી એવા સૂક્ષ્મ રાગથી પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં અંદર જવાતું નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવાથી શુદ્ધ નિર્મળ પરિણામથી વસ્તુને પકડી શકાય છે. એટલે કે અંદર જઈ શકાય છે. હું શુદ્ધ છું—એવા વિકલ્પથી પણ વસ્તુ હાથ આવે એવી નથી. (૪૧૦)

*

પ્રશ્ન:—સમ્યગ્દર્શન થયા પહેલા અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો?

ઉત્તર:—પહેલાં અનુમાનજ્ઞાનથી ઓઘે-ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.

પ્રશ્ન:—અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે?

ઉત્તર:—અનુમાનજ્ઞાન વાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી. (૪૧૫)

*

આહાહા! આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ આત્મા એ મહા ગંભીર વસ્તુ છે. લોકોને અજાણ્યું લાગે. જેમ અજાણ્યા દેશમાં જાય ને અજાણ્યું—અજાણ્યું લાગે. પણ બાપુ! આ તો ભગવાનના દેશની વાતો છે. એને રુચિથી સાંભળે તો તેના પોતાના ઘરની જ છે.

અજાણ્યું કાંઈ નથી. પોતાનું જ છે. અનંત અનંત જન્મ-મરણના નાશની વાતો છે. તેનો અભ્યાસ જોઈએ. નિવૃત્તિ જોઈએ. લૌકિક ભણતરમાં પણ દસ પંદર વર્ષ ગાળે છે તો આમાં થોડો વખત લઈને અભ્યાસ કરવો જોઈએ. આ વસ્તુ ગંભીર છે. નિશ્ચય કઈ વિધિથી છે, વ્યવહાર કઈ વિધિથી છે, વિગેરે જાણવું જોઈએ. આ તો સર્વજ્ઞે જાણીને કહેલી વાતો છે એને રુચિથી અંદરમાં જઈને અનુભવે તો એનો મહિમા કેવો ને કેટલો છે તે ખ્યાલમાં આવે. (૪૧૬)

*

ભાઈ! તું ચેતીને રહેજે. મને આવડત છે—એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ. માથે ટોકનાર ગુરુ જોઈએ. (૪૨૧)

*

પ્રભુ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બાહર પડવાના ભાવથી—બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિ:સાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. (૪૨૨)

*

ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તસ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતાં તો આવડે જ છે ને! આર્ત્તધ્યાન આદિ તો કરે જ છે ને? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં-ધ્યાનમાં-વિકલ્પમાં એવો મશગૂલ થઈ જાય કે ખબર ન પડે! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈ ને ઠરી જા. (૪૨૭)

*

પ્રશ્ન :-અગિયાર અંગને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું?

ઉત્તર :-અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડ જ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડ-ખંડ ઇન્દ્રિયજ્ઞાન-અગિયાર અંગનું

કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતાં કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત નથી. (૪૩૦)

*

પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના અંદર આવી શકે નહીં. સ્ત્રી, પુત્ર, પૈસા આદિથી અમે વધ્યા છીએ એમ માને તે મૂઢ છે. જેને પરદ્રવ્યની વિરક્તતા લાગે નહીં, રાગાદિ વિભાવની તુચ્છતા લાગે નહીં ને અંદર તાલાવેલી અર્થાત્ ઉત્કંઠા જાગે નહીં તે અંદર ક્યાંથી જઈ શકે? (૪૮૦)

*

પોતાની ચીજ અખંડ આનંદકંદ ચૈતન્ય છે તેની જેને ખબર નથી તે બધા ચાલતા મડદા છે. પછી ભલે તે કરોડપતિ કે મોટો રાજા હોય, પણ પોતાની ચૈતન્યલક્ષ્મીનું ભાન નથી તે બધા ચાલતાં મડદા છે. દુનિયાના ડાહ્યા થઇને પાંચ પચ્ચીસ લાખ કમાતા હોય કે લૌકિક બુદ્ધિના ખાં થઈને ફરતા હોય પણ તે પોતાની પ્રભુતાના ભાન વિના, પોતાની મહાનતાના ભાન વિના, નરકાદિના અનંત અનંત દુઃખોને ભોગવવાના, કે જે દુઃખોનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહે તો પણ કહી શકાય નહિ એવા અનંત દુઃખોને પોતાના પ્રભુના ભાન વિના ભોગવવા પડશે. (૪૮૨)

*

પ્રશ્ન :-વિકલ્પો અમારો પીછો નથી છોડતા!

ઉત્તર :—વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહિ. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી, જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ તો બાહર છે. તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે. તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર, સ્થિરતા અનુસાર ક્રમે સર્વ વિકલ્પો છૂટશે. (૪૬૧)

*

ભાઇ! પદાર્થની સ્વતંત્રતાની વાત જાણવા માટે બહુ પુરુષાર્થ જોઈએ છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વરૂપે જાણવું અને ભિન્ન તત્ત્વને બીજું ભિન્ન રહેલું તત્ત્વ કાંઈ જ કરી શકે

નહિ એ વાતો બહુ ઝીણી છે. એને યથાર્થ જાણવામાં બહુ પુરુષાર્થ માગે છે. (૪૬૬)

*

સત્ સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે, જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ. (૪૬૮)

*

મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ મુમુક્ષુતામાં શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુજીવને દયા–દાન–પૂજા–ભક્તિ આદિના શુભભાવો આવે ખરા પણ એની વૃત્તિ અને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે. શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિન સ્વરૂપી ભગવાન આત્માની શોધક વૃત્તિ ન જાય.

શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભરાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી. સ્વચ્છંદ કરતો નથી. (૪૬૯)

*

પ્રશ્ન :-સ્વચ્છંદ એટલે શું ?

ઉત્તર :-વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે. અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વચ્છંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું ? એમ માને તે સ્વચ્છંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વચ્છંદના સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે. (૪૭૦)

*

શુભભાવ કે જેને દુનિયા અત્યારે ધર્મ માને છે, ધર્મનું કારણ માને છે, એ આસ્રવો શું છે?—કે આકુળતાને ઉપજાવનારા છે. શુભ ને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા છે. આત્માની શાંતિને ઉપજાવનારા નથી. તેથી વ્યવહારથી નિશ્ચય થાય એમ બને નહિ. શુભ-ભાવો આકુળતાના ઉપજાવનારા હોવાથી આત્માની શાંતિને કે ધર્મને ઉપજાવનારા નથી. (૪૭૨)

*

પ્રશ્ન :-તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણવા છતાં જીવ કેવા પ્રકારથી અટકી જાય છે ?

ઉત્તર :—તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે, પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે.

બાહર પડવાના ભાવમાં રોકાઈ જાય છે. અંદર રહેવાના ભાવ નથી. તેથી અટકી જાય છે અથવા શુભ પરિણામમાં મીઠાશ રહી જાય છે. એમ ખાસ પ્રકારની પાત્રતા વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે. (૪૭૭)

*

વિપરીત મિથ્યાત્વના અનંત પ્રકાર છે અને સ્થૂલપણે અસંખ્ય પ્રકાર છે. તેમાંથી જેટલા પ્રકારની વિપરીતતા છૂટે છે તેટલો મિથ્યાત્વનો ત્યાગ નથી. બધા પ્રકારની વિપરીતતા છૂટતા સમ્યગ્દર્શન થશે, પણ બાહ્ય ત્યાગની દૃષ્ટિવાળાને એ મિથ્યાત્વનો ત્યાગ છે તે દેખાતો નથી. રાગ ને હું આત્મા એક છું એવી માન્યતા ચોરાશીના અવતારમાં રખડવાનું કારણ મહા પાખંડરૂપ મિથ્યાત્વ છે પણ બાહ્ય ત્યાગ દૃષ્ટિવાળાને એ મિથ્યાત્વનું મહાન પાપ દેખાતું નથી. આહાહા! એ મિથ્યાત્વના દુઃખો બહુ આકરા છે ભાઈ! (૪૮૦)

*

અનંત અનંન ગુણોનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરુદ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડયાં છે, તેથી પહેલાં તેને છોડવો જોઈએ. અનંત ગુણના ભંડાર ભગવાનથી વિરુદ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ–આશ્રયથી થાય છે. એમ ન માનતાં પર–આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? (૪૮૬)

*

કરોડો શ્લોકો ધાર્યા પણ અંદરમાં ઊંડે ઊંડે પર તરફના વલણમાં કયાંક કયાંક રાજીપો લાગે છે. પર તરફનું જ્ઞાન છે એ પરસત્તાવલંબી જ્ઞાન છે, તેમાં રાજી થાય છે કે ઘણા માણસોને સમજાવું ને તેઓ રાજી થાય—એવી સુખકલ્પના રહી જાય છે. ધારણામાં યથાર્થ જાણપણું હોવા છતાં અંદરમાં અયથાર્થ પ્રયોજન છે તેથી સમ્યગ્દર્શન થતું નથી. (૪૯૧)

*

ખરા જિજ્ઞાસુ જીવને અંદર ઊંડે જ્ઞાનની કાંઈક ભૂલ રહી ગઈ હોય તોપણ એને ખાસ જિજ્ઞાસા હોવાથી એને ટાળી નાખશે. ખરા જિજ્ઞાસુને સ્વભાવની લગનીના બળે, જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે નીકળી જાય છે. જ્ઞાયકભાવને પકડવાની ખાસ ભાવના છે તેને કોઈ અટકાવવાનાં પ્રકારની ગંધ રહી ગઈ હોય તો તે લગનીના બળે નીકળી જાય છે. (૪૯૩)

*

પ્રશ્ન:—પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ] ધ્રુવ છે, તેમ કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—પર્યાય તે સમયની સત્ છે. નિશ્ચિત છે, ધ્રુવ છે તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. (૪૯૯)

*

પ્રશ્ન :—સમ્યગ્દર્શન નહીં થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે?

ઉત્તર :—પોતાની ભૂલ છે. સ્વ તરફ નહિ વળતાં પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં-દેખતાં એ ભૂલ ટળે છે. ( એ રીતે ભાવજ્ઞાનની ભૂલ છે. ) (૫૦૦)

*

દુનિયાની વાતોનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઇન્દ્રિય-જ્ઞાનથી રસ ચડયો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઇન્દ્રિય જ્ઞાનનો રસ એ વ્યભિચાર છે. (૫૦૩)

*

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગતાનો અનુભવ ગૌણ થઈ જાય છે, એમ નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગતા આવે છે. (૫૧૩)

*

કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ! તું કયાં ગયો? શું કરે છે? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો કયાંય રહી! અરે પ્રભુ શું કરે છે આ! સાંભળવા મળ્યું નથી. અરે! એની પ્રભુતા એની ચમત્કૃતિ શક્તિઓ! અને ચમત્કૃતિ એની પર્યાયો!! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી. પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બાહર આવે તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડા-ફૂવારા ફાટે છે. (૫૧૬)

*

પ્રશ્ન :–યોગસારમાં પુણ્યને પણ પાપ કેમ કહ્યું છે?

ઉત્તર :–પુણ્ય છે તો શુભરાગ પણ તે સ્વરૂપથી પતિત કરે છે તેથી ત્યાં કહ્યું છે કે પાપને તો પાપ જગ સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે છે. જયસેન આચાર્યે પણ કહ્યું છે કે પુણ્ય છે તે અશુભથી બચાવે છે પણ શુદ્ધ સ્વરૂપથી પછાડે છે—પતિત કરે છે. તેથી પુણ્યને પણ પાપ કહ્યું છે. પાપનો અધિકાર છે છતાં તેમાં પુણ્યને પાપ કહ્યું છે. અહીં તો જેને આત્માનું હિત કરવું હોય તેની વાત છે. બાકી તો અનંતવાર શુભ કરીને નવમી ગ્રૈવેયક ગયો પણ એક ભવ ઘટ્યો નહિ. (૫૧૯)

*

પ્રશ્ન :–આત્માને ઓળખ્યો ન હોય ને શુભ રાગને ઝેર કહેવાથી સ્વચ્છંદી ન થઈ જાય?

ઉત્તર :–અજ્ઞાની સ્વચ્છંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વચ્છંદ છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં છૂટતો નથી, શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે. (૫૨૦)

*

આહાહા! એક ભાવ જો યથાર્થપણે સમજવામાં આવે કે ભગવાન જ્ઞાનમય ચૈતન્યબિંબ છે. અતીન્દ્રિય આનંદમય છે. તેના પ્રેમમાં તેનાથી વિરુદ્ધ દુઃખ ને દુઃખફળનું એટલે કે કર્મચેતના ને કર્મફળચેતનાનું કરવું ને વેદવું હોતું નથી, એમ સમજવામાં આવે તો તેનો કેવળ જ્ઞાતા જ રહે—એવી આ વાત છે. (૫૪૬)

*

પ્રશ્ન :–અંતર્દૃષ્ટિ કરવાનો ઉપાય શું?

ઉત્તર :–અંતર્દૃષ્ટિ કરવાનો ઉપાય સ્વ-સન્મુખ થઈને અંતરમાં દૃષ્ટિ કરવી એ જ છે. સીધો અંતર્મુખ થઈને વસ્તુને પકડે એ ઉપાય છે. પછી ઢીલાને વ્યવહારથી અનેક વાતો કહેવાય. સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય એમ કથન આવે. (૫૫૪)

*

પ્રશ્ન :–શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે?

ઉત્તર :–મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડ્યા પણ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. મૂળ દર્શનશુદ્ધિ ઉપર જોર હોવું જોઇએ. (૫૫૭)

*

પ્રશ્ન :–એક આત્માની જ સન્મુખ થવાનું છે તો એને માટે આટલા બધા શાસ્ત્રોની રચના આચાર્યદેવ કેમ કરી?

ઉત્તર :–એની ભૂલો એટલી બધી છે એ બતાવવા માટે આટલા બધા શાસ્ત્રોની રચના થઈ છે, કરી નથી, પુદ્ગલથી થઈ છે. (૫૬૬)

*

ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો સ્વભાવ છે, એ સ્વભાવના સાધન વડે કરીને એને મુક્તિ થાય છે. સ્વભાવના સાધન વડે તે સ્વભાવ જણાય છે' રાગથી ભેદ પાડતાં સ્વભાવનો આશ્રય લેતાં સમ્યક્ થાય છે. (૫૬૮)

*

તું જિનસ્વરૂપ જ છો પ્રભુ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે ગુણ-ગુણીના ભેદની પણ આવશ્યકતા નથી. પ્રભુ! એક સમયમાં જે અનંતા ગુણોને ગળી ગયો છે–પી ગયો છે, એમાં જ્ઞાન–દર્શન–શ્રદ્ધા આદિનો ભેદ નથી. અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી ને જ્યાં ભેદ દેખાય છે ત્યાં અભેદદૃષ્ટિ થતી નથી. સામાન્ય વસ્તુમાં શુભરાગ તો નથી. નિમિત્ત તો નથી પણ વિશેષ-ભેદ પણ નથી. તેથી ગુણી ને ગુણના ભેદમાં જઈશ તો સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા! આ તો ધીરાના કામ છે. ઉતાવળે આંબા ન પાકે! (૫૮૪)

*

ગુણી આત્માનો આ આનંદગુણ છે. જ્ઞાતા આત્મા છે ને જ્ઞાન એનો ગુણ છે એવા ભેદથી તો વિકલ્પ ઉઠશે અને એનાથી મને લાભ થશે એમ માને તો તેને મિથ્યાત્વ થશે. (૫૮૫)

*

પ્રશ્ન :–જ્ઞાની તો દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્ગલનો માને તે બરાબર છે?

ઉત્તર :–જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર-આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી પુદ્ગલનો છે એમ માને. (૫૮૬)

*

પ્રશ્ન :–રાગ તે પુદ્ગલ પરિણામ...પુદ્ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તર :–એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્ગલ પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વચ્છંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે. (૫૮૭)

*

પ્રશ્ન :–ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?

ઉત્તર :-દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ. (૫૮૯)

*

હે જીવ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમ કે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ?—કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે, તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં હશે અને ચૈતન્યસ્વરૂપમાં નહીં હોય તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ. (૫૯૪)

*

પ્રશ્ન :-રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો કાંઇક ટૂંકો રસ્તો બતાવો?

ઉત્તર :-આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે. અભેદ છે એની દૃષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે. તેથી ભેદનું લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી એ ટૂંકો સાર છે. (૬૦૭)

*

ભાઈ, ઉતાવળો થઈશ નહીં. તારું જ્ઞાતાપણું છોડીને, હું જગતને સમજાવી દઉં તેવો અભિપ્રાય કરીશ નહીં. (૬૨૪)

*

પ્રશ્ન :-શરીરમાં રોગ હોય, ખાટલામાં સૂઈ રહેવું પડે ત્યાં ધર્મ કેમ થાય?

ઉત્તર :-કોણ સૂતો છે? આત્મા સદાય અસંયોગી-અરૂપી જ્ઞાનઘન છે તે શરીરાદિમાં નથી, શરીરને કારણે નથી. શરીર ભલે સૂતું હોય, અંદર નિત્ય પરના અભાવપણે જાગ્રત ચૈતન્યજ્યોતપણે છે તે સૂતો નથી. સ્વથી સત્‌ છે તે પરથી નથી એ અનેકાંત સર્વાંગ નિ:શંકતામાં કેટલી શાંતિ! મારું ટકવું પરથી નથી માટે પરનું ગમે તે થાય, પર-સામે જોવાનું ન રહ્યું. મકાન, શરીરાદિનું ધ્યાન ન રાખું તો પડી જશે એ જોવાનું ન રહ્યું. શરીર શરીરના કારણે છે, મારા કારણે નથી. ચિંતા વ્યર્થ છે. આવો સ્વતંત્ર સત્તાનો વિશ્વાસ જે કરતો નથી તે રખડે છે. (૬૩૧)

*

જ્ઞેયોની આકૃતિનું સ્મરણ થતાં આવું ન જોઈએ એમ જ્ઞેયનો તિરસ્કાર કરતાં પોતાના જ્ઞાન-પર્યાયસ્વભાવનો અને જ્ઞાનવાન આત્માનો નિષેધ થઈ જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. (૬૩૨)

*

આત્મા શાશ્વત છે તો તેની શક્તિઓ પણ શાશ્વત છે. એના સામુ જુએ તો સમ્યગ્દર્શન, જ્ઞાન થાય. આત્મતત્ત્વ અનંત શક્તિનો પિંડ છે તેનો જેને આદર નથી. પણ પુણ્ય-પાપનો આદર છે તે સંસારમાં રખડે છે અને અંતરનો વિશ્વાસ ન આવતાં બાહરનો વિશ્વાસ પ્રસિદ્ધ છે. પાણીમાં અમુક પ્રકારની ગોળી નાખે અને ઝાડા થાય એનો વિશ્વાસ લાવે, પણ આત્મા અનંત શક્તિવાન છે તેનો અજ્ઞાની વિશ્વાસ કરતો નથી. (૬૪૫)

*

પુરુષાર્થ દ્વારા જેણે મોહનો નાશ કર્યો અર્થાત્ પરની સાવધાની છોડી દીધી છે અને જ્ઞાનમાત્ર પોતાના સ્વભાવની સાવધાની કરે છે તે સિદ્ધદશાને પામે છે. જ્ઞાનમાત્ર સિવાય બીજા કોઈ ઉપાયે કલ્યાણ થતું નથી. (૬૪૭)

*

જે આત્મસન્મુખ થાય તે વિકારથી વિમુખ થયા વગર રહે નહિ. હું નિર્વિકાર છું એમ કહે પણ વિકારથી વિમુખ ન થાય તો તે માત્ર ધારણા છે. રાગથી, પુણ્યથી કે પરથી ચૈતન્યની એકતા નથી, એવી પૃથક્તારૂપ ભેદજ્ઞાન તો કરતો નથી અને કહે છે કે જ્ઞાનમય વસ્તુ ગ્રહણ કરી છે તો તે વાત ખોટી છે. સ્વભાવની દૃષ્ટિ કરે તેને વિભાવનો અભાવ થવો જોઈએ. છતાં વિભાવનો અભાવ ન થયો તો સ્વભાવદૃષ્ટિ જ થઈ નથી. (૬૪૮)

*

દયા, દાન, ભક્તિ, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક વગેરે ક્રિયાકાંડમાં કુશળ, લૂખો આહાર ખાવો, વગેરે બધી ક્રિયા શુભરાગ અને પરની છે, એવી એકલી શુભરાગની ક્રિયામાં જે સંતુષ્ટ થાય છે કે આપણે ઘણું કર્યું, તેને આ પુણ્ય-પાપના વિકાર રહિત નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ થતી નથી. કોઈ એમ કહે કે રાગને ઘટાડું છું. પણ રાગ રહિત ચૈતન્ય કોણ છે, એની ખબર નથી તો તેને પણ આત્માના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આત્માને સમજે નહિ અને એકલો રાગ ઘટાડે તેને પણ ધર્મ થતો નથી. અને માત્ર જ્ઞાનની વાતો કરે ને રાગનો અભાવ ન કરે તો તેને પણ આત્માની પ્રાપ્તિ થતી નથી—ધર્મ પ્રગટ થતો નથી. (૬૪૯)

*

જ્યાં સુધી જ્ઞાનમાં તત્ત્વની અયથાર્થતા છે ત્યાં સુધી તેને તત્ત્વમાં જમાવટ થતી નથી. જ્ઞાનની વિપરીતતામાં આત્માની એકાગ્રતાની જમાવટ થતી નથી. તેથી કહે છે કે જ્ઞાનાનંદ આત્મા છે. તેની રુચિ કરો અને તેનું નિરીક્ષણ કરો. (૬૫૩)

*

પ્રશ્ન:—આ ન સમજાય ત્યાં સુધી શું કરવું ?

ઉત્તરઃ—ન સમજાય ત્યાં સુધી આ સમજવાની મહેનત કરવી. સ્વભાવ શું, વિભાવ શું, કોના વલણથી લાભ કે નુકશાન થાય તેનો વિચાર કરવો, ઊંધો પ્રયત્ન કરે છે તે હવે સાચો પ્રયત્ન કરવો. શરીર અને વિકાર તરફ વલણ હતું તે ફેરવી નિત્યાનંદ સ્વભાવનું વલણ કરવું તે તારા હાથમાં છે. તારી અવસ્થાનો ધરનાર તું છો. (૬૮૭)

*

આત્માની ને બીજા તત્ત્વોની વિપરીત દૃષ્ટિ તે (સંસાર)ની સાધક છે. રાગ તે રાગ છે. સ્વભાવ તે સ્વભાવ છે. નિમિત્ત તે નિમિત્ત છે. એમ સ્વતંત્ર તત્ત્વોની રુચિ કરતો નથી ને પુણ્યથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેનું ફળ સંસારમાં રખડવું તે છે. (૬૯૨)

*

પ્રશ્ન:—અમે અન્ય દેવાદિની ભક્તિ આદિ કરતા નથી તો અમને ગૃહીત મિથ્યાત્વ તો છૂટયું છે ને? એટલો તો નફો થયો ને?

સમાધાન:—ના, તેમ નથી, કેમ કે તમને ગૃહીત મિથ્યાત્વનું જ્ઞાન જ નથી. અઢાર દોષ રહિત સાચા સર્વજ્ઞદેવ, તેમની અનેકાંત લક્ષણ હિતકારી વાણી તથા સાચા નિર્ગ્રંથ ગુરુની તમને ઓળખાણ જ નથી. કોઈ મોટા પુરુષની દેખાદેખીથી કે કુળ પરંપરાથી તમે સાચા દેવાદિને માનો છો પણ તમને અંતરંગમાં તેમનું સ્વરૂપ તો ભાસ્યું નથી, તેથી તમને ગૃહીત મિથ્યાત્વ છૂટયું કહી શકાય નહીં.

અહીં તો કુદેવાદિનો સંબંધ તોડી, સાચા દેવાદિમાં લગ્ની લગાડી, તત્ત્વનો નિર્ણય કરીને જે અંતરંગ શુદ્ધ તત્ત્વનું શ્રદ્ધાન આદિ કરશે તેનું કલ્યાણ થશે. (૭૨૬)

*

ભાઈ! આ તો દુનિયા, જગત સામે બળવો છે. જેને સુખ જોઈતું હોય તેણે સાચો નિર્ણય કરવો પડશે. આમ સર્વ પ્રકારે પોતાને દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપનો નિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિકય બુદ્ધિ ટકી રહે. પ્રસંગ આવ્યે ડામાડોળ ન થઈ જાય. માટે બધા પડખે સાચો નિર્ણય કરવો જોઈએ. પણ પક્ષપાતી થઈ દેવાદિની ભક્તિ–પુજાદિ કરે તો તેથી કાંઈ મિથ્યાત્વ ટળે નહિ. (૭૨૭)

*

ચૈતન્યતત્ત્વના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધાંયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી, એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાંખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય—તો અનાદિના જે ગોટા

ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિ; અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. (૭૩૫)

*

સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં વસ્તુસ્વરૂપની એવી પરિપૂર્ણતાની જાહેરાત કરી છે કે દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો પરમેશ્વર છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી; તેમ જ, દરેક જડ પરમાણુ પણ તેના સ્વભાવથી પરિપૂર્ણ—જડેશ્વર ભગવાન છે.—આ રીતે ચેતન ને જડ દરેક પદાર્થ સ્વતંત્ર અને પોતાથી જ પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ બીજા આશ્રય માંગતું નથી. આમ સમજીને પોતાના પરિપૂર્ણ આત્માની શ્રદ્ધા અને આશ્રય કરવો, ને પરનો આશ્રય છોડવો તે પરમેશ્વર થવાનો પંથ છે. (૭૩૭)

*

આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ હોય. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં-વાર્તા સંભળાવે છે, બાહ્ય પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘુ બનાવી દીધું છે. આત્મસ્વભાવની જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્દન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું આત્મસ્વરૂપ સમજી શકે છે. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. (૭૩૮)

*

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે વિકલ્પનો અભાવ થતો નથી. પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું— એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ આત્મા તરફ વળ્યું નથી પણ વિકલ્પ તરફ વળ્યું છે, એટલે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ જ થાય છે. શુદ્ધ આત્મદ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે, ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ બનતાં વિકલ્પ છૂટી જાય છે. (૭૪૦)

*

જગતના બધા જીવો સુખને ઈચ્છે છે. પણ સુખનો ઉપાય ઈચ્છતા નથી, અને દુઃખને ઈચ્છતા નથી. પરંતુ દુઃખના ઉપાયમાં-મિથ્યાત્વાદિમાં નિરંતર લાગ્યા રહે છે. સુખનો ઉપાય

તો આત્માની સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ છે. તેને બદલે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થ મેળવીને તેનાથી સુખી થવા માગે છે. (૭૪૭)

*

"ણમો અરિહંતાણં" એમ બોલે પણ અરિહંતનું સ્વરૂપ જાણે નહિં તો તેને કાંઈ લાભ થાય નહિ. જે રેકર્ડ બોલે છે તેમ તે જીવ સમજ્યા વિના બોલે છે તેમાં કોઈ ફેર નથી. જો સર્વજ્ઞને ઓળખે તો પોતાના આત્માની સર્વજ્ઞતાની પ્રતીત થાય, ને પુણ્ય-પાપ તથા અલ્પજ્ઞતાની રુચિ રહે નહિ. (૭૫૩)

*

કેરીના રસની મીઠી પર્યાય છે તે તેનો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે, પણ ત્યાં 'આ મને ઠીક'—એમ માને છે તે અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે, તે મિથ્યા કલ્પના કોઈએ કરાવી નથી, પોતે મિથ્યા કલ્પના કરી તેમાં કેરી નિમિત્ત છે, પણ નિમિત્ત ક્યારે કહેવાયું ?–કે અહીં નૈમિત્તિક છે ત્યારે; નિમિત્ત નૈમિત્તિકનો એક જ સમય હોવા છતાં બન્ને સ્વતંત્ર છે. કેરીના રસનો આત્મામાં અત્યંત અભાવ છે, તો તેના કારણે આત્મામાં કાંઈ થાય એમબને નહિ. અભાવ કહેવો અને વળી તેનાથી કાંઈ થાય એમ કહેવું તે વાત વિરુદ્ધ છે. (૭૬૧)

*

નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ, સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ, નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે, તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે. (૭૬૫)

*

અજ્ઞાની જીવને પરાધીન દૃષ્ટિ હોવાથી શાસ્ત્રોમાંથી પણ તેવો આશય કાઢીને શાસ્ત્રોને પોતાને અનુકૂળ બનાવવા માગે છે, પણ શાસ્ત્રોમાં તેવો આશય છે નહિ. ગુરુગમ વગર સ્વચ્છંદે તે જીવ શાસ્ત્રોના ઊંધા અર્થ કરે છે. (૭૬૮)

*

જેને પાંચ રૂપિયા આપવાની તાકાત નથી તે કહે કે કાલે હું લાખ રૂપિયા આપીશ તો તે વાત ખોટી છે. તેમ સુદેવ-ગુરુ-શાસ્ત્રની તો ખબર નથી અને આત્માની વાત કરે તો તે ખોટી છે. જેને તત્ત્વ અને અતત્ત્વની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના શાસન સિવાય બીજે આવી અખંડ આત્માની વાત હોય નહિ. (૮૦૩)

*

જેને ધ્યાનરૂપી તપની ખબર નથી તે તો બાહરમાં તપસ્યા કરીને ધર્મ માને અને વરઘોડો કાઢે, પણ હજુ કુદેવાદિની શ્રદ્ધા જેને છૂટી નથી તેને ધર્મધ્યાન થતું નથી, પણ તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એવા જીવોને પુણ્ય-પાપ રહિત આત્મા છે, એ વાત રુચતી નથી. અને આત્માની જે ધર્મક્રિયા છે તે તેના લક્ષમાં આવતી નથી. જડની–શરીરની ક્રિયામાં ધર્મ માનીને તે અધર્મને સેવે છે. (૮૧૭)

*

નિજસ્વભાવ સાધન વડે પરમાત્મા થવાય છે. ગૃહસ્થાશ્રમમાં પરમાત્મદશા પ્રાપ્ત ન થાય. જ્ઞાનાનંદનાં સાધન વડે દિવ્યશક્તિ પ્રગટ કરો. જીવન મુક્ત દશા જેમને થઈ છે, તે અરિહંત દેવ છે. એમને નિમિત્તરૂપે ચાર ઘાતિકર્મો હતાં, તેનો અભાવ થયો છે. અને પોતાની અનંત શક્તિ હતી તે પ્રગટ થઈ છે. તે ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. (૮૧૮)

*

કોઈ શાસ્ત્ર કે કોઈ પણ ગાથા કે શબ્દ, અથવા તો કોઈ પણ અનુયોગની વાત કરો—તે બધાનું તાત્પર્ય વીતરાગતા છે. દ્રવ્ય છે એમ કહેતાં તે પરથી ભિન્ન છે, માટે પરનાં કારણે નથી, અને પરના આશ્રયે નથી, એમ નક્કી થતાં પરની રુચિ ટળી વીતરાગતા થયા વિના રહેતી નથી. (૮૨૧)

*

અર્હંતાદિકનું સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનમય છે. એ વડે જ અર્હંતાદિક સ્તુતિ કરવા યોગ્ય મહાન થયા છે. પંચપરમેષ્ઠીનું મૂળ સ્વરૂપ તો વીતરાગ અને વિજ્ઞાનમય છે. અંતર્-શુદ્ધતા થઈ હોય તે, અને તેનું જ્ઞાન તે જ પરમ ઈષ્ટ છે. કારણ કે જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન છે. શક્તિએ તો બધા આત્માઓ શુદ્ધ છે. પરંતુ રાગાદિ વિકાર વડે અથવા જ્ઞાનની હીનતા વડે જીવ નિંદા યોગ્ય છે. રાગ, પુણ્ય, વ્યવહાર રત્નત્રય વડે પંચપદ થયા નથી. કેમ કે એ તો અભવીને પણ હોય છે. માટે એકલા વ્યવહારવાળા પંચપદમાં આવતા નથી. તો પછી જેના વ્યવહારનાં પણ ઠેકાણા નથી, તે તો પંચપદમાં હોય જ નહીં. (૮૨૫)

*

પૈસા કમાવાના ભાવ તો એકલા પાપનાં પરિણામ છે. એના કારણે બાહરમાં અનુકૂળતા મળતી નથી. તેનો કોઈ બીજો ઈશ્વર કર્તા નથી. પૂર્વનાં કર્મો નિમિત્તમાત્ર છે. ખરેખર તો એ નિમિત્તો સહેજે મળી આવે છે. માટે જેને પાપનો ઉદય હોય તેને અન્ય કોઈ સહાય કરતું નથી અને પુણ્યનો ઉદય હોય તો કોઈ વિઘ્ન કરતું નથી. (૮૨૯)

*

પ્રરૂપણામાં વીતરાગની પરંપરાને તોડે છે અને વિરોધતાની પુષ્ટિ કરે છે, તે મિથ્યાત્વની પરંપરા ચલાવે છે. મિથ્યાદૃષ્ટિને વંદન કરે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

અસત્ય રચનારૂપ મહાવિપરીત કાર્ય તો ક્રોધ-માન-માયા-લોભની અત્યંત તીવ્રતા થતાં જ થાય છે. (૮૩૨)

*

મોક્ષમાર્ગ તો વીતરાગભાવ છે માટે જે શાસ્ત્રોમાં કોઈ પ્રકારે રાગ-દ્વેષ-મોહભાવોનો નિષેધ કરી વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા, સાંભળવા યોગ્ય છે. હજુ કયા શાસ્ત્રો વાંચવા-સાંભળવા એની ખબર ન હોય એ ક્યારે સંસારનાં દુ:ખથી છૂટે? તેને દુ:ખનો અભાવ થાય નહિ. માટે સાચા શાસ્ત્રનો પહેલાં નિર્ણય કરવો. (૮૩૪)

*

જે શાસ્ત્રોમાં શૃંગાર-ભોગ-કુતૂહલાદિ પોષી રાગભાવનું તથા હિંસા-યુદ્ધાદિ પોષી દ્વેષભાવનું અથવા અતત્ત્વ શ્રદ્ધાન પોષી મોહભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે શાસ્ત્ર નથી પણ શસ્ત્ર છે માટે તેવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા નહિ. (૮૩૫)

*

કર્મના ઉદયથી જીવ દુ:ખી નથી પણ પોતાના રાગ-દ્વેષ-મોહનાં કારણે દુ:ખી થાય છે. તે દુ:ખનો નાશ કરવાનો ઉપાય તો એક વીતરાગભાવ છે. તે જે શાસ્ત્રો કહેતાં નથી અને રાગ-દ્વેષ-મોહને પોષણ કરવાવાળા શાસ્ત્રો તો આત્માના ઘાતમાં નિમિત્ત થાય છે. એટલે આત્માનો પર્યાયમાં ઘાત થાય છે. માટે એવા શાસ્ત્રો વાંચવા-સાંભળવા યોગ્ય નથી. (૮૩૬)

*

અજ્ઞાની જીવો કહે છે કે કર્મો જીવને રખડાવે છે, પણ તે માન્યતા ભૂલવાળી છે. કર્મ જડ છે, તેનાથી જીવ રખડતો નથી પણ જીવ પોતાની ભૂલથી રખડે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. પ્રથમ ભૂલ હતી, પછી કર્મ આવ્યું એમ નથી; ને કર્મ આવ્યું માટે ભૂલ થઈ એમ પણ નથી. પોતે ભૂલ કરે ત્યારે કર્મ નિમિત્તરૂપ હોય છે. (૮૪૮)

*

શરીર સંસાર નથી, સ્ત્રી, કુટુંબ, પૈસો સંસાર નથી. અને કર્મ પણ સંસાર નથી. શરીર સંસાર હોય તો શરીર બળી જતાં સંસાર બળીને ખાખ થઈ જાય અને મુક્તિ થઈ જાય, પણ એમ બનતું નથી. વળી સ્ત્રી-પુત્રમાં પણ સંસાર નથી. આત્માનો સંસાર તો આત્માની પર્યાયમાં છે. અજ્ઞાની પરમાં સંસાર માને છે, તેને સંસારની પણ ખબર નથી, તો પછી સંસાર રહિત મોક્ષની તો એને ક્યાંથી ખબર હોય? ન જ હોય. (૮૪૯)

*

અઘાતિ કર્મના ઉદયથી બાહ્ય સામગ્રી મળી આવે છે. આત્માના પ્રયત્નથી બાહરની સામગ્રી મળતી નથી. એકને જાડું શરીર અને એકને પાતળું શરીર મળે છે, તે પૂર્વના કર્મનું કારણ છે. તે સંયોગો બંધનું કારણ નથી પણ આત્મામાં મિથ્યાત્વાદિનાં ભાવો થાય છે તે બંધનું કારણ છે. એમ નક્કી કરે તો તે મોહનાં નાશનો ઉપાય કરે માટે અહીં કહે છે કે અઘાતિ કર્મના નિમિત્તે તો બાહરમાં સંયોગ મળે છે. તેમાં શરીરાદિક તો જીવના પ્રદેશોથી એક ક્ષેત્રાવગાહી થઈ એક બંધાનરૂપ જ હોય છે, અને ધન, કુટુંબાદિ બાહરના સંયોગરૂપે રહે છે. પૈસા મળવા તે તો પૂર્વના અઘાતિ કર્મનો ઉદય એ પ્રકારનો હોય તો મળે છે, વર્તમાન પ્રયત્નનું ફળ નથી. વર્તમાન મેળવવાનો ભાવ થયો તે મોહના કારણે નવું બંધન થાય છે એમ કહે છે. (૮૫૨)

*

ઊંધી માન્યતા અને રાગ-દ્વેષાદિ બંધનું કારણ એક જ છે. ગરીબમાંથી ધનાઢ્ય થાય છે તે અઘાતિ કર્મના નિમિત્તે થાય છે. પૂર્વે જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય એટલા જ પ્રમાણમાં સામગ્રી મળે છે તે સામગ્રી શરીરાદિ અને પૈસા આદિ બંધનું કારણ નથી. કંચન-કામિની અને કુટુંબ તે બંધનનું કારણ નથી. માટે એને છોડવાથી બંધન છૂટતું નથી. તે કુટુંબાદિ તો અઘાતિ કર્મનું ફળ છે. કુટુંબની મમતા કરે તે સંસાર વૃદ્ધિનું કારણ છે. કુટુંબ સંસારનું કારણ નથી. દીકરા-દીકરી-વહુ-વેવાઈ-સ્ત્રી આદિ મળેલા છે તે બધા આત્માથી દૂર, ભિન્ન છે તે કાંઈ દોષનું કારણ નથી. શરીર-ઇન્દ્રિયાદિ તો એક ક્ષેત્ર અવગાહી છે એ પણ બંધનું કારણ નથી. તો પછી આ ધનાદિ તો આત્માથી ઘણા દૂર છે. એ તો પૂર્વ કર્મના કારણે મળેલા છે તે આત્માને બંધનું કારણ નથી. કારણ કે પરદ્રવ્ય બંધનું કારણ હોય નહિ, એમ નક્કી કરે તો મોહનાં નાશનો ઉપાય કરે. (૮૫૩)

*

અશુભભાવ પાપભાવ હોય છે ત્યારે જે યોગનું કંપન હોય છે તેને અશુભયોગ કહે છે. દિકરા, દીકરી, પૈસા વગેરેની વ્યવસ્થા કરવી તે બધો પાપભાવ છે, અધર્મના અંગ છે; એ ફરજ નથી, અધર્મના અંગ છે. દયા-દાન-ભક્તિ આદિના ભાવને શુભયોગ કહે છે. શુભયોગ હો કે અશુભયોગ હો પણ સમ્યક્ત્વ પામ્યા વગર ઘાતિયાકર્મનો તો નિરંતર બંધ થયા જ કરે છે. (૮૫૫)

*

તારી ઉઘડેલી પર્યાય પણ કાર્યરૂપે પૂરી ન આવે તો પૈસા કામમાં આવે એમ બની શકે નહિ. પાંચ ઇન્દ્રિયોના વિષયોને જાણવાનું લબ્ધરૂપ જ્ઞાન બધે એક સાથે પહોંચી વળે નહિ તો પરનાં કામને પહોંચી વળે એમ બનતું નથી. આ સમજણ કરે તો પરનું અભિમાન ઉડી જાય ને પર્યાયબુદ્ધિ છૂટી સ્વભાવબુદ્ધિ થાય. લબ્ધ અને ઉપયોગરૂપ પર્યાયની રુચિ છોડવા જેવી

છે. ચાર જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં એક જ્ઞાનનું કાર્ય કરી શકે ને એક જ્ઞાનમાં પણ એક વિષયનું જ્ઞાન કરી શકે માટે પરનું ને રાગનું અભિમાન છોડ. અધૂરી જ્ઞાન-દર્શન પર્યાયની પણ રુચિ છોડ ને પૂર્ણ સ્વભાવની રુચિ કર તો સમ્યગ્જ્ઞાન થઈ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પ્રગટ થશે. (૮૫૯)

*

ઊંધી માન્યતામાં હિંસા, જુઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ એ પાંચે પાપ આવી જાય છે. હું અનાદિ અનંત જ્ઞાનવાન છું. એમાંથી પ્રવર્તતી જ્ઞાનપર્યાયનાં સામર્થ્યને જે માનતો નથી ને પરને જાણું છું એમ માને છે તે પોતાની હયાતી ઉડાડે છે. (૮૬૨)

*

ધર્મ એટલે વસ્તુ સ્વભાવ. તારો સ્વભાવ અનાદિ અનંત છે, તારી પર્યાય તારી હસ્તીમાં જ છે એમ માને તો પછી રાગ પોતાના કારણે પોતાની કમજોરીથી થાય છે, એમ માને તો રાગ ટાળવાનો પ્રસંગ આવે ને જ્ઞાન પોતાથી છે એમ માને તો જ્ઞાનસ્વભાવ તરફ વળવાનો પ્રસંગ આવે. અજ્ઞાનીને પોતાના જ્ઞાનની ખબર નથી, ને નબળાઈથી થતા રાગની ખબર નથી. તેથી સંસારમાં રખડે છે. (૮૬૩)

*

પુસ્તક વાંચવું જોઈએ. ઇતિહાસ ખૂબ જાણીએ તો બુદ્ધિ ખીલે, જુદા જુદા દેશમાં જઈએ તો બુદ્ધિ ખીલે, એમ માનનાર મૂઢ પરને લીધે બુદ્ધિ ખીલે એમ માને છે અને પોતાને જ્ઞાનથી ખાલી માને છે. (૮૬૪)

*

મરણની પીડા કરતાં વિષયોની પીડા જીવને અસહ્ય-ઘણી અસાધ્ય લાગે છે. માટે જ્ઞાનસ્વભાવની પ્રીતિ કરવી તે સુખદાયક છે, (નહિ તો પર વિષયનો દાહ ઉત્પન્ન થયા વિના નહિ રહે.) (૮૭૧)

*

બાહ્ય ક્રિયા સુધરવાથી મારા પરિણામ સુધરે છે અને મંદકષાયનાં પરિણામથી ધર્મ થાય છે, એવા અભિપ્રાયની ગંધ બેસી જવી તેનું નામ મિથ્યાવાસના છે. એવી વાસના રાખીને બાહરમાં પંચમહાવ્રતનું પાલન તથા દયા, દાન આદિની ગમે તેટલી ક્રિયા કરે અને મંદકષાય કરે તો પણ ધર્મ થતો નથી. (૮૮૧)

*

કોઈ દાનની મુખ્યતા કરી ઘણા પાપ કરીને પણ ધન ઉપજાવી દાન આપે છે. પહેલાં પાપ કરીને પૈસો ભેગો કરવો અને પછી દાન કરવું તે ન્યાય નથી. પહેલાં લક્ષ્મીની મમતા

કરું અને પછી મમતા ઘટાડીશ તો તે યોગ્ય નથી. પરોપકારના નામે પણ પાપ કરે છે. કોઈ આરંભ-ત્યાગની મુખ્યતા કરી યાચના કરવા લાગી જાય છે. રાંધવામાં પાપ જાણી ભિખારીની જેમ માંગવા જાય તો તે યોગ્ય નથી તથા કોઈ જીવ અહિંસાને મુખ્ય કરીને જળ વડે સ્નાન શૌચાદિ પણ કરતા નથી તે યોગ્ય નથી. (૮૮૫)

*

સમકિતી જીવ ઉત્કૃષ્ટ અંત:કોડાકોડી સાગરની પુણ્યની સ્થિતિ બાંધી શકે છે ને મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ પંદર કોડાકોડી સાગરની પુણ્યની સ્થિતિ બાંધી શકે છે. હવે બંને તેટલી સ્થિતિ ભોગવી શકતા નથી કારણ કે ત્રસની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરની છે. સમ્યગ્દૃષ્ટિ જીવની સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી તે પુણ્યની સ્થિતિને તોડી ક્રમે મોક્ષમાં જશે ને મિથ્યાદૃષ્ટિ જીવ પરથી ને પુણ્યથી લાભ માનતો હોવાથી પુણ્યની સ્થિતિ તોડી પાપરૂપ પરિણામ કરી ક્રમે કરી નિગોદમાં જશે, માટે યથાર્થ સમજણ કરવી. (૮૮૭)

*

પરક્ષેત્ર આત્માને ગુણકર નથી. પરદ્રવ્યનાં કારણે આત્મામાં શાંતિ રહે એમ માનવું તે મૂઢતા છે. અંતર આત્મામાં ડૂબી જવું તે ધ્યાન છે. બાહરના કારણે ધ્યાન અને શાંતિ નથી. સોનગઢ ક્ષેત્રનાં વાતાવરણથી આત્મામાં શાંતિ થાય છે તે વાત પણ ખોટી છે. (૮૯૨)

*

એકાંત કરવું નહીં એમ મિથ્યાદૃષ્ટિ માને છે, પણ વ્યવહારનયના અંગીકારના અર્થને તે સમજતો નથી. આત્માની પર્યાયમાં રાગ થાય છે, એને સમ્યક્ પ્રકારે જાણવો તે વ્યવહારનયનો અંગીકાર છે. આત્મામાં અલ્પજ્ઞાનની પર્યાય છે, એને જાણવું કે મારી પર્યાય અલ્પજ્ઞાનરૂપ છે, તે વ્યવહારનય છે. રાગને આદરવો તેને અજ્ઞાની વ્યવહારનય કહે છે, તેણે તો વીતરાગભાવ અને રાગભાવ બન્નેથી લાભ માન્યો તે એકાંત છે. (૮૯૭)

*

આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાતા છે. તેની રુચિ થઈ તે વખતે રાગ હોય છે તે નિમિત્ત છે, પણ તેનાથી વીતરાગતા થતી નથી. સાધક દશામાં રાગ છે જ નહિ તેમ નથી. એટલે નિમિત્ત છે જ નહિ તેમ નથી. નિમિત્તને ફેરવવું નથી, આઘું પાછું કરવું એ સ્વભાવમાં છે જ નહિ. બાહરની ક્રિયા તો આત્માના હાથની વાત છે જ નહિ. પણ અશુભ ભાવ છોડીને શુભભાવનું કર્તૃત્વ તે પણ પર્યાયબુદ્ધિ છે—ભ્રમબુદ્ધિ છે. વસ્તુ જ્ઞાયક સ્વરૂપી છે એને તે માનતો નથી. (૮૯૮)

*

એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી.

અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા કરીને તેને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યક્-દર્શન છે. (૯૦૪)

*

જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય તેનો વિનય કરવો, ભગવાનનાં શાસ્ત્રનો વિનય કરવો, જ્ઞાની પાસેથી વાત મળવા છતાં કહે કે અમારાં શાસ્ત્રમાં પણ એવી જ વાત છે ને હું પણ એમજ માનતો હતો, અમારામાં નિશ્ચય ને વ્યવહાર બન્ને છે—એમ માને તો વ્યવહારનો પણ ચોર છે. આત્માનું ભાન નથી માટે નિશ્ચયનો ચોર છે જ. માટે એવો અવિનય ન કરવો. (૯૧૦)

*

પ્રથમ સત્ય સમજવાની જિજ્ઞાસા હોવી જોઈએ. અનાદિથી ભૂલ ચાલી આવે છે. પણ યથાર્થ સમજવાનો પ્રસંગ મળે તો તે ભૂલ છૂટે, ભૂલને ભૂલ ન માને તો ભૂલ કદી ટળે નહિ. (૯૧૧)

*

વિકાર તથા સ્વભાવને જીવ એક માની રહ્યો છે. તેથી સાચા વિચાર કરી શકતો નથી. જો મિથ્યા વિચારમાં ઢીલો પડે કે વિકાર કૃત્રિમ છે ને સ્વભાવ નિરૂપાધિકસ્વભાવ છે તો ભેદજ્ઞાનનો અવસર આવે, પણ અજ્ઞાનીએ એકતા માની છે. દયા-દાનાદિથી ધર્મ માને છે તે માન્યતાથી એટલે મિથ્યાદર્શનના બળથી બન્નેની જુદાઈ કરતો નથી. વ્યવહાર કરીએ, કષાય મંદ કરીએ તો ધર્મ થાય, એવી ઊંધી શ્રદ્ધા સ્વભાવને તથા વિભાવને જુદા જાણવાના વિચાર કરવા દેતી નથી. (૯૨૯)

*

જેમ કૂતરો લાકડી પ્રત્યે દ્વેષ કરે છે પણ મારનારની સામે જોતો નથી, તેમ અજ્ઞાની પર જીવો પ્રત્યે રાગ-દ્વેષ કરે છે પણ પોતાનાં પૂર્વ કર્મ અનુસાર સંયોગો મળે છે તેમ જોતો નથી. (૯૩૮)

*

આત્માના અનુભવ વિના સંસાર તૂટતો નથી. તપ કરે, ઉપવાસ કરે—તે બધો રાગનો રસ છે. જેનાં કારણે સંસારમાં ફરવું થાય છે તે વ્યવહારને ભલો જાણી કેમ સેવે છે? જેને વ્યવહાર અથવા દયા-દાનાદિનાં ભાવ સારા લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે દુ:ખ પામે છે. તથા જેણે દયા-દાન, હરખ-શોકનાં ભાવને ભલા માન્યા છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે; તેને આસ્રવ સારો લાગે છે. અનાસ્રવી આત્મા સારો લાગતો નથી. તું ભ્રમથી ભૂલ્યો છો માટે આ દૃષ્ટિ કરી અનુભવ કર, આ એક જ ધર્મની રીત છે. (૯૪૦)

*

નિશ્ચયે આત્મા શુદ્ધ છે. તેની પર્યાયમાં રાગાદિ અશુદ્ધતા હોવા છતાં પર્યાયે પણ વર્તમાન શુદ્ધ માને છે તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષમાર્ગમાં તો રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરવાનું હોય છે. જે વડે વિકારનો નાશ થાય તે મોક્ષમાર્ગ છે. શ્રદ્ધામાં વિકારનો આદર નહિ, જ્ઞાનમાં વિકાર ઉપાદેય નહિ અને આચરણમાં પણ રાગ કરે નહિ એ જ મોક્ષમાર્ગ છે. (૯૪૪)

*

પ્રશ્ન:—શાસ્ત્રમાં તો એવો ઉપદેશ છે કે પ્રયોજનભૂત થોડું જ જાણવું કાર્યકારી છે માટે વિકલ્પ શા માટે કરવા?

ઉત્તર:—સાત તત્ત્વ અથવા નવ પદાર્થ જરૂરનાં છે. જે જીવ બહુ જાણે છે ને પ્રયોજનભૂત ન જાણે, તેને કહ્યું છે કે પ્રયોજનભૂત જાણો. અથવા જેનામાં બહુ જાણવાની શક્તિ નથી તેને આ ઉપદેશ આપ્યો છે. જેની બુદ્ધિ થોડી છે તેને કહ્યું કે, પ્રયોજનભૂત થોડું જાણો. (૯૪૫)

*

હું આત્મા જ્ઞાયક છું. એવી સામાન્યની દૃષ્ટિ તો કાયમ રાખવી. સામાન્ય આત્મા ઉપર દૃષ્ટિ રાખવી ને જ્ઞાનની વિશેષતા કરવી તે નિર્મળતાનું કારણ છે. વિશેષ જાણવાથી વિકલ્પ થાય છે, એમ અજ્ઞાની એકાંત ખેંચે છે. તેને સમજાવ્યું કે જ્ઞાનની વિશેષતા તે નિર્મળતાનું કારણ છે. (૯૪૬)

*

આત્માનું હિત મોક્ષ જ છે. સંસાર અવસ્થામાં દુઃખ છે, ત્યાં ઘણું કે થોડું દુઃખ જ છે. પણ સુખ બિલકુલ નથી. ચારે ગતિમાં દુઃખ છે. આકુળતા તે દુઃખ છે. સ્વર્ગની ઈચ્છાથી પુણ્ય કરે કે નરક-તિર્યંચના દુઃખથી ડરીને પાપ ન કરે તેમાં કલ્યાણ નથી, તેમાં આકુળતા છે, પણ શાન્તિ નથી. આકુળતા તે દુઃખ છે ને નિરાકુળતા તે સુખ છે—એમ નિર્ણય કર્યા વિના મોક્ષમાર્ગમાં આવી શકે નહીં. (૯૫૮)

*

પ્રશ્ન:—ઉપવાસાદિ કરવા કે ન કરવા?

ઉત્તર:—આહાર જે ક્ષણે મળવાનો નથી તેને તું મેળવ એમ કહેવામાં આવતું નથી. અને જે ક્ષણે રાગની મંદતા થવાની છે તે ન કરવી એમ પણ કહેવાતું નથી. વળી, રાગ તીવ્ર હો કે મંદ હો પણ તે ધર્મ નથી. જે સમયે જે રાગ આવે તેની ના પાડી શકાય નહિ અને જે આહાર મળવાનો નથી, તેને મેળવવાનું કહી શકાય નહિ. હું તો શુદ્ધ ચૈતન્ય-સ્વભાવી છું, રાગની મંદતા કરનારો નથી—એવી રુચિ, જ્ઞાન અને રમણતાનો પુરુષાર્થ

કરે છે તેને વિકલ્પ અને નિમિત્ત હોય છે. પણ રાગ કે નિમિત્ત માટે પ્રયત્ન કરવો પડતો નથી. મોક્ષનો ઉપાય કરવો એ ઉપદેશનું તાત્પર્ય છે. નિમિત્ત મેળવવો કે રાગ કરવો વગેરે ઉપદેશમાં છે જ નહિ. (૯૫૯)

*

સ્વભાવનું સામર્થ્ય, વિકારની વિપરીતતા અને સંયોગોની પૃથક્તાનો નિર્ણય કરે તો સમ્યક્દર્શન થાય. પોતે સમજીને દિશા પલટાવે તો કાર્ય આવે. નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે તો પુરુષાર્થ સાચો છે. (૯૬૦)

*

લાખો માણસો કદાચ ઉપદેશનાં નિમિત્તે સમજે તો તેનો લાભ ઉપદેશ કરનારને નથી. વાણીનું પરિણમન આત્માને આધીન નથી. પરદ્રવ્યનું પરિણમન ભિન્ન છે. જીવ-અજીવનું શ્રદ્ધાન કરીને પોતાના હિત માટે પરથી ઉદાસીન થાય એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે, પણ પરને નિમિત્ત હું થાઉં એમ કહેલ નથી. (૯૬૪)

*

પ્રશ્ન:—વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન કરવું કહ્યું તેનું શું પ્રયોજન છે?

ઉત્તર:—અભિનિવેશનો અર્થ અભિપ્રાય થાય છે. જેવો તત્ત્વાર્થ શ્રદ્ધાનનો અભિપ્રાય છે, તેથી વિપરીત અભિપ્રાય થતાં વિપરીત અભિનિવેશ થાય છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો અભિપ્રાય હોવો જોઈએ. તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય તેનો નિશ્ચય કરવો એટલો જ નથી પરંતુ જીવ-અજીવને જુદા જાણી, પોતાને પરથી જુદો જાણવો. (૯૬૬)

*

આત્માની શ્રદ્ધામાં સાતની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય–પાપ, દયા–દાનાદિ વિકાર હેય છે એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે.—આમ કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે તે કહે કે મારું કાર્ય પૂરું થઈ ગયું તો તે ભ્રમણા છે. (૯૭૦)

*

નિર્વિકલ્પ દશા થવા અર્થે નવ તત્ત્વોનો વિકલ્પ છોડવાની વાત કરી છે. નવ તત્ત્વોનું જ્ઞાન છે પણ નવ તત્ત્વોનાં ભેદનાં લક્ષે રાગ થાય છે તેથી તે છોડવાની વાત કરી છે. જ્ઞાન નવને જાણે તે રાગનું કારણ નથી, તે તો નિશ્ચય સમકિત છે. નવનું જ્ઞાન યથાર્થ કર્યું છે. પણ નવનાં વિકલ્પો ઉઠતા હતા તેનો નિષેધ કર્યો છે. (૯૭૩)

યથાર્થ મુનિના ઉપદેશને કહેવાવાળાઓ હોય અને જૈનધર્મના શ્રદ્ધાળુ હોય એવા વક્તાનો ઉપદેશ શ્રવણ કરવા યોગ્ય છે. પણ મિથ્યાદષ્ટિ હોય શિષ્યનો લાલચુ હોય, પૈસાનો લોભી હોય—એવા વક્તાનો ઉપદેશ સાંભળવો નહિ. માત્ર ધર્મ-ઉપદેશનો દાતા હોય—તે પોતાનું અને પરનું અને પરનું ભલું કરે છે. પણ જે કષાય વડે ઉપદેશ આપે છે—તે પોતાનું બૂરું કરે છે અને બીજાનું બૂરું થવામાં નિમિત્ત થાય છે. આ પ્રમાણે વક્તાનું સ્વરૂપ છે. (૯૭૬)

*

ભલું થવા યોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે. હું કોણ છું? ક્યાંથી અહીં આવી જન્મ ધર્યો? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે; આદિનો જેણે નિર્ણય કર્યો છે. આત્મા અદ્ધરથી આવ્યો છે કે પૂર્વ-ભવમાંથી આવ્યો છે, હું આ કુળમાં જન્મ્યો છું, હું કોણ છું, મરીને ક્યાં જઈશ એટલે કે આ દેહ છૂટશે એટલે હું ક્યાં જઈશ—એવો વિચારવાન શ્રોતા હોવો જોઈએ. મારું ખરું સ્વરૂપ શું છે? અને આ વર્તન બધું શું થઈ રહ્યું છે? ખાવું-પીવું, વેપાર-ધંધા, વગેરે જે થઈ રહ્યું છે તે શું છે? મને આ જે ભાવો થાય છે એટલે કે આ પાપભાવો થાય છે. કુટુંબનાં-વેપારના-શરીરાદિના ભાવો થાય છે તેનું ફળ શું આવશે? અને આ જીવ કેમ દુઃખી થઈ રહ્યો છે, તેવા વિચારો કરનારો યોગ્ય શ્રોતા છે. જેને દુઃખ જ ન લાગતું હોય તે યોગ્ય શ્રોતા નથી. (૯૭૭)

*

નિર્વિકલ્પ અનુભવમાં સમ્યગ્દષ્ટિ નિરંતર રહી શકતા નથી એટલે તેને શાસ્ત્રાભ્યાસ વગેરેનો ભાવ આવે છે. નિર્વિકલ્પ અનુભવની અપેક્ષાએ તે શુભરાગને હેય કહ્યો છે. નિર્વિકલ્પ અનુભવમાં રહેવું તે તો ઉત્તમ જ છે. પણ છદ્મસ્થનો ઉપયોગ નીચેની દશામાં આત્મસ્વરૂપમાં લાંબો કાળ લાગતો નથી. માટે જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે શાસ્ત્રાભ્યાસમાં બુદ્ધિ જોડવી યોગ્ય છે. નિશ્ચયાભાસી તો તેનો સર્વથા નિષેધ કરે છે, પણ અરે ભાઈ! તને બીજો રાગ તો આવે છે! તો શાસ્ત્રાભ્યાસ વગેરેમાં પણ ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર ઉપયોગ જોડવો તે યોગ્ય છે. તેમાં જે રાગ છે તે દોષ છે, પણ તીવ્ર રાગની અપેક્ષાએ શાસ્ત્રાભ્યાસમાં જોડાવું યોગ્ય છે. સમ્યગ્દર્શન થયું ત્યાં કાંઈ તદ્દન વીતરાગતા થઈ જતી નથી. સમ્યગ્દર્શન પછી પણ રાગ તો આવે છે. જો નિર્વિકલ્પ આનંદમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થઈ જાય તો તે બરાબર છે, પણ જ્યારે નિર્વિકલ્પ આનંદમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાય, પૂજા, દેવ-ગુરુની ભક્તિ વગેરે પ્રશસ્ત કાર્યો છોડીને વિકથા વગેરે નિંદનીક કામમાં જોડાય તો મહા અનર્થ થાય. (૯૮૩)

*

રાગ તો થોડો અથવા તો ઘણો હોય તો તે ખરાબ જ છે; પણ પાંચ ડિગ્રીની અપેક્ષાએ એક ડિગ્રી તાવને સારો કહેવાય છે. તેમ છે. તેમ શુદ્ધોપયોગ ન હોય ત્યારે

અશુભભાવ છોડીને શુભમાં પ્રવર્તવું યોગ્ય છે. આ વાતના મર્મને ન સમજે તો કાં તો એકલા શુભભાવમાં લાગી જાય અને કાં તો શુભને છોડીને અશુભમાં લાગી જાય છે. પણ શુદ્ધોપયોગ કરવાનો પ્રયાસ કરતો નથી તે મિથ્યાદષ્ટિ છે. વીતરાગમાર્ગ તો અલૌકિક માર્ગ છે, તેને સમજવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. (૯૮૭)

*

જિનાગમમાં વ્યવહારની મુખ્યતાથી ઉપદેશ છે પણ વ્યવહારની મુખ્યતાથી ધર્મનો લાભ છે એવું કયાંય કહ્યું નથી, છતાં અજ્ઞાની જીવ પરાશ્રય ભાવોને ભલા માની બાહ્ય સાધનાદિકનું જ શ્રદ્ધાનાદિ કરે છે, તેને ધર્મનાં સર્વ અંગ અન્યથારૂપ થઈ મિથ્યાત્વભાવને પ્રાપ્ત થાય છે. (૯૯૨)

*

દિગંબર જૈન મતનો અનુયાયી હોવા છતાં જેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી. એકલા વ્યવહારમાં—રાગમાં ધર્મ માને છે તથા કુળ–પરંપરા માત્રથી જ પોતાને ધર્મી માને છે, પણ સત્યનો નિર્ણય કરતા નથી તો તે પણ મિથ્યાદષ્ટિ જ છે. (૯૯૪)

*

જે જીવ આજીવિકા માટે વ્રતાદિ ધારણ કરે, વિવાહાદિ સંબંધની આશાથી, માનાદિ અર્થે, ભોજનાદિની સગવડતા અર્થે ઇત્યાદિ વિષય-કષાય સંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈની થાય છે તે તો પાપી જ છે. સંસારના નાશ અર્થે જૈનધર્મ છે. તેને સંસાર પોષણનું સાધન બનાવે છે તે મોટો અન્યાય છે. (૯૯૫)

*

'વર્તમાન ઉદયમાં જીવ એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે ભાવિના સાદિ અનંત-કાળમાં મારું શું થશે'? એ વિચાર પર એનું વજન નથી આવતું. (૯૯૮)

*

વસ્તુની સિદ્ધિ કરવા માટે બે નય છે, બાકી મોક્ષમાર્ગ તો એકને મુખ્ય કરતાં જ થાય છે. વ્યવહારનયની ઉપેક્ષા તે જ તેનું સાપેક્ષપણું છે. (૯૯૯)

*

જિજ્ઞાસુ જીવે સત્યનો સ્વીકાર થવા અર્થે અંતર્-વિચારના સ્થાનમાં સત્યને સમજવાનો અવકાશ અવશ્ય રાખવો જોઈએ. (૧૦૦૭)

*

# 'બહેનશ્રીનાં વચનામૃત'માંથી ચૂંટેલા રત્નો

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. (૧)

*

અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર—તેમાં રમણ કર. (૨૬)

*

આકાશ-પાતળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે. (૫૧)

*

શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં 'આ શરીરાદિ મારાં' એમ માની સુખ-દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા. દેહનેખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર. (૫૨)

*

અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ...સમજ. કોઈ રીતે સમજ...સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા. (૫૪)

*

જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય? (૫૬)

*

પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું જોઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની

લગનીને જાગૃત રાખવી જોઈએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે. (૫૭)

*

અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે. (૬૦)

*

અનંતકાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી. જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરને જે કસ—આત્મા—તેને શોધતો નથી. રાગ-દ્વેષનાં ફોતરાં ખાંડવાથી શો લાભ છે? તેમાંથી દાણો ન નીકળે. પરથી એકત્વ-બુદ્ધિ તોડી જુદા તત્ત્વને—અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને—જાણે, તો કાર્ય થાય. (૭૭)

*

સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર! તું વિષયોમાં શા માટે ઝાવાં નાખે છે? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી. અંદર અમૃતફળોનું ચૈતન્યવૃક્ષ પડ્યું છે તેને જો તો અનેક જાતનાં મધુર ફળ અને રસ તને મળશે, તું તૃપ્ત તૃપ્ત થઈશ. (૯૦)

*

આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે:—જાગ રે! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ. (૧૨૧)

*

તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે. (૧૨૨)

*

આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્ગલનો કે વાણીનો દેશ તેનો નથી. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને. (૧૨૫)

*

ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે. (૧૨૯)

*

એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણ-રત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ-અનંતગુણોનો પિંડ છે. (૧૩૫)

*

ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. (૧૩૭)

*

સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પ જાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે. (૧૪૩)

*

રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય; તેમ સ્વરૂપ માટે દેવ–શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે. (૧૫૩)

*

મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ–દ્વેષ આદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં—તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. (૧૫૭)

*

એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. (૧૭૦)

*

ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવા યોગ્ય છે. (૧૭૯)

*

તારી દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ-અનંત અદ્‌ભુત આત્માને—પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને—અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે. (૧૮૯)

*

હે જીવ! અનંતકાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે. તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે. તું એક અને કર્મ અનંત; પણ તું એક જ અનંતી શક્તિવાળો બધાંને પહોંચી વળવા બસ છો. તું ઊંઘે છે માટે બધાં આવે છે, તું જાગ તો બધાં એની મેળે ભાગી જશે. (૨૦૭)

*

બાહ્ય દૃષ્ટિથી કાંઈ અંતર્દૃષ્ટિ પ્રગટ થતી નથી. આત્મા બહાર નથી; આત્મા તો અંદરમાં જ છે. માટે તારે બીજે ક્યાંય જવું નહિ, પરિણામને ક્યાંય ભટકવા દેવા નહિ; તેને એક આત્મામાં જ વારંવાર લગાડ; વારંવાર ત્યાં જ જવું, એને જ ગ્રહણ કરવો. આત્માના જ શરણે જવું. મોટાના આશ્રયે જ બધું પ્રગટ થાય છે. અગાધ શક્તિવાળા ચૈતન્યચક્રવર્તીને ગ્રહણ કર. આ એકને જ ગ્રહણ કર. ઉપયોગ બહાર જાય પણ ચૈતન્યનું આલંબન એને અંદરમાં જ લાવે છે. વારંવાર...વારંવાર એમ કરતાં...કરતાં...કરતાં (સ્વરૂપમાં લીનતા જામતાં...જામતાં) ક્ષપકશ્રેણી પ્રગટીને પૂર્ણ થઈ જાય છે. જે વસ્તુ છે તે ઉપર જ તારી દૃષ્ટિનો દોર બાંધ, પર્યાયના આલંબને કાંઈ ન થાય. (૨૦૮)

*

જેમ રાજા પોતાના મહેલમાં ઊંડો ઊંડો રહે છે તેમ ચૈતન્યરાજા ઊંડા ઊંડા ચૈતન્યના મહેલમાં જ વસે છે; ત્યાં જા. (૨૦૯)

*

વસ્તુનું સ્વરૂપ બધાં પડખેથી જ્ઞાનમાં જાણી અભેદજ્ઞાન પ્રગટ કર. અંદરમાં સમાયા તે સમાયા; અનંત અનંત કાળ સુધી અનંત અનંત સમાધિસુખમાં લીન થયા. 'બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહિ પામી શકે'. માટે તું તે જ્ઞાનપદને પ્રાપ્ત કર. 'તે અપૂર્વ પદની ખબર વગર કલ્પિત ધ્યાન કરે, પણ ચૈતન્યદેવનું સ્વરૂપ શું છે, આવા રતનરાશિ જેવા તેના

અનંત ગુણોનો સ્વામી કેવો છે—તે જાણ્યા વગર ધ્યાન કેવું? જેનું ધ્યાન કરવું છે તે વસ્તુને ઓળખ્યા વિના, તે ગ્રહણ કર્યા વિના, ધ્યાન કોના આશ્રયે થશે? એકાગ્રતા ક્યાં જામશે? (૨૧૧)

*

એક સત્-લક્ષણ આત્મા—એનો જ પરિચય રાખજે. 'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ'. તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી-પુરુષાર્થથી અંદર વિચરજે. (૨૧૨)

*

સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં (નિમિત્તપણાની) પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો—તું આત્મદર્શન પ્રગટ ન કર તો—?? અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તેં અંતરમાં ડૂબકી મારી નહિ! તું એકલો જ છો; સુખદુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો.

"જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે."

—તું એકલો જ મોક્ષ જનાર છો, માટે તું આત્મદર્શન પ્રગટ કર.

ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માનાં દર્શન થશે. (૨૧૪)

*

ગમે તેવી કટોકટીમાંથી પોતાનાં જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું. (૨૧૯)

*

જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે. (૨૨૦)

*

મુનિને સંયમ, નિયમ ને તપ—બધાંમાં આત્મા સમીપ હોય. અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ?

તારે શુદ્ધિ વધાર હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળા સંગમાં વસજે.

લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.

અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.

—આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે. (૨૨૯)

*

તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. (૨૩૮)

*

અરે જીવ! અનંત અનંત કાળ વીત્યો, તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યાં. હવે અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર., (૨૪૦)

*

ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે. ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ—ચૈતન્યચક્રવર્તી! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે? (૨૪૨)

*

વિશ્વનું અદ્ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર. અનંત કાળનો વિસામો ત્યાં જ છે. (૨૪૮)

*

તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજપરમાત્માનાં દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ. (૨૪૯)

*

ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચોદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે. (૨૫૨)

*

અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં સી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે. ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે. જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાનાં પગલાં મંડાશે. (૨૫૫)

*

સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય. સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી. એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે, માટે તે અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી જ. (૨૫૬)

*

શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે, તો મોક્ષ પ્રાપ્ત થશે. (૨૫૭)

*

આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે. જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ. (૨૬૫)

*

આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણોનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય. (૨૯૦)

*

જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. 'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું. (૩૦૧)

*

તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. (૩૦૫)

*

અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાન દોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. (૩૧૨)

*

ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. (૩૧૪)

*

વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. (૩૧૯)

*

ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લક્ષણ કર્યા કરવું. (૩૩૧)

*

ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે. (૩૩૩)

*

આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું— એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. (૩૩૪)

*

આ તો ગૂંચ ઊકેલવાની છે. ચૈતન્યદોરાની અંદર અનાદિની ગૂંચ પડી છે. સૂતરના ફાળકામાં ગૂંચ પડી હોય તેનો ધીરજથી ઊકેલ કરે તો છેડો હાથમાં આવે અને ગૂંચ નીકળી જાય, તેમ ચૈતન્યદોરામાં પડેલી ગૂંચનો ધીરજથી ઊકેલ કરે તો ગૂંચ નીકળી શકે છે. (૩૩૯)

*

અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?

જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી—એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજશ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેંદ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો'!—આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે. (૩૪૨)

*

ચક્રવર્તી, બળદેવ અને તીર્થંકર જેવા 'આ રાજ, આ વૈભવ—કાંઈ નથી જોઈતું' એમ સર્વની ઉપેક્ષા કરી એક આત્માની સાધના કરવાની ધૂને એકલા જંગલમાં ચાલી નીકળ્યા! જેમને બહારમાં કોઈ વાતની ખામી ન હોતી, જે ઈચ્છે તે જેમને મળતું હતું, જન્મથી જ, જન્મ થયા પહેલાં પણ, ઈન્દ્રો જેમની સેવામાં તત્પર રહેતા, લોકો જેમને ભગવાન કહીને આદરતા—એવા ઉત્કૃષ્ટ પુણ્યના ધણી બધી બાહ્ય ઋદ્ધિને છોડી, ઉપસર્ગ-પરિષહોની દરકાર કર્યા વિના, આત્માનું ધ્યાન કરવા વનમાં ચાલી નીકળ્યા, તો તેમને આત્મા સર્વથી મહિમાવંત, સર્વથી વિશેષ આશ્ચર્યકારી લાગ્યો હશે અને બહારનું બધું તુચ્છ લાગ્યું હશે ત્યારે જ ચાલી નીકળ્યા હશે ને? માટે, હે જીવ! તું આવા આશ્ચર્યકારી આત્માનો મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કર. તું સ્થિરતા-અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો શ્રદ્ધા-અપેક્ષાએ તો છોડ! છોડવાથી તારું કાંઈ ચાલ્યું નહિ જાય, ઊલટાનો પરમ પદાર્થ—આત્મા-પ્રાપ્ત થશે. (૩૪૯)

*

તરવાનો ઉપાય બહારના ચમત્કારોમાં રહેલો નથી. બાહ્ય ચમત્કારો સાધકનું લક્ષણ પણ નથી. ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ સ્વસંવેદન તે જ સાધકનું લક્ષણ છે. જે ઊંડે ઊંડે રાગના એક કણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી. નિસ્પૃહ એવો થઈ જા કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એક આત્માની જ રઢ લાગે અને અંદરમાંથી ઉત્થાન થાય તો પરિણતિ પલટ્યા વિના રહે નહિ. (૩૫૫)

*

આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું

હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખનાં પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે, (૩૫૭)

*

તું જ્ઞાયકસ્વરૂપ છો. બીજું બધું તારાથી છૂટું પડયું છે, માત્ર તેં તેની સાથે એકત્વબુદ્ધિ કરી છે.

'શરીર, વાણી આદિ હું નહિ, વિભાવભાવ મારું સ્વરૂપ નહિ, જેવું સિદ્ધભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે' એવી યથાર્થ શ્રદ્ધા કર.

શુભભાવ આવશે ખરા. પણ 'શુભભાવથી ક્રમે મુક્તિ થશે, શુભભાવ ચાલ્યા જાય તો બધું ચાલ્યું જશે અને હું શૂન્ય થઈ જઈશ'—એવી શ્રદ્ધા છોડ.

તું અગાધ અનંત સ્વાભાવિક શક્તિઓથી ભરેલો એક અખંડ પદાર્થ છો. તેની શ્રદ્ધા કર અને આગળ જા. અનંત તીર્થંકરો વગેરે એ જ માર્ગે મુક્તિને પામ્યા છે. (૩૬૧)

*

કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જીવે બે પ્રાપ્ત કર્યાં નથી—જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ. જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ, તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે. અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી ને નવીનતા પ્રાપ્ત કરતો નથી; એક ને એક વિષયનું—શુભાશુભ ભાવનું—પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી. અશુભમાંથી શુભમાં ને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. જો શુભભાવથી મુક્તિ થતી હોત તો તો ક્યારની થઈ ગઈ હોત! હવે, જો પૂર્વે અનંત વાર કરેલા શુભભાવનો વિશ્વાસ છોડી, જીવ અપૂર્વ નવીન ભાવને કરે—જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે. (૩૬૫)

*

પંચેંદ્રિયપણું, મનુષ્યપણું, ઉતમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે. આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ. (૩૬૮)

*

જેમ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગતી નથી, જેમ ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પર પદાર્થોથી સુખી થવાતું નથી.

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે'.
—આ જ સુખી થવાનો ઉપાય છે. વિશ્વાસ કર. (૩૭૧)

*

જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. (૩૮૦)

*

આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. (૩૮૨)

*

બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂતજ્ઞાન માર્ગ-પ્રાપ્તિનાં પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. (૩૮૬)

*

ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય. (૩૯૫)

*

અજ્ઞાની જીવ 'આ બધું ક્ષણિક છે, સંસારની ઉપાધિ દુઃખરૂપ છે' એવા ભાવથી વૈરાગ્ય કરે છે. પણ 'મારો આત્મા જ આનંદસ્વરૂપ છે' એવા અનુભવપૂર્વકનો સહજ વૈરાગ્ય તેને નથી તેથી સહજ શાન્તિ પરિણમતી નથી. તે ઘોર તપ કરે છે, પણ કષાય સાથેની એકત્વબુદ્ધિ તૂટી નથી તેથી આત્મપ્રતપન પ્રગટતું નથી. (૪૦૫)

*

તું અનાદિ-અનંત પદાર્થ છો. 'જાણવું' તારો સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી. જાણનાર તે કદી નહિ—જાણનાર થતો નથી; નહિ-જાણનાર તે કદી

જાણનાર થતા નથી; સદા સર્વદા ભિન્ન રહે છે. જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી. શુભાશુભભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી.—આ, જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે. (૪૦૬)

*

અનંતકાળથી જીવ ભ્રાન્તિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે, પણ પર પદાર્થનાં કાર્ય તે બિલકુલ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. જીવનાં કર્તા–ક્રિયા–કર્મ જીવમાં છે, પુદ્ગલનાં પુદ્ગલમાં છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્ગલ પરિણમે છે, જીવ તેમને ફેરવી શકતો નથી. ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે, જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.

તું જ્ઞાયકસ્વભાવી છે. પૌદ્ગલિક શરીર–વાણી–મનથી તો તું જુદો જ છે, પણ શુભાશુભભાવો પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને—શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી, ને તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિનાં પ્રયાણ ચાલુ થશે. (૪૧૧)

*

મરણ તો આવવાનું જ છે જયારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય–દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ—અનુભૂતિ કરી આત્મ–આરાધના કરી હશે, આત્મામાંથી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. (૪૧૨)

*

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો

વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને કયારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા–અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. (૪૧૬)

*

પ્રશ્ન :—મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ વિશેષ રાખવો કે ચિંતનમાં સમય વિશેષ ગાળવો?

ઉત્તર :—સામાન્ય અપેક્ષાએ તો, શાસ્ત્રાભ્યાસ ચિંતન સહિત હોય, ચિંતન શાસ્ત્રાભ્યાસપૂર્વક હોય. વિશેષ અપેક્ષાએ, પોતાની પરિણતિ જેમાં ટકતી હોય અને પોતાને જેનાથી વિશેષ લાભ થતો જણાય તે કરવું. જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય, તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. પોતાની પરિણતિને લાભ થાય તેમ કરવું. પોતાની ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય હોવું જોઈએ. તે ધ્યેયની સિદ્ધિ અર્થે દરેક મુમુક્ષુએ આમ જ કરવું જોઈએ એવો નિયમ ન હોય. (૪૨૧)

*

પ્રશ્ન :—વિકલ્પ અમારો પીછો નથી છોડતા!

ઉત્તર :—વિકલ્પ તને વળગ્યા નથી, તું વિકલ્પને વળગ્યો છો. તું ખસી જા ને! વિકલ્પમાં જરા પણ સુખ અને શાન્તિ નથી, અંદરમાં પૂર્ણ સુખ અને સમાધાન છે.

પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય, ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. (૪૨૨)

*

પ્રશ્ન :—જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે?

ઉત્તર :—તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય—ઈત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ—આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો કયાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ કયાંય અટકયા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે. (૪૨૫)

*

# 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ભાગ-૩ માંથી ચૂંટેલા રત્નો

પ્રશ્ન :—અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને? વિવેક થઈ જાય છે ને?

ઉત્તર :– વિવેકની વાત એક બાજુ રાખો. એકવાર વિવેકને છોડી દો (પર્યાયની સાવધાની છોડી દો) પરિણામમાત્ર હું છું જ નહિ, હું તો અવિચળ ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહિ. વિવેકને બહાને પણ જીવ પરિણામમાં એકત્વ કરે છે. (૬૮)

*

વિચાર-મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર વેગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ. (૭૨)

*

બસ એક જ વાત છે કે "હું ત્રિકાળી છું" એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ—યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. (૮૧)

*

કંઈ કરે નહિ તો ગમે નહિ તેવી ટેવ (કર્તાબુદ્ધિ) થઈ ગઈ છે. પરંતુ કંઈ કરે તો ગમે નહિ એમ હોવું જોઈએ. (૮૪)

*

જ્યાં સુધી ડુબકી અંદરમાં (આત્મામાં) નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. (૮૬)

*

ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે; તે નહિ, પણ અંદરથી સહજરૂપે (સ્વતું) મહાત્મ્ય આવવું જોઈએ. (બાહરમાં) તીવ્ર થાક લાગે તો (મહિમા) અંદરથી જ આવે છે. (૧૦૨)

*

શ્રવણ વાંચન આદિ તો બધી ઉપર ઉપરની વાત છે. અંદરથી સહજરૂપ (ભાવ) આવવો જોઈએ. (૧૦૪)

*

પ્રશ્ન :—વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમાં આવે છે, તે રીતે ત્રિકાળી-સત્ ખ્યાલમાં કેમ નથી આવતું? ઉઘાડમાં તો યુક્તિ વગેરેથી આવે છે, પરંતુ અંદરથી કેમ નથી આવતું?

ઉત્તર :—જે ઉઘાડમાં ન્યાયથી ખ્યાલમાં આવી તે ખ્યાલવાળી જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઊભી છે, તે આધારવાળી વસ્તુ શું છે, એ દેખીને તે આધારવાળી શક્તિમાં જ થંભી જવું-પ્રસરી જવું, તે જ સત્ સ્વભાવ છે. (૧૨૫)

*

પ્રશ્ન :—પર્યાયથી છૂટું કેવી રીતે થવું ?

ઉત્તર :—પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે. (૧૨૭)

*

પરિણામમાં બેસીને (ત્રિકાળી) વસ્તુને દેખવાથી, વસ્તુ ભિન્ન દેખાય છે. તેથી પરિણામથી ભિન્ન થવા માટે વસ્તુમાં બેસીને દેખવાનું છે, ત્યાં વસ્તુમાં અહંપણું (એકત્વ) થવાથી પર્યાયનું કાર્ય ભિન્ન દેખાવા લાગશે, અને (એવી) ભિન્નતા દેખાવાથી પર્યાય નાશ થવા છતાં પણ અહંપણું (દ્રવ્યમાં) તો ત્રિકાળ જ રહે છે, તેથી પર્યાય નાશ થતાં આકુળતા નહિ થાય. અને અહીં (ત્રિકાળીમાં) બેસવાથી સુખ-શાંતિ વધશે. (૧૩૩)

*

ખરી વાત એ છે કે બધી ધારણા (અજ્ઞાની પણ) સાચી કરી લે છે, પરંતુ પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખે છે, તેથી દ્રવ્ય જુદું ને જુદું પડયું રહે છે. પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખવાનું નથી પરંતુ દ્રવ્યમાં બેસીને દ્રવ્યને દેખવાનું છે. જેથી દ્રવ્યમાં અહંપણું પ્રસરી જાય છે (અભેદતા થાય છે). પર્યાયમાં બેસવાથી (એકતા કરવાથી) દ્રવ્ય તો દૂર જ પડયું રહે છે. (૧૩૮)

*

પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે પરિણામની અપેક્ષાએ અહીં (અંતરમાં) જ જામવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. વળી, તે વિકલ્પાત્મક નિર્ણયનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું-પરિણામમાં જતો જ નથી, એવો અભ્યાસ થતાં દૃષ્ટિ જામી જશે. (૧૬૦)

*

ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળીની અધિકતા કયારેય પણ છૂટવી જોઈએ નહિં, કથન ગમે તેવાં આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા કયારેય છૂટવી જોઈએ નહિ. (૧૬૩)

*

કોઈ તો ધારણા કરી રાખે છે, કોઈ ધારણા કરીને રટણ કરે છે, પરંતુ ભાઈ, ધારણા કરી કરીને તારે કોઈને દેખાડવું છે કે હું જાણકાર છું?

પ્રશ્ન:—પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિર્ણય માટે તો ધારણા જોઈએ ને?

ઉત્તર:—ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી, ધારણા ઉપર વજન નહિ આવવું જોઈએ. ધારણા હોવી જોઈએ ને! એવું વજન નહિ હોવું જોઈએ. સહજ હો. (૧૭૭) *

પ્રશ્ન:—ચિંતવન કરવું (જોઈએ) શું?

ઉત્તર:—ચિંતવન પણ ભઠ્ઠી લાગવી જોઈએ. તે પણ દુઃખભાવ લાગશે ત્યારે ત્યાંથી ઉઠશે. નહિ તો ત્યાંથી શા માટે ખસે? માર્ગમાં આવે છે તો ઠીક છે, પરંતુ તેને પણ દુઃખ-ભાવ જાણવો, તેમાં એકત્વ કરવું નહિ. ચિંતવન પણ ચિંતા છે—આકુળતા છે. ચિંતવન જ્યાંથી ઉઠે છે, તે ભૂમિમાં જામી રહો. (૧૭૮)

*

પ્રશ્ન:—ધારણા વિના અનુભવ થઈ શકે છે શું?

ઉત્તર:—ધારણા ન થાય અને અનુભવ થઈ જાય એ સવાલ જ અહીં નથી. અહીં તો કહે છે કે ધારણા થવા છતાં પણ અનુભવ નથી થતો. ધારણામાં "હું ચૈતન્યમૂર્તિ છું" એમ ટાંક્યું છે, તે જ સ્થળ પર જામી જાય ત્યારે અનુભવ થાય છે. (૧૮૫)

*

આ વાત સમજમાં આવવાથી 'કરું, કરું'નો બોજો તો હલકો થઈ જાય. પરંતુ આ ત્રિકાળી અપરિણામી ભાવનો અનુભવ થવો તે ખાસ વાત છે. તે અનુભવ કરો. (૨૦૧)

*

અપેક્ષાજ્ઞાન બરાબર હોવું જોઈએ. નહીં તો ખતવણીમાં ફેર થઈ જાય છે. કઈ અપેક્ષાએ કઈ વાત કેટલી મર્યાદા સુધી કહી છે—તેનો ખ્યાલ હોવો જોઈએ. (૨૧૦)

*

જલ્દી મુક્તિ જોઈએ તો બસ અહીં (ત્રિકાળીમાં) જ બિરાજમાન થઈ જાઓ. (૨૧૮)

*

પ્રશ્ન:—(અમને આત્મામાં) સ્થિરતા કેમ થતી નથી?

ઉત્તર:—ક્ષણિક પરિણામમાં અહંપણું છે. સ્થિરતત્ત્વને તો પકડ્યું નથી તો સ્થિરતા ક્યાંથી આવે? હું અપરિણામી સદાય સ્થિર જ છું. એવા ત્રિકાળી સ્થિર તત્ત્વમાં અહં-પણું થતાં જ પરિણામમાં સ્થિરતા સહજ આવશે, સ્થિરતા વધશે અને પૂર્ણતા પણ થશે. પહેલાં 'હું ત્રિકાળી સ્થિરતત્ત્વ છું' એવી દૃષ્ટિ થવી જોઈએ. (૨૨૧)

પ્રશ્ન :—વસ્તુ પકડાતી નથી તો ક્યાં અટકાયત થતી હશે? શું મહિમા નહિ આવતો હોય?

ઉત્તર :—એક સમયના પરિણામમાં અહંપણું રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય લેવો જોઈએ, તે લેતો નથી. (૨૨૭)

*

જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઉલટો છું, જો સુલટો હોત તો તુરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું? અરે ભાઈ! ઉલટા–સુલટાની વાત જ નથી. પરિણામથી છૂટયો તો ધ્રુવ પર જ આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે). ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે. (૨૨૯)

*

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી? તે રૂપ પરિણમી જવું. (૨૩૨)

*

'નિરાલંબી તત્ત્વ હું છું' તેની તો પૂરી મુખ્યતા હોવી જોઈએ. અને (પરાવલંબી-પણું) દીનતાનું પૂરેપૂરું દુઃખ માલૂમ પડવું જોઈએ. (૨૩૬)

*

સાંભળવાના કાળમાં પણ "હું નિરાલંબી તત્ત્વ છું" અહીંથી જ શરૂ કરવું જોઈએ. પછી સાંભળવા કરવાનો ભાવ આવશે, તોપણ મુખ્યતા નહિ રહે. (૨૪૧)

*

ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો, તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે. (૨૪૮)

*

(માત્ર) વિચાર કરવાથી વસ્તુનો પત્તો લાગતો નથી (આત્માનો અનુભવ થતો નથી.) વસ્તુ તો પ્રત્યક્ષ મોજૂદ છે, બસ તેમાં જ પ્રસરીને બેસી જવું—બિરાજમાન થઈ જવું. (૨૫૪)

*

પ્રશ્ન: --પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને?

ઉત્તર :-બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે એકત્વ કેમ છૂટે? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દૃષ્ટિ જમાવીને પરિણામ-માત્રથી એકત્વ ઉઠાવી લેવું. (૨૫૬)

*

પ્રશ્ન :-વૃત્તિ ઉઠતી જ રહે છે, તે કેવી રીતે રોકાય?

ઉત્તર :-એક સમયની વૃત્તિને તેમાં રહેવા દો. હું તો ત્રિકાળી, એક સમયની વૃત્તિમાં જતો જ નથી. ત્રિકાળીમાં અહંપણું થતાં જ વૃત્તિ પણ ખેંચાઈ આવશે. (૨૫૭)

*

(પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે, પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે. પ્રમાણ અભિન્ન જ કહે છે, તેમ નથી. ભિન્ન-અભિન્ન બન્ને (પ્રમાણ) કહે છે. પરંતુ એકાંત ભિન્ન છે એવું જોર દીધા વિના પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. "અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી" તે સત્ય છે. (૨૬૫))

*

પ્રશ્ન :—પરિણામ કઈ રીતે સુધરે?

ઉત્તર :—નિત્ય અપરિણામી ધ્રુવધામમાં દૃષ્ટિને બિરાજમાન કરવાથી પરિણામ સુધરવા લાગશે. (૨૬૭)

*

આખરે તો એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ એકાંતનો અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઈએ. (૨૬૮)

*

આ બધી (તત્ત્વની) વાત વિકલ્પાત્મક જાણી લેવાથી શાંતિ માની લેવી નહિ. અભેદ દૃષ્ટિ પ્રગટ કરવી. (૨૭૨)

*

પોતાના સહજ સુખની પિપાસા હોવી જોઈએ. જેટલી તીવ્ર પિપાસા તેટલું કામ જલ્દી થાય છે. (૨૯૨)

*

આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું

પ્રયોજન? બીજામાં રોકાશે તો પોતાનો કાળ વ્યર્થ ચાલ્યો જશે. (૩૦૨)

*

પ્રશ્ન:—સ્વ-પરની પ્રતીતિ કરવાનું તો શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર:—અરે, સ્વની પ્રતીતિ કરો! પરની પ્રતીતિ (પરમાં નહિ) તેમાં આવી જશે. પોતાની—ખુદની પ્રતીતિ કરો. (૩૨૭)

*

પ્રશ્ન :-પક્ષ અહીં (સ્વરૂપમાં) આવ્યા વિના કઈ રીતે કરે?

ઉત્તર :-અરે ભાઈ! વિકલ્પાત્મક ભાવમાં (નિર્ણયમાં) તો આ પક્ષ કરો! પછી અહીં (સ્વરૂપમાં) જામી જાઓ. (૩૩૦)

*

પરિણામનો વિવેક તો, જે અનંત સુખી થવા ચાહે છે, તેને સહજ હોવો જોઈએ. (૩૫૭)

*

પુરુષાર્થ કરું, જ્ઞાન કરું, તે અભિપ્રાય પણ હઠાવી દે. તું વર્તમાનમાં જ પુરુષાર્થની ખાણ છો. વર્તમાન પરિણામ પરની દૃષ્ટિ જુઠ્ઠી છે. (૩૫૮)

*

એટલી માત્ર વાત છે—જે ઉપયોગ પરમાં ઝૂકે છે, તેને સ્વમાં ઝુકાવવાનો છે. (૩૭૭)

*

પ્રશ્ન :-ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું?

ઉત્તર :-પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો. તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે, ન બાહરવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે. એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે. (૩૮૬)

*

બંધનરહિત સ્વભાવ માટે વાંચન, મનન, ઘૂંટણ કરું તો પક્કડમાં આવે, તે વાત જ નથી. તે તો હું ત્રિકાળી જ છું—એમ વર્તમાનમાં જ તેમાં થંભી જાઓ! (૩૯૪)

*

સાંભળવાની રુચિ તો બધાની (ચર્ચા સાંભળવાવાળાને લક્ષમાં લઈને) ઠીક છે, પરંતુ તેનાથી અનંતગુણી રુચિ અંદરની હોવી જોઈએ. (૪૧૩)

*

ખરેખર તો બળવાન વસ્તુનું બળ આવવું જોઈએ. (૪૧૬)

*

પોતાથી જ કામ થશે, તે તો પહેલાં પાકું થઈ જવું જોઈએ. પોતાનું બળ આવ્યા વિના તો કોઈ આધાર જ નથી. (૪૨૬)

*

"પહેલાં હું સમજી લઉં. (ધારણા કરી લઉં) પછી પ્રયાસ કરીશ." એમ તો કાર્ય થશે જ નહિ. (અંતર) પ્રયાસ તો સાંભળતાં જ ચાલુ થઈ જવો જોઈએ. પછી થોડી રુકાવટ આવે તો, તેને દૂર કરવા માટે સાંભળવા સમજવાનો ભાવ આવે છે, પરંતુ "હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું." ત્યાં ચોટ રાખીને (ચિત ચોંટાડીને) જ બધો પ્રયત્ન થવો જોઈએ. ત્યાંથી તો છૂટવું જ ન જોઈએ. (૪૨૮)

*

પરિણામમાં બેઠા છો, તો દ્રવ્યમાં બેસી જાઓ! પરિણામ તો કંપી રહ્યા છે, દ્રવ્ય નિષ્કંપ છે. કાંપતા પરિણામના આશ્રયે કાંપતા જ રહેશો. નિષ્કંપ દ્રવ્યના આશ્રયે નિષ્કંપતા થશે. (૪૩૦)

*

સંગ કરવાનો ભાવ આવે ત્યારે પણ, સંગ નથી કરવો—તે ભાવ તો કાયમ (મુખ્ય) રાખીને જ સંગનો ભાવ થવો જોઈએ. (૪૩૧)

*

વાસ્તવમાં દ્રવ્યનો પાકો પક્ષ આવી જવો જોઈએ. પર્યાયનો અનાદિનો પક્ષ છૂટી જવો જોઈએ. (૪૩૮)

*

પ્રશ્ન :-અંદરમાં તો કાંઈ દેખાતું નથી અને સ્થિરતા થતી નથી, તેથી સાંભળવાનો ભાવ રહે છે; શું કરીએ?

ઉત્તર :-આમાં તો વ્યવહારશ્રદ્ધા પણ ન આવી. સાંભળવાનો અભિપ્રાય જ ન હોવો જોઈએ. (સાંભળવાનો રાગ થવો અને અભિપ્રાય થવો બન્નેમાં બહુ ફેરક છે) સાંભળતા જ આ તરફનો (અંતર્મુખપણાનો) પ્રયાસ ચાલુ થઈ જવો જોઈએ. (૪૩૯)

*

વિચારતા રહેવાથી તો જાગૃતિ આવતી નથી. ગ્રહણ કરવાથી જ જાગૃતિ થાય છે. વિચારમાં તો વસ્તુ પરોક્ષ રહે છે અને ગ્રહણ કરવામાં વસ્તુ પ્રત્યક્ષ થાય છે. સાંભળતા

રહેવાથી અને વિચારતા રહેવાથી તો વસ્તુની પ્રાપ્તિ થતી નથી. ગ્રહણ કરવાનો જ અભ્યાસ શરૂ થવો જોઈએ. (૪૫૪)

*

પ્રશ્ન:—નજરમાં તો પરપદાર્થ આવે છે, સ્વવસ્તુ નજરમાં આવતી નથી તો શું કરવું?

ઉત્તર:—જે ક્ષેત્રમાં નજરનું પરિણમન થઈ રહ્યું છે, તે આખાને આખા ક્ષેત્રમાં વસ્તુ પડી છે. નજર જ્યાંથી ઉઠે છે, તે જ વસ્તુ છે; તો નજર જ્યાંથી ઉઠે છે ત્યાં જ વસ્તુને શોધો! (૪૫૮)

*

જે ચીજને પકડવી છે તેને પહેલાં પૂરી સમજી લેવી જોઈએ. (૪૬૪)

*

ધ્રુવતત્ત્વને સમજવા માટે પર્યાય સિવાય કોઈ બીજો ઉપાય જ નથી. તેથી પર્યાયથી જ બધી વાત કહેવામાં (સમજાવવામાં) આવે છે. (૪૬૬)

*

પહેલાં તો અસલ (નિરપેક્ષ) વાત નક્કી કરી લો. પછી અપેક્ષિત વાતોને સમજણમાં લો. એક બાજુ પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ બતાવે, બીજી બાજુ કેવળીના દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિંતન મોહક્ષયનું કારણ બતાવે. હવે પરદ્રવ્યનું ચિંતન રાગનું કારણ—તે તો સિદ્ધાંત છે. અને મોહક્ષયનું કારણ તો નિમિત્તની અપેક્ષાથી કહ્યું. આ રીતે બધી જગ્યાએ નિરપેક્ષ વાત કાઢીને પછી અપેક્ષિત વાત સમજી લેવી જોઈએ. (૪૭૩)

*

વાસ્તવમાં સાંભળવા વગેરેનો રસ ઓછો થઈ જવો જોઈએ. તે ઓછો ક્યારે થશે કે જ્યારે અંદરનો રસ વધતો જાય. ત્યારે તે બાજુથી રસ ઓછો થતો જાય, તો શરૂથી જ તે બાજુ જોર નહિ જવું જોઈએ. (૪૮૯)

*

પ્રશ્ન:-આ બધી વાત સાચી પણ વિકલ્પ તૂટતો નથી?

ઉત્તર:-વિકલ્પથી શા માટે ડરો છો? તેને પણ તેની સત્તામાં રહેવા દો, અને તમે તમારી ત્રિકાળી સત્તામાં રહો! વિકલ્પને તોડવા કરવા જશો તો તમારી ધ્રુવ સત્તાનો (શ્રદ્ધામાં) નાશ થશે. તો પણ આ વિકલ્પો તો નહિ તૂટે. (૪૯૧)

*

સ્વચ્છંદથી ડરો નહિ. અત્યાર સુધી (સ્વરૂપના અભાનમાં) સ્વચ્છંદ જ ચાલતો આવ્યો છે. હવે તો "સહજ સ્વચ્છંદ (સ્વમાં પ્રવૃત્તિરૂપ) દશા" પ્રગટ કરો. વિવેક આપોઆપ આવી જશે. (૪૯૫)

*

શાસ્ત્ર અહીંથી (આત્મામાંથી) નીકળે છે. તેથી અહીંથી નીકળેલી બધી વાતો શાસ્ત્રથી મળતી આવે છે. શાસ્ત્ર જોઈને અહીંનું મેળવવું નહિ, પરંતુ અહીંથી નિકળેલી વાત શાસ્ત્રથી મેળવી લેવી. (૫૦૨)

*

નિર્વિકલ્પતા ઉપર વજન ન દેવું (પર્યાય ઉપર વજન ન દેવું) તે મારાથી (ધ્રુવપદથી) થોડી મોટી છે? (૫૦૩)

*

પ્રશ્ન :–ગુરુદેવશ્રીની વાત પણ સારી લાગે છે અને બહારની અનુકૂળતા પણ સારી લાગે છે. પરંતુ ગુરુદેવશ્રી ફરમાવે છે કે એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી?

ઉત્તર :–એક શુભ છે, એક અશુભ છે. બન્ને જગ્યાએથી હઠીને ત્રીજી (શુભાશુભ રહિત) જગ્યાએ આવી જાઓ. (૫૧૭)

*

પહેલાં તો ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. ધારણામાં પણ અહીંનું (આત્માનું) લક્ષ હોવું જોઈએ. (૫૨૧)

*

ઉલ્લાસમાં ઉલ્લાસ આવી જાય, તે યોગ્ય નથી. (૫૨૬)

*

સાંભળવું, વાંચવું, ચર્ચા કરવી તે બધી ઉપર ઉપરની વાત છે. ખરેખર તો અંદરમાં જામી જવું જોઈએ. સ્વરૂપમાં ઊંડાં ઉતરી જવું જોઈએ. (૫૩૦)

*

પ્રશ્ન :–શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો?

ઉત્તર :–"હું પરિણામ માત્ર નથી" ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપવું—એ જ એક ઉપાય છે. (૫૩૨)

*

એક જ 'માસ્ટર કી' (Master Key) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે.—"ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે." (૫૩૩)

*

આ ( ધ્રુવ દૃષ્ટિ )નું બળ આવ્યા વિના (જીવ) બીજી જગ્યાએ અટકશે. (૫૩૫)

*

સાંભળવામાં પણ એકાંત ઉલ્લાસ નહિ હોવો જોઈએ. દીનતા લાગવી જોઈએ, ખેદ હોવો જોઈએ. (૫૫૧)

*

અમારે તો નિર્વિકલ્પતા પણ કરવી નથી. ધ્રુવસ્થળમાં બેસવાથી નિર્વિકલ્પતા પણ સહજ થઈ જાય છે. પહેલાં અભિપ્રાય બરાબર કરવો જોઇએ, પછી પરિણામ પણ બરાબર થવા લાગશે. (૫૫૯)

*

નિત્ય વસ્તુનો જ ભરોસો બરાબર કરવા યોગ્ય છે. (૫૬૪)

*

( હું ત્રિકાળીતત્ત્વ છું એમાં અહંપણું કરવું એ જ બાર અંગ ચૌદ પૂર્વનો સાર છે. અંગ પૂર્વમાં આ જ કહેવું છે. (૫૭૧) )

*

પ્રશ્ન :–અપરિણામીનો અર્થ શું? આત્મા પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે?

( ઉત્તર :–અપરિણામી અર્થાત્ દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ પર્યાયને ગૌણ કરીને હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું, એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાય, (જેને નિયમસારમાં કારણ શુદ્ધપર્યાય કહી છે) એને લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિવર્તનને પ્રાપ્ત થાય, તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ. અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઈ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ અને ધ્રુવ અપરિણામી ચૈતન્યતત્ત્વ એક જ સારભૂત છે, તેનું લક્ષ કર! પર્યાય પરિણમે છે તેનું પરિણમન થવા દે, તેની સામે ન જો! પરંતુ તે જ કાળે તું પરિપૂર્ણ અપરિણામી ધ્રુવતત્ત્વ છે તેને દેખ! )

( અહો! જગતના જીવોને, હું વર્તમાનમાં જ પરિપૂર્ણ, ધ્રુવ, અપરિણામી તત્ત્વ છું તે વાત રુચતી નથી અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનીશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે તેવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી. અને તે કારણથી જ તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી. (૫૮૦) )

*

પર્યાયને તેના સ્વકાળમાં રહેવા દો, એ તે કાળનું સત્ છે. તેમાં ઉપયોગ રોકવો નહિ. (૫૯૭)

*

હર સમયે દ્રવ્યસ્વભાવની અધિકતા રહેવી જોઈએ. તરણાની ઓથે ડુંગર દેખાતો નથી, તે રીતે દૃષ્ટિ પરિણામ ઉપર રોકાવાથી પરિણામી ઢંકાઈ જાય છે. (૫૯૯)

*

ક્ષણિકભાવ વ્યક્ત છે, તેને ગૌણ કરવો અને ત્રિકાળીભાવ અવ્યક્ત છે તેને મુખ્ય કરવો. (૬૦૩)

*

# 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ભાગ–૧માંથી ચૂંટેલા રત્નો

પ્રદેશે પ્રદેશે હું માત્ર ચૈતન્ય ચૈતન્ય તેમ જ આનંદ ને આનંદથી જ ઓતપ્રોત વસ્તુ હું છું. પર્યાયમાં સ્વરૂપરચના આપ મેળે જ થયા કરે છે, ઈચ્છાને તોડું, સ્વરૂપની વૃદ્ધિ કરું—એવા વિકલ્પોનો સહજ સ્વભાવમાં સહજ રીતે જ અભાવ છે. અરે! સહજ શુદ્ધ પર્યાયનો પણ જે ત્રિકાલી ધ્રુવ વસ્તુમાં સહજ જ અભાવ છે, એવી નિત્ય વસ્તુ હું છું, ત્રિકાલી પરિપૂર્ણ છું—એવી દૃષ્ટિ એક વાર અવશ્ય અવશ્ય થઈ જાય—તો બસ, સુખ સમુદ્રનો દરિયો એકદમ ઊમટી પડશે, પરને માટે વિકલ્પ કરવો નકામો છે. અરે! હું અન્યથી નિરપેક્ષ જ અત્યારે જ પરિપૂર્ણ છું, એકવાર આવી તીવ્ર ભાવના થવી જોઈએ, જેથી સામાન્ય વસ્તુના બોધનો અવસર આવે. 'પરમાં સાધવાનીપણું નહીં પણ સ્વમાં સાવધાનીપણું હોવું જોઈએ.' (પત્રાંક-૧૭)

*

વિકલ્પોમાં જાગૃતિ તો સદાય હેય હોવી જોઈએ, પછી ભલે તે સાક્ષાત્ તીર્થંકર-પ્રતિ પણ કેમ ન હોય! નિજ દ્રવ્યમાં અસ્તિત્વની નિરંતર શ્રદ્ધા તેમ જ સહજ અનુભવ રહેવાથી સહેજે જ વિકલ્પ તૂટવા લાગે છે, અને સહજ જ નિર્વિકલ્પ સ્વાદ આવવા લાગે છે, જેનું આસ્વાદન કર્યા પછી વિકલ્પોનો રસ સહેજે જ ઠંડો પડવા લાગે છે. (પત્રાંક-૧૮)

*

પર્યાય જ પર્યાયનો કર્તા છે, ત્રિકાળી અંશ અથવા આખું દ્રવ્ય નહી. આ કર્તા-કર્મની ચરમ સીમા છે. આથી પર્યાયમાં એકાકાર થવું યોગ્ય નથી. (પત્રાંક-૨૪)

*

ઉત્કૃષ્ટ પુણ્યયોગથી જ્ઞાન–આનંદની ખાણ સમાન અપૂર્વ સત્પુરુષ શ્રી ગુરુદેવ નિમિત્તરૂપે આપની સમીપ છે, જેમની નિરંતર ધ્વનિનો સંકેત તેમની તરફથી લક્ષ્ય હઠાવીને 'સ્વ'ની અંતરંગ ખાણનું લક્ષ્ય કરાવે છે, જ્યાંથી યથાર્થ ન્યાય, સુખ વગેરે ઊભરાતા રહે છે, તેથી સ્વ અસ્તિત્વમયી ત્રિકાળી આત્મામાં ફેલાઈને સુખાસ્વાદન કરો, જે સ્વાદના વશે દેવાદિક પ્રત્યે પણ ઉદાસીનતા થવા લાગે છે. આમાં અર્થાત્ પરમાં એકાંતે રસ તેમ જ જાગૃતિ હોવી—તે સ્વભાવના અરુચિપણાની સૂચક છે. હું વર્તમાનમાં જ પરિપૂર્ણ સુખનો સાગર છું, વર્તમાનમાં જ દેવાદિકથી અથવા એના આશ્રિત રાગથી જરાયે લાભ નથી. લાભ માનવો એ જ સ્વનો અલાભ છે. આ ન્યાય તીરની જેમ બાહ્ય વૃત્તિના લક્ષ-પ્રતિ અસર કરે તો વર્તમાનમાં જ સ્વભાવોન્મુખ-પ્રયત્ન થાય. (પત્રાંક-૩૧)

*

૧. દેવાદિક પ્રત્યેની વૃત્તિથી સ્વરૂપની દઢતા નિશ્ચયે નથી જ થતી.

૨. મન આશ્રિત (વિચાર પૂર્વકની) માન્યતાથી યથાર્થ અખંડ આશ્રિત સહજ આંશિક વૃત્તિનો સદ્ભાવ થઈ શકતો નથી. (પત્રાંક-૩૩)

*

ત્રિકાલી અખંડ જ્ઞાનાનંદ સ્વભાવમાં અસ્તિત્વરૂપી શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતા નિરંતર કાયમ રહે—જેના અનુભવમાં પરિણામ માત્રના અકર્તાપણાનો સહજ અનુભવ થતો રહે; પરિણામનો કર્તા પરિણામ અંશ છે, હું ત્રિકાળી અંશ નહિ.

આ પ્રકારના એક જ સમયમાં પરિણામના કર્તા અને અકર્તાપણાના અનુભવની વૃદ્ધિ થતાં થતાં પૂર્ણ જ્ઞાનનો સહજ જ અનુભવ થશે. આ જ વાંચન તેમ જ વિચારણા છે. (પત્રાંક-૩૪)

*

જ્ઞાનભંડાર આત્મામાંથી જ્ઞાન ઊઘડતું રહે છે, શાસ્ત્રોથી નહીં; એ અલૌકિક સિદ્ધાંત વિચારણીય છે. ભવિષ્યની ક્ષણમાં કેવા પરિણામ થશે તેનું વર્તમાન ક્ષણમાં આપણને જ્ઞાન નથી, તો ભવિષ્યને માટે શા ખાતર વ્યર્થની કલ્પના! પરિણામથી અલગ શરીરાદિ ક્રિયામાં તો આપણું કોઈ કર્તૃત્વ છે નહિ, તો પછી એને આશ્રિત વિભાવ-પરિણામોનો વ્યર્થ બોજો શા માટે લાદવામાં આવે!

ઉદ્દેશ્યનો નિર્ણય કરવો સહજ છે; પરંતુ તેની પ્રાપ્તિમાં વધુ સમય લાગે છે. યથાર્થ નિર્ણય પછી જ યથાર્થની પ્રાપ્તિ થાય છે અનુભૂતિ જ યથાર્થ નિર્ણયની નિ:શંકતા બતાવી શકે છે. (પત્રાંક-૩૫)

*

બાહ્ય નિમિત્ત અને નિમિત્ત આશ્રિત નિજ ભાવથી કોઈ પણ લાભ થતો નથી. આ સિદ્ધાંત લક્ષ્યમાં રાખીને નિજ ત્રિકાળી પોતાના સ્થિર સ્વભાવમાં જ પરિણિતિ સ્થિર થતી જાય—એવી અનુભૂનિ પ્રાપ્ત થાય એ શ્રેયસ્કર છે. (પત્રાંક-૩૮)

*

'નિ:શંક નિર્ણયને માટે કેવા પ્રકારનું રટણ, પુરુષાર્થ આદિ હોવા જોઈએ' (લખ્યું, તો લખવાનું) કે, સ્વ-અસ્તિત્વની યથાર્થ સમજમાં બધી વાતનો સમાવેશ થઈ જાય છે. પ્રમાણ જ્ઞાનનો વિષય નિત્ય અને અનિત્ય અથવા ત્રિકાળી ધ્રુવ અને ક્ષણિક—એવી પરિણામી વસ્તુ એકી સાથે હું છું. એ બન્ને પ્રકારનો અનુભવ એક જ સમયે થતાં નિ:શંકતા આવી જાય છે. સંસારી (અજ્ઞાની) જીવને કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ માત્ર પરિણામનાં વેદનની પ્રસિદ્ધિ છે, એ જ સમયે ત્રિકાલીરૂપ સ્વઅસ્તિત્વની નહિ. (પત્રાંક-૩૯)

*

વિનય ભાવોનું એકાંત વેદન ન હોવું જોઈએ. સહજ સામર્થ્યમાં ફેલાવાથી સ્વરૂપના બળથી સહજ જ પરિણામોમાં ઘસડાઈ નહીં જવાય, તે પરિણામોનું વેદન જ્ઞાયકભાવની મુખ્યતામાં હેય બુદ્ધિએ ગૌણ (ક્ષણે ક્ષણે) થતું જશે. પરાશ્રિત વિનયભાવ દુઃખભાવ છે તે ઉપાદેય કેવી રીતે બની શકે? (પત્રાંક-૪૦)

*

પૂ. ગુરુદેવ કહે છે કે તમે પોતે અક્રિય ચૈતન્યઢીમ છો. આ અગાધ સાગરનો સહજ અનુરાગ કરો. પરાશ્રિત અનુરાગ તો એકાંતે દુઃખ છે. સુખાભાસી થઈને તેના રસને લંબાવવો ઉચિત નથી. પોતે તો એકાંત સહજ જ્ઞાનસુખથી તરબોળ અને ઠાંસો ઠાંસ ચૈતન્યઢીમ બનીને ઠરી જાઓ. વિકલ્પ અને નિર્વિકલ્પ જેવી પણ અવસ્થા થાય તે થવા દો. (પત્રાંક-૪૨)

*

હવે તો સાંભળવા-સંભળાવવામાં પણ થાક માલૂમ પડે એવી પરિણતિ જાગૃત થવી જોઈએ. નિત્ય સુખધામ સ્વક્ષેત્રમાં અડગ-સ્થિર થતાં જ ઉત્પન થયેલા એકાંત સહજ સુખમાં પ્રત્યક્ષ અનુભવ થશે. કંઈ કરવું—કરાવવું નથી, માત્ર સ્વ-અસ્તિત્વમાં દૃષ્ટિ ફેલાવી દઈ એકાંતે થંભી જવાનું છે. ધ્રુવ જ્ઞાનાનંદમૂર્તિ અનંત ગુણોની ખાણ છું. પરિણમન ક્રિયાઓ સહજ થઈ રહી છે. નિત્ય અને ક્ષણિક બંને ભાવોનો એક જ સમયે સહજ અનુભવ વર્તતો રહે એવો પરમ ઉપકારી શ્રી ગુરુદેવનો આશય છે તેથી તે અભ્યાસમાં રહો. માત્ર ક્ષણિક વેદન જ ન પ્રતિભાસો. (પત્રાંક-૪૫)

*

ચિંતા કે રાગ તો પોતાને હાનિકારક છે, સ્વમાં અથવા પરમાં અકાર્યકારી છે; તેથી હરેક સમયે સ્વભાવ-બળથી સહજ નિષેધપૂર્વક થાય તો (રાગ અને ચિંતાનું) ફળ આદરણીય થઈ શકતું નથી. (પત્રાંક-૪૭)

*

નિત્ય શુદ્ધ સુખ-સાગરના રસ પ્રતિ વૃત્તિ દ્વારા આસ્વાદન કરતા રહેવું એ જ પ્રત્યેક આત્માને માટે પરમ કાર્ય છે, અન્ય સર્વ અકાર્ય છે. જેમ બને તેમ પર સન્મુખ રસ શિથિલ કરો-ક્ષય કરો, સ્વસન્મુખ આનંદમાં નિરંતર લીનતા એ સ્થિતિને પૂર્ણપણે પ્રગટ કરી દેશે. નિકટ આત્માર્થીને આ હેતુ સિવાય અન્ય લક્ષ્ય કિંચિત્ પણ નથી હોતું, નહિતર સંસાર પ્રત્યેનાં દુઃખોથી જરાપણ છૂટવાનું નહિ થઈ શકે. (પત્રાંક-૫૧)

*

# 'શ્રીમદ્ રાજચંદ્રજીનાં' વચનામૃતમાંથી ચૂંટેલા રત્નો

અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે. —(પૃષ્ઠ : ૩, વર્ષ : ૧૭મા પહેલાં)

*

જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે:—

(૧) તું જે સ્થિતિ ભોગવે છે તે શા પ્રમાણથી ?

(૨) આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?

(૩) તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી ?

(૪) ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે ? —(પૃષ્ઠ : ૩, વર્ષ : ૧૭મા પહેલાં)

*

જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે. — (પૃષ્ઠ : ૫, વર્ષ : ૧૭મા પહેલાં)

*

આહાર કરવો તો પુદ્ગલના સમૂહને એકરૂપ માની કરવો, પણ લુબ્ધ થવું નહીં.

—(પૃષ્ઠ : ૧૦, વર્ષ : ૧૭મા પહેલાં)

*

આત્મશ્લાઘા ચિંતવવી નહીં. —(પૃષ્ઠ : ૧૦, વર્ષ : ૧૭મા પહેલાં)

*

એક ચિત્ત આત્મા ધ્યાવો. પ્રત્યક્ષ અનુભવ થશે. —(પૃષ્ઠ : ૧૧, વર્ષ : ૧૭મા પહેલાં)

*

આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું કોઈ નથી.

—(પૃષ્ઠ : ૧૮, વર્ષ : ૧૭મા પહેલાં)

*

સઘળા મહા વિકારોમાં કામવિકાર એ અગ્રેસર છે. —(પૃષ્ઠ : ૨૫, વર્ષ : ૧૭મા પહેલાં)

*

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;<br>
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ. —(પૃષ્ઠ : ૩૧, વર્ષ : ૧૭મા પહેલાં)

*

શાતાવેદની છે; સત્સુખ નથી. —( પૃ૦ ૧૦૪, વર્ષ ૧૭મું )

*

ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે; આચરણથી પણ અસર કરી શકે.

—( પૃ૦ ૧૦૫, વર્ષ ૧૭મું )

*

જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મૂંઝાયા પડ્યા છે તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી, માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. તેને કાળ અચાનક લઈને ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નિર્મૂલ્ય કરી નાખે છે જેથી તે નિરંતર દુઃખી જ છે. —( પૃ૦ ૧૦૬, વર્ષ ૧૭મું )

*

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?

—( પૃ૦ ૧૦૭, વર્ષ ૧૭મું )

*

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!!

—( પૃ૦ ૧૦૭, વર્ષ ૧૭મું )

*

પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી, વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

—( પૃ૦ ૧૨૫, વર્ષ ૧૭મું )

*

જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારું છે; મમત્વ કે રાગ છે ત્યાં સત્યતત્ત્વ નથી એ વાત આપણે શા માટે ન વિચારવી ! —( પૃ૦ ૧૨૭, વર્ષ ૧૭મું )

*

પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમજ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ

દર્શાવું છું. પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી શાસનની ઉન્નતિ પણ નથી. —(પૃ૦ ૧૨૭, વર્ષ ૧૭ મું)

*

લોકનિંદાથી ડરું નહિં. —(પૃ૦ ૧૩૭, વર્ષ ૨૦મું)

*

માયાવીને વિદ્વાન કહું નહીં. —(પૃ૦ ૧૩૮, વર્ષ ૨૦મું)

*

આજીવિકા માટે ધર્મ બોધું નહીં. —(પૃ૦ ૧૪૦, વર્ષ ૨૦મું)

*

સત્ય વસ્તુનું ખંડન કરું નહીં. —(પૃ૦ ૧૪૦, વર્ષ ૨૦મું)

*

તત્ત્વ આરાધતાં લોકનિંદાથી ડરું નહીં. —(પૃ૦ ૧૪૦, વર્ષ ૨૦મું)

*

તત્ત્વ આપતાં માયા કરું નહીં. —(પૃ૦ ૧૪૦, વર્ષ ૨૦મું)

*

ગુરુનો ગુરુ બનું નહીં. (૨૪) —(પૃ૦ ૧૪૧, વર્ષ ૨૦મું)

*

ગુણ વગરનું વક્તૃત્વ સેવું નહીં. —(પૃ૦ ૧૪૧, વર્ષ ૨૦મું)

*

ખોટી પ્રશંસા કરું નહીં. —(પૃ૦ ૧૪૪, વર્ષ ૨૦ મું)

*

પ્રતિમાને નિંદું નહીં. —(પૃ૦ ૧૪૬, વર્ષ ૨૦ મું)

*

તત્ત્વને જ ગ્રહણ કરું. —(પૃ૦ ૧૪૭, વર્ષ ૨૦ મું)

*

નિર્માલ્ય અધ્યયન કરું નહીં. —(પૃ૦ ૧૪૭, વર્ષ ૨૦ મું)

*

માનાર્થે કૃત્ય કરું નહીં. —(પૃ૦ ૧૫૩, વર્ષ ૨૦ મું)

*

કીર્ત્યર્થે પુણ્ય કરું નહીં. —(પૃ૦ ૧૫૩, વર્ષ ૨૦ મું)

*

કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે. —(પૃ૦ ૧૫૫, વર્ષ ૨૦મું)

*

હજારો ઉપદેશવચનો, કથન સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે. —( પૃ૦ ૧૫૫, વર્ષ ૨૦મું )

*

પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો. —( પૃ૦ ૧૫૫, વર્ષ ૨૦મું )

*

મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે. —( પૃ૦ ૧૫૫, વર્ષ ૨૦મું )

*

નિર્ગ્રંતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઈને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો. —( પૃ૦ ૧૫૬, વર્ષ ૨૦મું )

*

યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં. —( પૃ૦ ૧૫૬, વર્ષ ૨૦મું )

*

નિર્મળ અંતઃકરણથી આત્માનો (પાઠાન્તરઃગુપ્ત ચમત્કારનો) વિચાર કરવો યોગ્ય છે. —( પૃ૦ ૧૫૬, વર્ષ ૨૦મું )

*

એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. —(પૃ૦ ૧૫૭, વર્ષ ૨૦મું )

*

જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જુઓ. —(પૃ૦ ૧૫૭, વર્ષ ૨૦ મું )

*

સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે. —(પૃ૦ ૧૫૮, વર્ષ ૨૦મું )

*

આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્‌ગુરુ થવાને યોગ્ય નથી. —(પૃ૦ ૧૫૮, વર્ષ ૨૦મું )

*

મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે; પ્રમાદી થઈ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો, યોગ્ય છે; અને કષાયી થઈ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે; જડ થઈ ગયું હોય તો 'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે. — (પૃ૦ ૧૬૫, વર્ષ ૨૦ મું )

*

જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું. — (પત્રાંક: ૩૭, પૃ૦ ૧૬૯, વર્ષ ૨૧ મું )

*

ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો.

—(પત્રાંક : ૩૭, પૃ૦ ૧૬૯, વર્ષ ૨૧ મું)

*

(જેની) તેની ઇચ્છા માત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતુંવળગતું કે લેવાદેવા નથી. એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય તે ભણી હવે જવા ઇચ્છા નથી. —(પત્રાંક : ૩૭, પૃ૦ ૭૦, વર્ષ ૨૧મું)

*

"ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતરૂસંશોધનથી તે પ્રાપ્ત થાય છે, તે અંતરૂસંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે. —(પત્રાંક: ૪૭, પૃ૦ ૧૭૮, વર્ષ ૨૨ મું)

*

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે. —(પત્રાંક: ૪૭, પૃ૦ ૧૭૯, વર્ષ ૨૨ મું)

*

સ્યાત્પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી. તો પછી ધર્મપ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઈએ.

—(પત્રાંક: ૪૭, પૃ૦ ૧૭૯, વર્ષ ૨૨ મું)

*

વિકારચેષ્ટાનો કાયાએ અનુભવ કરતાં પણ ઉપયોગ નિશાન પર જ રાખવો.

—(પત્રાંક: ૭૮, પૃ૦ ૧૯૬, વર્ષ ૨૨ મું)

*

દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે. —(પત્રાંક: ૮૪, પૃ૦ ૨૦૧, વર્ષ ૨૩ મું)

*

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

—(પત્રાંક: ૮૫, પૃ૦ ૨૦૧, વર્ષ ૨૩ મું)

*

હે આત્મન્! તેં જો આ મનુષ્યપણું કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત કર્યું છે, તો તારે પોતામાં પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઈએ. આ મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈ પણ જન્મમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય નથી થતો. આ કારણથી આ ઉપદેશ છે.

—(પત્રાંક : ૧૦૨, પૃ૦ ૨૦૯, વર્ષ ૨૩ મું)

*

હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું.

અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં.

અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ. * —(પત્રાંકઃ ૧૦૮, પૃ૦ ૨૧૨, વર્ષ ૨૩ મું)

તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું. —(પત્રાંકઃ ૧૦૮, પૃ૦ ૨૧૨, વર્ષ ૨૩ મું)

*

એક જન્મ અને તે થોડા જ કાળનો પ્રારબ્ધાનુસાર ગાળી લેવો તેમાં દૈન્યતા ઉચિત નથી. —(પત્રાંક : ૧૨૦, પૃ૦ ૨૧૮, વર્ષ ૨૩ મું)

*

લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.

લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

—(પત્રાંક : ૧૨૮, પૃ૦ ૨૨૨, વર્ષ ૨૩ મું)

*

કોઈ એક સત્પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.

—(પત્રાંક : ૧૪૩, પૃ૦ ૨૨૯, વર્ષ ૨૩ મું)

*

દૃષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે; અને દેખાયાથી ક્ષય થઈ શકે. —(પત્રાંકઃ ૧૫૭ (રોજનીશી–૧૬), પૃ૦ ૨૩૬, વર્ષ ૨૩ મું)

*

માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડયા વિના છૂટકો થતો નથી; તો જ્યારથી એ વાકય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું. —( પત્રાંક : ૧૬૬, પૃ૦ ૨૪૬, વર્ષ ૨૪ મું )

*

જીવને સંસારપરિભ્રમણનાં જે જે કારણો છે, તેમાં મુખ્ય પોતે જે જ્ઞાન માટે શંકિત છીએ, તે જ્ઞાનનો ઉપદેશ કરવો, પ્રગટમાં તે માર્ગની રક્ષા કરવી, હૃદયમાં તે માટે ચળવિચળપણું છતાં પોતાના શ્રદ્ધાળુને એ માર્ગ યથાયોગ્ય જ છે એમ ઉપદેશવું, તે સર્વથી મોટું કારણ છે. —(પત્રાંકઃ ૧૭૬, પૃ૦ ૨૫૨, વર્ષ ૨૪ મું)

*

પોતે શંકામાં ગળકાં ખાતો હોય, એવો જીવ નિઃશંક માર્ગ બોધવાનો દંભ રાખી આખું જીવન ગાળે એ તેને માટે પરમ શોચનીય છે.

એમ જ બીજા અનંતા જીવ પૂર્વકાળે રખડયા છે, વર્તમાનકાળે રખડે છે, ભવિષ્યકાળે રખડશે. —(પત્રાંકઃ ૧૭૬, પૃ૦ ૨૫૨, વર્ષ ૨૪ મું)

*

જેની પાસેથી ધર્મ માગવો તે પુરુષ ધર્મ પામ્યા વિષેની પૂર્ણ ચોકસી કરવી, આ સંતની સમજવા જેવી વાત છે. —(પત્રાંકઃ ૧૭૮, પૃ૦ ૨૫૪, વર્ષ ૨૪ મું)

*

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

— (પત્રાંકઃ ૧૯૪, પૃ૦ ૨૫૯, વર્ષ ૨૪ મું)

*

જીવને બે મોટાં બંધન છે: એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ; અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે, તેણે સર્વસંગથી ત્યાગી થવું જોઈએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. સ્વચ્છંદ જેનો છેદાયો છે તેને જે પ્રતિબંધ છે, તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે.

—( પત્રાંક : ૧૯૬, પૃ૦ ૨૬૧, વર્ષ ૨૪મું )

*

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે; એવો નિશ્ચય કરવો જોઈએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઈએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે. —( પત્રાંક : ૧૯૯, પૃ૦ ૨૬૨, વર્ષ ૨૪ મું )

*

ધર્મને રૂપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયું છે; એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.

—( પત્રાંક : ૧૯૯, પૃ૦ ૨૬૨, વર્ષ ૨૪મું )

*

જીવ પોતાને ભુલી ગયો છે, અને તેથી સત્સુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે. —(પત્રાંક : ૨૦૦, પૃ૦ ૨૬૨ વર્ષ ૨૪ મું)

*

પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિ:શંક માનવું. —(પત્રાંક: ૨૦૦, પૃ. ૨૬૨, વર્ષ ૨૪મું)

*

જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે. —(પત્રાંક : ૨૦૦, પૃ૦ ૨૬૨, વર્ષ ૨૪ મું)

*

જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડયો.

—(પત્રાંક : ૨૦૦, પૃ૦ ૨૬૨, વર્ષ ૨૪મું)

*

પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે; પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે, અને તે એ કે "અનાદિ કાળથી જેટલું જાણ્યું છે, તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું."

—(પત્રાંક : ૨૦૭, પૃ૦ ૨૬૬, વર્ષ ૨૪મું)

*

'સત્' જે કંઈ છે, તે 'સત્' જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય; તેમ જ આવરણ—તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના 'સત્' જણાતી નથી, અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે, એમાં નિર્ગ્રંથ પ્રવચનની

સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો; વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; અને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈપણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં 'સત્' જ કહ્યું છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.
—(પત્રાંક : ૨૧૧, પૃ૦ ૨૬૭–૨૬૮, વર્ષ ૨૪મું)

*

જેના વચનબળે જીવ નિર્વાણ માર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણીવાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન કવચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન્ હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે.
—(પત્રાંક : ૨૧૨, પૃ૦ ૨૬૮, વર્ષ ૨૪મું)

*

અભેદદશા આવ્યા વિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે તે બંધાય છે.
—(પત્રાંક : ૨૧૪, પૃ૦ ૨૭૦, વર્ષ ૨૪મું)

*

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગ પ્રાપ્તિને' રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ દૈન્યતાની (પાઠાંતર : પરમ વિનયની) ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિ:શંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ—નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. —(પત્રાંક : ૨૫૪ પૃ૦ ૨૮૮-૨૯૦, વર્ષ ૨૪મું)

*

તૃષાતુરને પાયાની મહેનત કરજો.

અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો. જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો. —(પત્રાંક : ૨૬૩, પૃ૦ ૨૯૨, વર્ષ ૨૪મું)

*

જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી એ પરમ ફળ છે. —(પત્રાંક ૨૬૩, પૃ૦ ૨૯૫, વર્ષ ૨૪મું)

*

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?

—(પત્રાંક : ૨૬૪, પૃ૦ ૨૯૬, વર્ષ ૨૪મું)

*

નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

—(પત્રાંક : ૨૬૭, પૃ૦ ૨૯૭, વર્ષ ૨૪મું)

*

જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે. —(પત્રાંક : ૨૭૨, પૃ૦ ૨૯૯, વર્ષ ૨૪મું)

*

જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે. —(પત્રાંક : ૨૭૪, પૃ૦ ૨૯૯, વર્ષ ૨૪મું)

*

ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.

—(પત્રાંક : ૨૯૯, પૃ૦ ૩૦૬, વર્ષ ૨૫મું)

*

જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. —(પત્રાંક : ૩૧૯, પૃ૦ ૩૧૩, વર્ષ ૨૫મું)

*

કોઈ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો; એમ કરવું અથવા થવું એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

—(પત્રાંક : ૩૨૯, પૃ૦ ૩૧૭, વર્ષ ૨૫મું)

*

ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્ત પણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે.

— (પત્રાંક ૩૩૧, પૃ૦ ૩૧૮, વર્ષ ૨૫ મું)

*

જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે; તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. — (પત્રાંક : ૩૩૭, પૃ૦ ૩૨૦, વર્ષ ૨૫મું)

*

જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્‌દર્શન થાય છે. —(પત્રાંક : ૩૫૮, પૃ૦ ૩૨૫, વર્ષ ૨૫મું)

*

જો જીવને (આત્મ-શાન્તિનું) પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં. —(પત્રાંક : ૩૬૦, પૃ૦ ૩૨૬, વર્ષ ૨૫મું)

*

જ્ઞાનીને વિષે જો કોઈ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે, તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ વિશેષ ઉત્પન્ન થાય છે. ઘણું કરીને જ્ઞાની તેવો પ્રતિબંધ કોઈને પોતા થકી ઉત્પન્ન ન થાય એમ વર્તે છે. —(પત્રાંક : ૩૬૮, પૃ૦ ૩૨૮, વર્ષ ૨૫મુ)

*

અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે.

—(પત્રાંક : ૩૭૧, પૃ૦ ૩૩૦, વર્ષ ૨૫ મું)

*

ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મરણ હોય છે.

—(પત્રાંક : ૩૭૪, પૃ૦ ૩૩૧, વર્ષ ૨૫ મું)

*

જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યાં છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે; એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

—(પત્રાંક : ૩૭૫, પૃ૦ ૩૩૧, વર્ષ ૨૫મું)

*

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે. —(પત્રાંકઃ ૩૭૫, પૃ૦ ૩૩૧-૩૩૨, વર્ષ ૨૫ મું)

*

જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી. જેને જગતની ઇચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય એમ જણાય છે.

—(પત્રાંકઃ ૩૮૯, પૃ૦ ૩૩૮, વર્ષ ૨૫ મું)

*

અલ્પ એવું જ્ઞાન, અથવા જ્ઞાનપ્રધાનદશા તે અસુગમ એવા માર્ગ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે;

તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાન દશા આરાધવા યોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે.

— (પત્રાંક : ૩૯૪, પૃ૦ ૩૪૦, વર્ષ ૨૫ મું)

*

જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ, કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે.

— (પત્રાંક: ૪૦૩, પૃ૦ ૩૫૧, વર્ષ ૨૫ મું)

*

જ્ઞાનીપુરુપને મળીને જે આત્મભાવે, સ્વચ્છંદપણે, કામનાએ કરી, રસે કરી, જ્ઞાનીનાં વચનની ઉપેક્ષા કરી, 'અનુપયોગપરિણામી' થઈ સંસારને ભજે છે, તે પુરુષ તીર્થંકરના માર્ગથી બહાર છે. — (પત્રાંક : ૪૧૪, પૃ૦ ૩૫૫, વર્ષ ૨૫ મું)

*

શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્યવિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડયે તથા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજવાની યોગ્યતા થયે જે સદ્ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે. ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે, અથવા તો જ્ઞાનરહિત ગુરુ કે પરિગ્રહાદિઇચ્છક ગુરુઓ, માત્ર પોતાનાં માન-પૂજાદિની કામનાએ ફરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે; અને ઘણું કરીને ક્વચિત્ જ એવું નહીં હોય. જેથી એમ જણાય છે કે કાળનું દુષમપણું છે.

વર્તમાનકાળ દુષમ કહ્યો છે છતાં તેને વિષે અનંત ભવને છેદી માત્ર એક ભવ બાકી રાખે એવું એકાવતારીપણું પ્રાપ્ત થાય એવું પણ છે. માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી, ઉપર કહ્યા તેવા પ્રવાહોમાં ન પડતાં યથાશક્તિ વૈરાગ્યાદિ અવશ્ય આરાધી સદ્ગુરુનો યોગ પ્રાપ્ત કરી કષાયાદિ દોષ છેદ કરવાવાળો એવો અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો. — (પત્રાંક : ૪૨૨, પૃ૦ ૩૬૧, વર્ષ ૨૬ મું)

*

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતાં જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુ:ખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ-અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી. પ્રગટ એવા યમને સમીપ દેખતાં છતાં જેને દેહને

વિષે મૂર્ચ્છા નથી વર્તતી તે પુરુષને નમસ્કાર છે. એ જ વાત ચિંતવી રાખવી અમને તમને પ્રત્યેકને ઘટે છે. —(પત્રાંક: ૪૨૫, પૃ૦ ૩૬૨, વર્ષ ૨૬મું)

*

જીવ જો અજ્ઞાનપરિણામી હોય તો તે અજ્ઞાન નિયમિતપણે આરાધવાથી જેમ કલ્યાણ નથી, તેમ મોહરૂપ એવો એ માર્ગ અથવા એવા એ લોક સંબંધી માર્ગ તે માત્ર સંસાર છે; તે પછી ગમે તે આકારમાં મૂકો તોપણ સંસાર છે, તે સંસારપરિણામથી રહિત કરવા અસંસારગત વાણીનો અસ્વચ્છંદપરિણામે જ્યારે આધાર પ્રાપ્ત થાય છે, ત્યારે તે સંસારનો આકાર નિરાકારતાને પ્રાપ્ત થતો જાય છે.

— (પત્રાંક: ૪૩૦, પૃ૦ ૩૬૩, વર્ષ ૨૬ મું)

*

આ ક્ષેત્ર આપણું છે, અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે તે ક્ષેત્રપ્રતિબંધ છે. તીર્થંકરદેવ તો એમ કહે છે કે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી એ ચારે પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય અથવા નિર્ગ્રંથ થવાતું હોય તો તે તીર્થંકરના માર્ગમાં નહીં, પણ સંસારના માર્ગમાં છે.

—(પત્રાંક : ૪૩૦, પૃ૦ ૩૬૪, વર્ષ ૨૬ મું)

*

ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે; એક પારમાર્થિક અને એક વ્યાવહારિક; અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે, આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી; સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી; તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે.

— (પત્રાંક: ૪૩૭, પૃ૦ ૩૬૭, વર્ષ ૨૬ મું)

*

મુમુક્ષુ જીવને તે તે (પ્રતિકૂળ) પ્રસંગો સુખદાયક માનવા ઘટે છે, કે જે પ્રસંગને કારણે આત્મસાધન સુઝે છે. —(પત્રાંક : ૪૪૭, પૃ૦ ૩૭૧, વર્ષ ૨૬ મું)

*

કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે; તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે; અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ અનાદિના જીવના ત્રણ દોષ છે. જ્ઞાની-પુરુષનાં વચનની પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી, અજ્ઞાનની નિવૃત્તિ હોય છે.

તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે અને જ્ઞાનીપુરુષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.

—( પત્રાંક : ૪૪૯, પૃ૦ ૩૭૨, વર્ષ ૨૬ મું )

*

આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે; જે કારણોમાં ઉદાસીન થયા વિના, નિ:સત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી, એમ માન્યા વિના, નિ:સત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્‌ગુરુ જે આત્મસ્વરૂપને આવરણનાં મુખ્ય કારણો છે, તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે. જ્ઞાનીપુરુષનાં પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવાં વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.

—(પત્રાંક : ૪૪૯, પૃ૦ ૩૭૨, વર્ષ ૨૬ મું)

*

હવે એવો નિશ્ચય કરવો ઘટે છે, કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે. તે આત્મારૂપ પુરુષના સત્સંગની નિરંતર કામના રાખી ઉદાસીનપણે લોકધર્મસંબંધી અને કર્મસંબંધી પરિણામે છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો; જે વ્યવહાર કર્યામાં જીવને પોતાની મહત્તાદિની ઇચ્છા હોય તે વ્યવહાર કરવો યથાયોગ્ય નથી.

—( પત્રાંક : ૪૪૯, પૃ૦ ૩૭૨–૩૭૩, વર્ષ ૨૬ મું )

*

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્‌પ્રકારે અહિયાસવા યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્‌પ્રકાર રૂડા જીવોને પણ સ્થિર રહેવો કઠણ થાય છે; તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં, કેટલીક રીતે તે સમ્યક્‌પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્‌પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત

થયે ફરી તે વેદના કોઈ કર્મોનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. જોકે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહા દુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે, તે વહેલે મોડે ફળીભૂત થાય છે.

— (પત્રાંક : ૪૬૦, પૃ૦ ૩૭૮–૩૭૯, વર્ષ ૨૬ મું)

*

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઈચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

— (પત્રાંક : ૪૬૦, પૃ૦ ૩૭૯, વર્ષ ૨૬ મું)

*

જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.

— (પત્રાંક : ૪૬૬, પૃ૦ ૩૮૨, વર્ષ ૨૬ મું)

*

અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાની-પુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે, અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે. બીજી બાજુઓથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે; અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે,

અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે, પણ વાસ્તવ્યપણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી; માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.

—(પત્રાંક : ૪૬૭, પૃ૦ ૩૮૩, વર્ષ ૨૬મું)

*

જે વિદ્યાથી ઉપશમગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.

—(પત્રાંક : ૪૮૩, પૃ૦ ૩૫૦, વર્ષ ૨૭મું)

*

વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂલ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે.

—(પત્રાંક : ૪૯૨, પૃ૦ ૩૯૪, વર્ષ ૨૭મું)

*

જીવને મૂળપણે જોતાં જો મુમુક્ષુતા આવી હોય તો નિત્ય પ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે. સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે કે નહીં તે અનિયત છે, પણ સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે; અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય; આ કાળમાં એ વાત ઘણું કરી જોવામાં આવતી નથી. કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ, અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઈ વિચાર થાય છે કે આવા સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં; પણ અધોદશા થવી ઘટે. વળી સત્સંગનો કંઈ પ્રસંગ થયો છે એવા જીવની વ્યવસ્થા પણ કાળદોષથી પલટતાં વાર નથી લાગતી. —(પત્રાંક : ૪૯૫, પૃ૦ ૩૯૭, વર્ષ ૨૭મું)

*

જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, મહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

જે જીવ સત્પુરુષનો નિશ્ચય થયો છે એમ માને છે, તેને વિષે ઉપર કહી તે નીતિનું જો બળવાનપણું ન હોય અને કલ્યાણની યાચના કરે તથા વાર્તા કરે, તો એ નિશ્ચય માત્ર સત્પુરુષને વંચવા બરોબર છે. જોકે સત્પુરુષ તો નિરાકાંક્ષી છે એટલે, તેને છેતરવાપણું

કંઈ છે નહીં, પણ એવા પ્રકારે પ્રવર્તતા જીવ તે અપરાધ યોગ્ય થાય છે. આ વાત પર વારંવાર તમારે તથા તમારા સમાગમને ઇચ્છતા હોય તે મુમુક્ષુઓએ લક્ષ કર્તવ્ય છે. કઠણ વાત છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે અને છોડી દેવા યોગ્ય છે.

—(પત્રાંક : ૪૯૬, પૃ૦ ૩૯૮, વર્ષ ૨૭ મું)

*

ઉપદેશની આકાંક્ષા રહ્યા કરે છે, તેવી આકાંક્ષા મુમુક્ષુજીવને હિતકારી છે, જાગૃતિનો વિશેષ હેતુ છે. જેમ જેમ જીવમાં ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિનું બળ વધે છે તેમ તેમ સત્પુરુષનાં વચનનું અપૂર્વ અને અદ્‌ભુત સ્વરૂપ ભાસે છે; અને બંધનિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ સત્પુરુષના ચરણારવિંદનો યોગ કેટલાક સમય સુધી રહે તો પછી વિયોગમાં પણ ત્યાગ વૈરાગ્ય અને આશ્રયભક્તિની ધારા બળવાન રહે છે; નહીં તો માઠા દેશ, કાળ, સંગાદિના યોગથી સામાન્ય વૃત્તિના જીવો ત્યાગ વૈરાગ્યાદિનાં બળમાં વધી શકતાં નથી, અથવા મંદ પડી જાય છે, કે સર્વથા નાશ કરી દે છે.

—(પત્રાંક : ૪૯૭, પૃ૦ ૩૯૮, વર્ષ ૨૭ મું)

*

જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.

— (પત્રાંક : ૪૯૯, પૃ૦ ૩૯૮, વર્ષ ૨૭ મું)

*

શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ કર્યું છે તે જ્ઞાન બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે. એક પ્રકાર 'ઉપદેશ' નો અને બીજો પ્રકાર 'સિદ્ધાંત' નો છે. "જન્મમરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં વિવેકીને રુચિ કરવી હોય નહીં; માતપિતા, સ્વજનાદિક સર્વનો 'સ્વાર્થરૂપ' સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે, એ જ તેનો અવિવેક છે; પ્રત્યક્ષ રીતે ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે; "પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે" એ આદિ જે શિક્ષા છે તે 'ઉપદેશજ્ઞાન' છે. "આત્માનું હોવાપણું, નિત્યપણું, એકપણું અથવા અનેકપણું, બંધાદિભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની અવસ્થા એ આદિને દૃષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિદ્ધ કર્યા હોય છે, તે 'સિદ્ધાંતજ્ઞાન' છે.

— (પત્રાંક : ૫૦૦, પૃ૦ ૩૯૯, વર્ષ ૨૭ મું)

સિદ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજ્જવળ ક્ષયોપશમે અને સદ્‌ગુરુના વચનની આરાધનાએ ઉદ્‌ભવે છે. સિદ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદ્‌ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દૃઢ થવું ઘટે છે, કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે. વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે.

—(પત્રાંક : ૫૦૦, પૃ૦ ૪૦૦, વર્ષ ૨૭ મું)

*

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું. — ( પત્રાંક : ૫૦૫, પૃ૦ ૪૦૬, વર્ષ ૨૭ મું)

*

બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યા છે. એક તો ‘ સિદ્ધાંતબોધ ’ અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો ‘ ઉપદેશ બોધ.’ જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે, પણ પરિણામ થઈ શકે નહીં. ‘ સિદ્ધાંતબોધ ’ એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે તે જે પ્રકારથી વાણી દ્વારાએ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ છે તે ‘ સિદ્ધાંતબોધ ’ છે. પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે; તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે ‘ ઉપદેશ બોધ ’ છે.

આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે ‘ ઉપદેશબોધ ’ કરતાં ‘ સિદ્ધાંતબોધ ’ નું મુખ્યપણું જણાય છે, કેમકે ઉપદેશબોધ પણ તેને જ અર્થે છે, તો પછી સિદ્ધાંતબોધનું જ પ્રથમથી અવગાહન કર્યું હોય તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે. આ પ્રકારે જો વિચાર ઉદ્‌ભવે તો તે વિપરીત છે, કેમકે સિદ્ધાંતબોધનો જન્મ ઉપદેશબોધથી થાય છે. જેને વૈરાગ્ય-ઉપશમ સંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે, અને જ્યાં સુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાં સુધી સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે

થવું જ સંભવે છે. કેમ કે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે. અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી; તેમ જેને ચક્ષુનું યથાવત્ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે, તેને તો કોઈ રીતે સિદ્ધાંતબોધ વિચારમાં આવી શકે નહીં. જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઈ છે તેને તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય; અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય.

—(પત્રાંક : ૫૦૬, પૃ૦ ૪૦૭, વર્ષ ૨૭ મું)

*

ગૃહકુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ 'વિપર્યાસ-બુદ્ધિ' છે; અને અહંતા મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય-ઉપશમ ઉદ્‌ભવે છે ત્યાં મંદ પડે છે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે; અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય-ક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્‌બુદ્ધિ કરે છે; અને તે સદ્‌બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે, કેમકે ચક્ષુને પડળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પડળનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરુષે કહેલા એવા સિદ્ધાંતભાવ, આત્મભાવ, વિચાર-ચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં, અથવા યથાવત્ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીય કર્મના ક્ષયાંતર પ્રગટે છે. અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે.

વળી જ્ઞાની પુરુષોની વિશેષ શિખામણ વૈરાગ્ય-ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે. જિનના આગમ પર દૃષ્ટિ મૂકવાથી એ વાત વિશેષ સ્પષ્ટ જણાઈ શકશે. 'સિદ્ધાંતબોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશેષપણે કથન તે આગમમાં જેટલું કર્યું છે, તે કરતાં વિશેષપણે, વિશેષપણે વૈરાગ્ય અને ઉપશમને કથન કર્યાં છે, કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે, અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે; અને તેમજ થતું હોવાથી ઠામ ઠામ એ જ અધિકારનું વ્યાખ્યાન કર્યું છે. જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમ કે આરંભ-પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે.

—(પત્રાંક : ૫૦૬, પૃ૦ ૪૦૮, વર્ષ ૨૭ મું)

*

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઈને વિષે પુત્રપણું ભાવી આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમજ કર્યું છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શકયા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી.

—(પત્રાંક : ૫૧૦, પૃ૦ ૪૧૧, વર્ષ ૨૭ મું)

*

(સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું તો જીવ બીજા પ્રકારમાં ચડી જઈ વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે.) —(પત્રાંક : ૫૧૩, પૃ૦ ૪૧૪, વર્ષ ૨૭ મું)

*

અલ્પ કાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્ત થાય તે વિચાર કર્તવ્ય છે; અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી. —(પત્રાંક : ૫૨૫, પૃ૦ ૪૨-૧૪૨૨, વર્ષ ૨૭ મું)

*

(અહંતાદિ વધવાને માટે, બાહ્ય ક્રિયા, કે મતના આગ્રહ માટે સંપ્રદાય ચલાવવા માટે, કે પૂજાશ્લાઘાદિ પામવા અર્થે, કોઈ મહાપુરુષનો કંઈ ઉપદેશ છે નહીં,) અને તે જ કાર્ય કરવાની સર્વથા આજ્ઞા જ્ઞાનીપુરુષની છે. પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે. —(પત્રાંક : ૫૨૬, પૃ૦ ૪૨૨, વર્ષ ૨૭ મું)

*

શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે; પણ જીવ દિશામૂઢ રહેવા

ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમ કે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી. —(પત્રાંક : ૫૩૭, પૃ૦ ૪૩૬, વર્ષ ૨૮ મું)

*

સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે.

— (પત્રાંક : ૫૩૯, પૃ૦ ૪૩૬, વર્ષ ૨૮ મું)

*

જ્યાં સુધી પરિગ્રહાદિનું લેવુંદેવું થાય એવો વહેવાર મને ઉદયમાં હોય ત્યાં સુધી જો કોઈ પણ નિષ્કામ મુમુક્ષુ કે સત્પાત્ર જીવની તથા અનુકંપાયોગ્યની જે કાંઈ અમારાથી તેને જણાવ્યા સિવાય તેની સેવાચાકરી થઈ શકે તે દ્રવ્યાદિ પદાર્થથી પણ કરવી, કેમકે એવો માર્ગ ઋષભાદિ મહાપુરુષે પણ ક્યાંક ક્યાંક જીવની ગુણનિષ્પન્નતાર્થે ગણ્યો છે; એ અમારા અંગના વિચારનો છે અને તેવી આચરણા સત્પુરુષને નિષેધ નથી, પણ કોઈ રીતે કર્તવ્ય છે. માત્ર સામા જીવને પરમાર્થનો રોધ કરનાર તે વિષય કે તે સેવા ચાકરી થતાં હોય તો તેને સત્પુરુષ પણ ઉપશમાવવાં જોઈએ.

—(પત્રાંક : ૫૫૦, પૃ૦ ૪૪૩, વર્ષ ૨૮ મું)

*

અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી, અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ-પ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી. —(પત્રાંક : ૫૫૧, પૃ૦ ૪૪૪, વર્ષ ૨૮ મું)

*

કોઈ પણ પરપદાર્થને વિષે ઈચ્છાની પ્રવૃત્તિ છે, અને કોઈ પણ પરપદાર્થના વિયોગની ચિંતા છે, તેને શ્રી જિન આર્ત્તધ્યાન કહે છે, તેમાં અંદેશો ઘટતો નથી.

—(પત્રાંક : ૫૫૧, પૃ૦ ૪૪૪, વર્ષ ૨૮મું)

*

શ્રી જિને જે આત્મઅનુભવ કર્યો છે, અને પદાર્થનાં સ્વરૂપ સાક્ષાત્કાર કરી જે નિરૂપણ કર્યું છે તે, સર્વ મુમુક્ષુ જીવે પરમકલ્યાણને અર્થે નિશ્ચય કરી વિચારવા યોગ્ય છે. જિને કહેલા સર્વ પદાર્થના ભાવો એક આત્મા પ્રગટ કરવાને અર્થે છે, અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે; એક આત્મજ્ઞાનીની અને એક આત્મજ્ઞાનીના આશ્રયવાનની, એમ શ્રી જિને કહ્યું છે.

—(પત્રાંક : ૫૫૧, પૃ૦ ૪૪૪, વર્ષ ૨૮મું)

*

કાળનું પણ દુષમપણું છે. પૂર્વે જાણ્યું હતું અને સ્પષ્ટ પ્રતીતિ સ્વરૂપ હતું કે જ્ઞાનીપુરુષને સકામપણે ભજતાં આત્માને પ્રતિબંધ થાય છે, અને ઘણી વાર પરમાર્થદૃષ્ટિ મટી સંસારાર્થ દૃષ્ટિ થઈ જાય છે. જ્ઞાની પ્રત્યે એવી દૃષ્ટિ થયે ફરી સુલભબોધિપણું પામવું કઠણ પડે છે; એમ જાણી કોઈ પણ જીવ સકામપણે સમાગમ ન કરે.

— (પત્રાંક : ૫૫૨, પૃ૦ ૪૪૪, વર્ષ ૨૮ મું)

*

(બાહ્ય પરિચયને વિચારી વિચારીને નિવૃત્ત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે. જીવ આ વાત જેટલી વિચારશે તેટલો જ્ઞાનીપુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે.)

— (પત્રાંક, : ૫૬૫, પૃ૦ ૪૪૯, વર્ષ ૨૮ મું)

*

સંસારનાં મુખ્ય કારણ પ્રેમબંધન તથા દ્વેષબંધન સર્વ જ્ઞાનીએ સ્વીકાર્યાં છે. તેની મૂંઝવણે જીવને નિજ વિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, અથવા થાય એવા યોગે તે બંધનના કારણથી આત્મવીર્ય પ્રવર્તી શકતું નથી, અને તે સૌ પ્રમાદનો હેતુ છે, અને તેવા પ્રમાદે લેશમાત્ર સમયકાળ પણ નિર્ભય રહેવું કે અજાગૃત રહેવું તે આ જીવનું અતિશય નિર્બળપણું છે, અવિવેકતા છે, ભ્રાંતિ છે, અને ટાળતાં અત્યંત કઠણ એવો મોહ છે.

—(પત્રાંક : ૫૬૬, પૃ૦ ૪૪૯, વર્ષ ૨૮ મું)

*

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્માત્ર સંશય નથી.

—(પત્રાંક : ૫૬૮, પૃ૦ ૪૫૦, વર્ષ ૨૮ મું)

*

જીવ વિષે, પ્રદેશ વિષે, પર્યાય વિષે, તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષેનો યથાશક્તિ વિચાર કરવો. જે કંઈ અન્ય પદાર્થનો વિચાર કરવો છે તે જીવના મોક્ષાર્થે કરવો છે, અન્ય પદાર્થના જ્ઞાનને માટે કરવો નથી. —(પત્રાંક :૫૬૮, પૃ૦ ૪૫૧, વર્ષ ૨૮ મું)

*

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે. — (પત્રાંક : ૫૬૯, પૃ૦ ૪૫૧, વર્ષ ૨૮ મું)

*

તે (આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો) તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

— (પત્રાંક : ૫૬૯, પૃ૦ ૪૫૨, વર્ષ ૨૮ મું)

*

જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ

અનુભવરૂપ થાય છે. જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથી છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વ-કાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

— (પત્રાંક : ૫૭૦, પૃ૦ ૪૫૨-૪૫૩, વર્ષ ૨૮ મું)

*

ઉપાધિ કરવામાં આવે, અને કેવળ અસંગદશા રહે એમ બનવું અત્યંત કઠણ છે; અને ઉપાધિ કરતાં આત્મપરિણામ ચંચળ ન થાય, એમ બનવું અસંભવિત જેવું છે. ઉત્કૃષ્ટ જ્ઞાનીને બાદ કરતાં આપણે સૌએ તો આત્મામાં જેટલું અસંપૂર્ણ—અસમાધિપણું વર્તે છે તે, અથવા વર્તી શકે તેવું હોય તે, ઉચ્છેદ કરવું, એ વાત લક્ષમાં વધારે લેવા યોગ્ય છે.

—(પત્રાંક : ૫૭૧, પૃ૦ ૪૫૩, વર્ષ ૨૮ મું)

*

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે : એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું.

— (પત્રાંક : ૫૭૨, પૃ૦ ૪૫૪, વર્ષ ૨૮ મું)

નિર્વિકલ્પ ઉપયોગનો લક્ષ સ્થિરતાનો પરિચય કર્યાથી થાય છે. સુધારસ, સત્સમાગમ, સત્શાસ્ત્ર, સદ્‌વિચાર અને વૈરાગ્ય-ઉપશમ એ સૌ તે સ્થિરતાના હેતુ છે.

—(પત્રાંક : ૫૮૫, પૃ૦ ૪૫૯, વર્ષ ૨૮ મું)

*

જ્ઞાનીપુરુષના સમાગમની ઉપાસના વિના જીવ સ્વચ્છંદે (ધાર્મિક વિષયમાં) નિશ્ચય કરે તે છૂટવાનો માર્ગ નથી. —(પત્રાંક : ૫૮૮, પૃ૦ ૪૬૧, વર્ષ ૨૮મું)

*

સર્વ જીવનું પરમાત્માપણું છે એમાં સંશય નથી...પણ જયાં સુધી તે સ્વરૂપ યથાતથ્ય પ્રગટે નહીં ત્યાં સુધી મુમુક્ષુ, જિજ્ઞાસુ રહેવું તે વધારે સારું છે; અને તે રસ્તે યથાર્થ પરમાત્મપણું પ્રગટે છે. જે માર્ગ મૂકીને પ્રવર્તવાથી તે પદનું ભાન થતું નથી; તથા શ્રી જિન વીતરાગ સર્વજ્ઞ પુરુષોની આશાતના કરવારૂપ પ્રવૃત્તિ થાય છે. બીજો મતભેદ કંઈ નથી. —(પત્રાંક : ૫૮૮, પૃ૦ ૪૬૧, વર્ષ ૨૮મું)

*

વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઈચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્તવાથી આગળ પર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમકે જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી. માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો ઉત્સુક પરિણામ, વિષય આરાધતાં થયા વિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરુષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઈચ્છાથી તેમાં પ્રવર્તતા નથી, અને એમ જો પ્રવર્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવા યોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાનીપુરુષની ભોગ-પ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામસંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્‌ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમકે જ્ઞાનીપુરુષ પણ તે પ્રસંગોને માંડ માંડ જીતી શકયા છે, તો જેની માત્ર વિચારદશા છે, એવા પુરુષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે.

—(પત્રાંક : ૫૯૧, પૃ૦ ૪૬૧-૪૬૨, વર્ષ ૨૮મું)

*

જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે, એવો આ દેહ તે પણ દુ:ખનો હેતુ છે, તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી?

—(પત્રાંક : ૫૯૨, પૃ૦ ૪૬૨, વર્ષ ૨૮ મું)

*

અનાદિકાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે, જેથી સ્વસ્થતા પ્રત્યે આવવું તેને દુર્ગમ પડે છે. શ્રી જિને એમ કહ્યું છે, કે યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતીવાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથિભેદ થવા સુધી આવવાનું થાય છે ત્યારે ક્ષોભ પામી પાછો સંસારપરિણામી થયા કર્યો છે. ગ્રંથિભેદ થવામાં જે વીર્યગતિ જોઈએ તે થવાને અર્થે જીવે નિત્યપ્રત્યે સત્સમાગમ, સદ્દવિચાર અને સદ્દગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે. —(પત્રાંક : ૫૯૩, પૃ૦ ૪૬૨, વર્ષ ૨૮ મું)

*

જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઈન્દ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યા જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યા જ કરવાં; કેમકે સત્સંગપ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં. —( પત્રાંક : ૬૦૯, પૃ૦ ૪૭૦, વર્ષ ૨૮ મું )

*

વૈરાગ્યવાન હોય તેનો સમાગમ કેટલાક પ્રકારે આત્મભાવની ઉન્નતિ કરે છે.
— (પત્રાંકઃ ૬૧૨, પૃ૦ ૪૭૧, વર્ષ ૨૮ મું)

*

જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી ' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત ( માઠા ) ભાવે તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં 'અનંતાનુબંધી 'નો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે, તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છે. સત્‌દેવ, સદ્દગુરુ અને સત્‌ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમજ અસત્‌દેવ, અસત્‌ગુરુ તથા અસત્‌ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી કષાય ' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્તતાં પણ 'અનંતાનુબંધી ' હોવા યોગ્ય છે. —(પત્રાંક : ૬૧૩, પૃ૦ ૪૭૧–૪૭૨, વર્ષ ૨૮ મું)

*

સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઈચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે. જ્યાં સુધી પોતાના દોષ વિચારી સંક્ષેપ કરવાને પ્રવૃત્તિમાન ન થવાય ત્યાં સુધી સત્પુરુષનો કહેલો માર્ગ પરિણામ પામવો કઠણ છે. આ વાત પર મુમુક્ષુ જીવે વિશેષ વિચાર કરવો ઘટે છે. —( પત્રાંક : ૬૧૬, પૃ૦ ૪૭૩, વર્ષ ૨૮ મું )

*

નિમિત્ત કરીને જેને હર્ષ થાય છે, નિમિત્ત કરીને જેને શોક થાય છે, નિમિત્ત કરીને જેને ઇન્દ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્ત કરીને જેને ઇન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્ત કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્‌ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે; અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે અને નિમિત્તે નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે.

— (પત્રાંક : ૬૩૬, પૃ૦ ૪૮૩, વર્ષ ૨૮ મું)

*

ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂકયા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.

— (પત્રાંક : ૬૪૩, પૃ૦ ૪૮૫, વર્ષ ૨૮ મું)

*

અનાદિથી વિપરીત અભ્યાસ છે, તેથી વૈરાગ્ય ઉપશમાદિ ભાવોની પરિણતિ એકદમ ન થઈ શકે, કિંવા થવી કઠિન પડે; તથાપિ નિરંતર તે ભાવો પ્રત્યે લક્ષ રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે. સત્સમાગમનો યોગ ન હોય ત્યારે તે ભાવો જે પ્રકારે વર્દ્ધમાન થાય તે પ્રકારનાં દ્રવ્ય-ક્ષેત્રાદિ ઉપાસવાં; સત્શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. સૌ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, તો અનંતકાળથી અનભ્યસ્ત એવી મુમુક્ષુતા માટે તેમ હોય એમાં કંઈ આશ્ચર્ય નથી. — ( પત્રાંક: ૬૪૪, પૃ૦ ૪૮૫, વર્ષ ૨૮ મું )

*

અંતર્મુખદૃષ્ટિ જે પુરુષોની થઈ છે, તે પુરુષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કહી છે, કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવા યોગ્ય છે. આવી ભૂમિકામાં આ પ્રકારે ભલામણ ઘટે છે, એમ છે તો પછી વિચારદશા જેની છે એવા મુમુક્ષુ જીવે સતત જાગૃતિ રાખવી ઘટે એમ કહેવામાં ન આવ્યું હોય, તો પણ સ્પષ્ટ સમજી શકાય એમ છે કે મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પરઅધ્યાસ

થવા યોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય, તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે. જો કે આરંભપરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે તથાપિ અંતર્મુખવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે. —(પત્રાંક: ૬૫૦, પૃ૦ ૪૮૬, વર્ષ ૨૮ મું)

*

સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવપદમાં વર્તે; તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્‌ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહીં; જાણવાને પ્રતિબંધક અસત્સંગ,સ્વચ્છંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં જેથી સમજાવું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એવો નિશ્ચય પ્રસિદ્ધ છે.

— (પત્રાંક: ૬૫૧, પૃ૦ ૪૮૮, વર્ષ ૨૯ મું)

*

ગૃહસ્થાદિ વ્યવહાર વર્તે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય એવો નિયમ નથી, તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગવ્યવહારની ભલામણ પરમ પુરુષોએ ઉપદેશી છે; કેમકે ત્યાગ ઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરે છે, તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્તવ્યલક્ષે કર્તવ્ય છે, એમાં સંદેહ નથી.

—(પત્રાંક : ૬૬૪, પૃ૦ ૪૯૦, વર્ષ ૨૯ મું)

*

સ્વરૂપને વિષે સ્થિતિ તેને 'પરમાર્થસંયમ' કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને 'વ્યવહાર સંયમ' કહ્યો છે. કોઈ જ્ઞાનીપુરુષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષા (લક્ષ વગર) એ જે વ્યવહારસંયમમાં જ પરમાર્થ-સંયમની માન્યતા રાખે તેના વ્યવહારસંયમનો, તેનો અભિનિવેશ ટાળવા, નિષેધ કર્યો છે. પણ વ્યવહારસંયમમાં કંઈ પણ પરમાર્થની નિમિત્તતા નથી, એમ જ્ઞાનીપુરુષોએ કહ્યું નથી.

— (પત્રાંક: ૬૬૪, પૃ૦ ૪૯૦, વર્ષ ૨૯ મું)

*

ઉદયને યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય તો વિચારવાન મુમુક્ષુ પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના લોકોને ઉપદેશે છે; જે પ્રકારે મતમતાંતરનો અભિનિવેશ ટળે, અને સત્પુરુષનાં વચન ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય તેમ કરે છે. વર્તમાનકાળમાં તે પ્રકારની વિશેષ હાનિ થશે એમ જાણી જ્ઞાનીપુરુષોએ આ કાળને દુષમકાળ કહ્યો છે, અને તેમ પ્રત્યક્ષ દેખાય છે.

સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે; એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે. —(પત્રાંક : ૬૭૦, પૃ૦ ૪૯૨, વર્ષ ૨૯ મું)

યથાર્થજ્ઞાન ઉત્પન્ન થયા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું વર્તતું હોય તે જીવે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિનો લક્ષ થાય તે પ્રકારે પ્રસંગપ્રાપ્ત જીવોને ઉપદેશ આપવો ઘટે, અને જે પ્રકારે તેને નાના પ્રકારના અસદ્ આગ્રહનો તથા કેવળ વેષવ્યવહારાદિનો અભિનિવેશ ઘટે તે પ્રકારે ઉપદેશ પરિણામી થાય તેમ આત્માર્થ વિચારી કહેવું ઘટે. ક્રમે કરીને તે જીવો યથાર્થ માર્ગની સન્મુખ થાય એવો યથાશક્તિ ઉપદેશ કર્તવ્ય છે.

—(પત્રાંક : ૬૭૩, પૃ૦ ૪૯૩, વર્ષ ૨૯મું)

*

જેટલી પોતાની શક્તિ હોય તે સર્વ શક્તિથી એક લક્ષ રાખીને, લૌકિક અભિનિવેશને સંક્ષેપ કરીને, કંઈ પણ અપૂર્વ નિરાવરણપણું દેખાતું નથી. માટે સમજણનું માત્ર અભિમાન છે એમ જીવને સમજાવીને, જે પ્રકારે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે સતત જાગ્રત થાય તે જ કરવામાં વૃત્તિ જોડવી, અને રાત્રિ-દિવસ તે જ ચિંતામાં પ્રવર્તવું એ જ વિચારવાન જીવનું કર્તવ્ય છે; અને તેને માટે સત્સંગ, સત્શાસ્ત્ર અને સરળતાદિ નિજગુણો ઉપકારભૂત છે, એમ વિચારીને તેનો આશ્રય કરવો યોગ્ય છે. —(પત્રાંક : ૬૭૭, પૃ૦ ૪૯૫, વર્ષ ૨૯મું)

*

જ્યાં સુધી લૌકિક અભિનિવેશ એટલે દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માનવું હોય, તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ સ્વેચ્છાએ અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય, ત્યાં સુધી જીવને અપૂર્વ ગુણ કેમ ઉત્પન્ન થાય? તેનો વિચાર સુગમ છે. —(પત્રાંક : ૬૭૭, પૃ૦ ૪૯૫, વર્ષ ૨૯ મું)

*

જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે; અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી; સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિષે વર્તવા યોગ્ય નથી, કેમકે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી; અને તેથી ઠામઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે.

— (પત્રાંક : ૬૭૯, પૃ૦ ૪૯૬, વર્ષ ૨૯મું)

*

જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

ક્રિયામાર્ગે અસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજા–સત્કારાદિયોગ, અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્‌ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ પ્રાપ્ત થવો જોઈએ; નહીં તો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.

— (પત્રાંક : ૬૯૩, પૃ૦ ૫૦૪, વર્ષ ૨૯ મું)

*

પ્રત્યક્ષ સત્સમાગમમાં ભક્તિ વૈરાગ્યાદિ દૃઢ સાધનસહિત, મુમુક્ષુએ સદ્‌ગુરુઆજ્ઞાએ દ્રવ્યાનુયોગ વિચારવા યોગ્ય છે.

— (પત્રાંક : ૬૯૮, પૃ૦ ૫૦૮, વર્ષ ૨૯ મું)

*

લોક સમુદાય કોઈ ભલો થવાનો નથી, અથવા સ્તુતિનિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃત્તિ તે વિચારવાનને કર્તવ્ય નથી. બાહ્યક્રિયાના અંતર્મુખવૃત્તિ વગરના વિધિનિષેધમાં કંઈ પણ વાસ્તવ્ય કલ્યાણ રહ્યું નથી. ગચ્છાદિ ભેદને નિર્વાહવામાં, નાના પ્રકારના વિકલ્પો સિદ્ધ કરવામાં આત્માને આવરણ કરવા બરાબર છે. અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી, એમ જાણી લખ્યું છે. તે માત્ર અનુકંપાબુદ્ધિએ, નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી, અને હિતાર્થે લખ્યું છે.

—(પત્રાંક : ૭૦૨, પૃ૦ ૫૧૧, વર્ષ ૨૯મું)

*

જિનોક્ત માર્ગનો પણ એવો એકાંત સિદ્ધાંત નથી કે ગમે તે વયમાં ગમે તેવે માણસે ત્યાગ કરવો. તથારૂપ સત્સંગ, સદ્‌ગુરુનો યોગ થયે, તે આશ્રયે કોઈ પૂર્વના સંસ્કારવાળો એટલે વિશેષ વૈરાગ્યવાન પુરુષ ગૃહસ્થાશ્રમ પામ્યા પહેલાં ત્યાગ કરે તો તેણે યોગ્ય કર્યું છે, એમ જિનસિદ્ધાંત પ્રાયે કહે છે.

ઇન્દ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરુષની દૃષ્ટિમાં હજી જે ત્યાગ કરવાને યોગ્ય નથી, એવા કોઈ મંદ કે મોહવૈરાગ્યવાન જીવને ત્યાગ લેવો પ્રશસ્ત જ છે, એમ કંઈ જિનસિદ્ધાંત એકાંતે નથી.

—(પત્રાંકઃ ૭૦૩, પૃ૦ ૫૧૨-૫૧૩, વર્ષ ૨૯ મું)

*

જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાનીપુરુષનાં વચનને લૌકિક આશયમાં ન ઉતારવાં; અથવા અલૌકિક દૃષ્ટિએ વિચારવાં યોગ્ય છે; અને જ્યાં સુધી બને ત્યાં સુધી લૌકિક પ્રશ્નોત્તરમાં પણ વિશેષ ઉપકાર વિના પડવું ન ઘટે; તેવા પ્રસંગોથી કેટલીક વાર પરમાર્થદૃષ્ટિ ક્ષોભ પમાડવા જેવું પરિણામ આવે છે.

— (પત્રાંકઃ ૭૦૩, પૃ૦ ૫૧૩, વર્ષ ૨૯ મું)

*

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

—(પત્રાંક: ૭૦૬, પૃ૦ ૫૧૭, વર્ષ ૨૯ મું)

*

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮
સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯
રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬
સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮
આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦
સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

—(આત્મ-સિદ્ધિ : ૬, ૭, ૮, ૯, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૨૯, ૧૩૦, ૧૩૫)

*

સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્‌પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. —( પત્રાંક : ૭૧૯, પૃ૦ ૫૫૮, વર્ષ ૨૯ મું)

*

અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવનો અવશ્ય નિશ્ચય જોઈએ.

—(પત્રાંક : ૭૧૯, પૃ૦ ૫૫૮, વર્ષ ૨૯ મું)

*

જે જ્ઞાન મહા નિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે. — (પત્રાંક : ૭૨૧, પૃ૦ ૫૫૯, વર્ષ ૨૯ મું)

*

લોકની દૃષ્ટિને જ્યાં સુધી આ જીવ વમે નહીં તથા તેમાંથી અંતર્વૃત્તિ છૂટી ન જાય ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત ન થઈ શકે એમાં સંશય નથી.

— (પત્રાંક : ૭૨૩, પૃ૦ ૫૬૦, વર્ષ ૩૦ મું)

*

આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા, એવાં કારણોથી રહિત કોઈક જ જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે કયારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો "માર્ગ" પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી; તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે. —( પત્રાંક : ૭૨૭, પૃ૦ ૫૬૧, વર્ષ ૩૦ મું)

*

સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે. માત્ર તે દેહનું યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તેનું મમત્વ છેદીને નિજસ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા છે તે જ જીવ તે મરણકાળે શરણસહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી, અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે; અને એ જ તમારે, અમારે, સૌએ લક્ષ્ય રાખવા યોગ્ય છે. પ્રતિબંધનથી ખેદ થવા યોગ્ય છે, તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહીં હોવાથી તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો એ જ વિચારવાનને કર્તવ્ય છે.

—(પત્રાંક : ૭૨૮, પૃ૦ ૫૬૨, વર્ષ ૩૦ મું)

*

લોકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ, શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે. —(પત્રાંકઃ ૭૨૯, પૃ૦ ૫૬૨, વર્ષ ૩૦ મું)

*

વૃત્તિનો લક્ષ તથારૂપ સર્વસંગપરિત્યાગ પ્રત્યે વર્તતો છતાં જે મુમુક્ષુને પ્રારબ્ધવિશેષથી તે યોગનો અનુદય રહ્યા કરે, અને કુટુંબાદિનો પ્રસંગ તથા આજીવિકાદિ કારણે પ્રવૃત્તિ રહે, જે યથાન્યાયથી કરવી પડે, પણ તે ત્યાગના ઉદયને પ્રતિબંધક જાણી સખેદપણે કરે તે મુમુક્ષુએ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્માનુસાર આજીવિકાદિ પ્રાપ્ત થશે એમ વિચારી માત્ર નિમિત્તરૂપ પ્રયત્ન કરવું ઘટે, પણ ભયાકુળ થઈ ચિંતા કે ન્યાયત્યાગ કરવાં ન ઘટે. કેમકે તે તો માત્ર વ્યામોહ છે; એ શમાવવા યોગ્ય છે. પ્રાપ્તિ શુભાશુભ પ્રારબ્ધાનુસાર છે. પ્રયત્ન વ્યાવહારિક નિમિત્ત છે, એટલે કરવું ઘટે, પણ ચિંતા તો માત્ર આત્મગુણરોધક છે.

— (પત્રાંક : ૭૩૧, પૃ૦ ૫૬૨, વર્ષ ૩૦ મું)

*

આરંભ અને પરિગ્રહનો ઇચ્છાપૂર્વક પ્રસંગ હોય તો આત્મલાભને વિશેષ ઘાતક છે, અને વારંવાર અસ્થિર, અપ્રશસ્ત પરિણામનો હેતુ છે, એમાં તો સંશય નથી; પણ જ્યાં અનિચ્છાથી ઉદયના કોઈ એક યોગથી પ્રસંગ વર્તતો હોય ત્યાં પણ આત્મભાવના ઉત્કૃષ્ટ-પણાને બાધ કરનાર તથા આત્મસ્થિરતાને અંતરાય કરનાર, તે આરંભપરિગ્રહનો પ્રસંગ પ્રાયે થાય છે, માટે પરમ કૃપાળુ જ્ઞાનીપુરુષોએ ત્યાગમાર્ગ ઉપદેશ્યો છે, તે મુમુક્ષુ જીવે દેશે અને સર્વથા અનુસરવા યોગ્ય છે. --(પત્રાંક : ૭૩૭, પૃ૦ ૫૬૩, વર્ષ ૩૦ મું)

*

'જ્ઞાનનું ફળ વિરતિ છે.' વીતરાગનું આ વચન સર્વ મુમુક્ષુઓએ નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે. જે વાંચવાથી, સમજવાથી તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવનાં કાર્યોથી અને વિભાવનાં પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો, વિભાવનાં કાર્યોનો અને વિભાવનાં ફળનો ત્યાગી ન થયો, તે વાંચવું, તે વિચારવું અને તે સમજવું અજ્ઞાન છે. વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે, એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે. — (પત્રાંક : ૭૪૯, પૃ૦ ૫૬૮–૫૬૯, વર્ષ ૩૦ મું)

*

સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં, એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.

—( પત્રાંક: ૭૭૨, પૃ૦ ૬૦૦, વર્ષ ૩૦ મું )

*

ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈ એક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને માત વિચારી ન શકે તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં.

—( પત્રાંક: ૭૭૩, પૃ૦ ૬૦૧, વર્ષ ૩૦ મું )

*

તે ( પ્રત્યક્ષ સત્પુરુષનો ) સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

—(પત્રાંક : ૭૮૩, પૃ૦ ૬૦૭, વર્ષ ૩૦મું)

*

કોઈ એક જડ ક્રિયામાં પ્રવૃત્તિ કરી જ્ઞાનીના માર્ગથી વિમુખ રહેતા હોય, અથવા મતિના મૂઢત્વને લીધે ઊંચી દશા પામતાં અટકતા હોય, અથવા અસત્ સમાગમથી મતિ વ્યામોહ પામી અન્યથા ત્યાગવૈરાગ્યને ત્યાગવૈરાગ્યપણે માની લીધા હોય તેના નિષેધને અર્થે

કરુણાબુદ્ધિથી જ્ઞાની યોગ્ય વચને તેનો નિષેધ ક્વચિત્ કરતા હોય તો વ્યામોહ નહીં પામતાં તેનો સદ્‌હેતુ સમજી યથાર્થ ત્યાગ વૈરાગ્યની ક્રિયામાં અંતર તથા બાહ્યમાં પ્રવર્તવું યોગ્ય છે.

—(પત્રાંક : ૭૮૫, પૃ૦ ૬૦૮, વર્ષ ૩૦મું)

*

સત્પુરુષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગદ્વેષના પોષણથી રહિત હોય છે, એવો નિશ્ચય રાખવો, અને ગમે તેવે પ્રસંગે તે જ દૃષ્ટિથી અર્થ કરવો યોગ્ય છે. —(પત્રાંક : ૭૯૩, પૃ૦ ૬૦૯, વર્ષ ૩૦મું)

*

લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે. —(પત્રાંક : ૮૧૦, પૃ૦ ૬૧૩, વર્ષ ૩૦ મું)

*

ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરી તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાકયનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે. —(પત્રાંક : ૮૧૯, પૃ૦ ૬૧૬, વર્ષ ૩૧ મું)

*

સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે. મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘ કાળ પરિચિત છે; પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે. — (પત્રાંક : ૮૨૬, પૃ૦ ૬૧૮, વર્ષ ૩૧ મું)

*

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં

સુખ માને છે; પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે. —( પત્રાંક : ૮૩૨ પૃ૦ ૬૨૦, વર્ષ ૩૧મું)

*

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે? —(પત્રાંક ૮૩૨, પૃ૦ ૬૨૦, વર્ષ ૩૧ મું)

*

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.

— (પત્રાંક : ૮૩૩, પૃ૦ ૬૨૧, વર્ષ ૩૧ મું)

*

સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં, અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્ધર્મ અને અસદ્ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્‌ગુરુ અને અસદ્-ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્દેવ અને અસદ્ દેવને વિષે નિર્વિશેષ-પણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઈત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેક વિકળતા (છે).

સમદર્શી સતને સત્ જાણે, બોધે; અસતને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે; સદ્ધર્મને સદ્ધર્મ જાણે, બોધે; અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે, નિષેધે; સદ્‌ગુરુને સદ્‌ગુરુ જાણે, બોધે; અસદ્‌ગુરુને અસદ્‌ગુરુ જાણે, નિષેધે; સદ્દેવને સદ્દેવ જાણે, બોધે; અસદ્દેવને અસદ્દેવ જાણે, નિષેધે; ઈત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઈષ્ટઅનિષ્ટ બુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું. —(પત્રાંક : ૮૩૭, પૃ૦ ૬૨૪, વર્ષ ૩૧ મું)

*

પ્રમાદ અને લોકપદ્ધતિમાં કાળ સર્વથા વૃથા કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી.

— (પત્રાંક : ૮૪૨, પૃ૦ ૬૨૫, વર્ષ ૩૧ મું)

*

જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે; એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ન પણ ઈચ્છતા નથી. —(પત્રાંક : ૮૫૩, પૃ૦ ૬૨૯, વર્ષ ૩૨ મું)

*

મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણ-જિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે. તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે. — (પત્રાંક : ૮૬૦, પૃ૦ ૬૩૧, વર્ષ ૩૨ મું)

*

આત્માર્થીએ બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવ સ્થિરચિત્તે વિચારવા યોગ્ય છે, જે મૂળભૂત છે. — (પત્રાંક : ૮૬૩, પૃ૦ ૬૩૧, વર્ષ ૩૨ મું)

*

અમુક અસદ્વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે. જે નિરોધના હેતુને દૃઢતાથી અનુસરવું જ જોઈએ, તેમાં પ્રમાદ યોગ્ય નથી.

— (પત્રાંક : ૮૬૩, પૃ૦ ૬૩૧, વર્ષ ૩૨ મું)

*

ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય. —(પત્રાંક : ૮૮૫, પૃ. ૬૩૭, વર્ષ ૩૨ મું)

*

ત્રણ યોગની અલ્પ પ્રવૃત્તિ, તે પણ સમ્યક્ પ્રવૃત્તિ હોય ત્યારે મહત્પુરુષના વચનામૃતનું મનન પરમ શ્રેયનું મૂળ દૃઢીભૂત કરે છે; ક્રમે કરીને પરમપદ સંપ્રાપ્ત કરે છે.

ચિત્ત અવિક્ષેપ રાખી પરમશાંત શ્રુતનું અનુપ્રેક્ષણ કર્તવ્ય છે.

— (પત્રાંક : ૮૮૬, પૃ૦ ૬૩૭, વર્ષ ૩૨ મું)

*

ઇન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત અને સત્સમાગમ નિરંતર ઉપાસવા યોગ્ય છે.

— (પત્રાંક : ૮૮૮, પૃ૦ ૬૩૭, વર્ષ ૩૨ મું)

*

જે જ્ઞાનીપુરુષોને દેહાભિમાન ટળ્યું છે તેને કંઈ કરવું રહ્યું નથી એમ છે, તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરુષાર્થતા પરમ પુરુષે ઉપકારભૂત કહી છે.

— (પત્રાંક : ૮૯૫, પૃ૦ ૬૩૯, વર્ષ ૩૨ મું)

*

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;

એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

— (પત્રાંક : ૯૦૨, પૃ૦ ૬૪૨, વર્ષ ૩૩ મું)

*

જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો, તે જ્ઞાન 'અજ્ઞાન' કહેવા યોગ્ય છે અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.

—(પત્રાંક : ૯૧૮, પૃ૦ ૬૪૭, વર્ષ ૩૩ મું)

*

લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે તેનું અવશ્ય કલ્યાણ થાય.

— (પત્રાંક : ૯૧૮, પૃ૦ ૬૪૮, વર્ષ ૩૩ મું)

*

લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબપરિવારાદિ યોગવાળી હોય તોપણ તે દુ:ખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે.

—(પત્રાંક : ૯૪૯, પૃ૦ ૬૫૮, વર્ષ ૩૪ મું)

*

ધર્મમાં લૌકિક મોટાઈ, માન, મહત્ત્વની ઈચ્છા એ ધર્મના દ્રોહરૂપ છે.
ધર્મનું મહત્ત્વ તો બહાનારૂપ, અને સ્વાર્થિક માનાદિનો સવાલ મુખ્ય, એ ધર્મદ્રોહ જ છે.

—(ઉપદેશ નોંધ : પૃ૦ ૬૬૧)

*

સત્યશોધનમાં સરળતાની જરૂર છે. સત્યનો મર્મ લેવા વિવેકપૂર્વક મર્મમાં ઊતરવું જોઈએ.

— (ઉપદેશ નોંધ : પૃ૦ ૬૬૬)

*

વિદ્વત્તા અને જ્ઞાન એ એક સમજવાનું નથી, એક નથી. વિદ્વત્તા હોય છતાં જ્ઞાન ન હોય. સાચી વિદ્વત્તા તે કે જે આત્માર્થ હોય, જેથી આત્માર્થ સરે, આત્મત્વ સમજાય, પમાય, આત્માર્થ હોય ત્યાં જ્ઞાન હોય, વિદ્વત્તા હોય વા ન પણ હોય. —(ઉપદેશ નોંધ : પૃ૦ ૬૭૦)

*

દર્શન યોગ્ય મુદ્રા કઈ? વીતરાગતા સૂચવે તે. — (ઉપદેશ નોંધ : પૃ૦ ૬૭૧)

*

લોકકલ્યાણ હિતરૂપ છે અને તે કર્તવ્ય છે. પોતાની યોગ્યતાની ન્યૂનતાની અને જોખમદારી ન સમજાઈ શકાવાથી અપકાર ન થાય એ પણ લક્ષ રાખવાનો છે.

— (ઉપદેશ નોંધ : પૃ૦ ૬૭૨)

*

સ્વચ્છંદે, સ્વમતિકલ્પનાએ, સદ્ગુરુની આજ્ઞા વિના ધ્યાન કરવું એ તરંગરૂપ છે અને ઉપદેશ, વ્યાખ્યાન કરવું એ અભિમાનરૂપ છે. — (ઉપદેશ નોંધ : પૃ૦ ૬૭૭)

*

જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે. માટે તેમાં ન્યૂનાધિક કે મોટા નાનાની કલ્પના કરવી નહીં. તેમજ તે (આજ્ઞાની) વાતનો આગ્રહ કરી ઝઘડો કરવો નહીં. જ્ઞાની કહે તે જ કલ્યાણનો હેતુ છે એમ સમજાય તો સ્વચ્છંદ મટે. આ જ યથાર્થ જ્ઞાની છે માટે તે કહે તે જ પ્રમાણે કરવું. બીજા કોઈ વિકલ્પ કરવા નહીં. — (ઉપદેશ છાયા : પૃ૦ ૬૯૬)

*

આત્મા મુખ્યપણે આત્મસ્વભાવે વર્તે તે 'અધ્યાત્મ જ્ઞાન.' મુખ્યપણે જેમાં આત્મા વર્ણવ્યો હોય તે 'અધ્યાત્મશાસ્ત્ર.' ભાવઅધ્યાત્મ વિના અક્ષર (શબ્દ) અધ્યાત્મીનો મોક્ષ નથી થતો. જે ગુણો અક્ષરોમાં કહ્યા છે તે ગુણો જો આત્મામાં પ્રવર્તે તો મોક્ષ થાય. સત્પુરુષમાં ભાવ-અધ્યાત્મ પ્રગટ છે. સત્પુરુષની વાણી સાંભળે તે દ્રવ્યઅધ્યાત્મી, શબ્દઅધ્યાત્મી કહેવાય છે. શબ્દઅધ્યાત્મીઓ અધ્યાત્મની વાતો કરે, અને મહા અનર્થકારક પ્રવર્તન કરે; આ કારણથી તેઓને જ્ઞાનદગ્ધ કહેવા. આવા અધ્યાત્મીઓ શુષ્ક અને અજ્ઞાની સમજવા.

— (ઉપદેશ છાયા : પૃ૦ ૭૦૪)

*

જ્ઞાનીને ઓઘસંજ્ઞાએ ઓળખે તો યથાર્થ જ્ઞાન થતું નથી. ભક્તિની રીતિ જાણી નથી.

— (ઉપદેશ છાયા : પૃ૦ ૭૦૬)

*

જ્ઞાનીપુરુષ સમતાથી કલ્યાણનું જે સ્વરૂપ બતાવે છે તે ઉપકારને અર્થે બતાવે છે. જ્ઞાનીપુરુષો માર્ગમાં ભૂલા પડેલા જીવને સીધો રસ્તો બતાવે છે. જ્ઞાનીને માર્ગે ચાલે તેનું કલ્યાણ થાય. જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર થઈ જવાથી અજ્ઞાનની પ્રવૃત્તિ થાય; અને જ્ઞાનીપુરુષોનાં વચનો ન સમજાય; તેથી લોકોને અવળું ભાસે. ન સમજાય તેથી લોકો ગચ્છના ભેદ પાડે છે. ગચ્છના ભેદ જ્ઞાનીઓએ પાડ્યા નથી. અજ્ઞાની માર્ગનો લોપ કરે છે. જ્ઞાની થાય ત્યારે માર્ગનો ઉદ્યોત કરે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીની સામા

થાય છે. માર્ગસન્મુખ થવું જોઈએ, કારણકે સામા થવાથી ઊલટું માર્ગનું ભાન થતું નથી.

જ્ઞાનીપુરુષો રૂઢિમાર્ગને બદલે શુદ્ધ માર્ગ પ્રરૂપતા હોય તોય જીવને જુદું ભાસે, અને જાણે કે આપણો ધર્મ નહીં. જે જીવ કદાગ્રહરહિત હોય તે શુદ્ધ માર્ગ આદરે. જેમ વેપાર ઘણા પ્રકારના હોય પણ લાભ એક જ પ્રકારનો હોય. વિચારવાનોનો તો કલ્યાણનો માર્ગ એક જ હોય. અજ્ઞાનમાર્ગના અનંત પ્રકાર છે. —(ઉપદેશ છાયા : પૃ૦ ૭૦૮–૭૦૯)

*

મુમુક્ષુઓએ કોઈ પદાર્થ વિના ચાલે નહીં એવું રાખવું નહીં.

—(ઉપદેશ છાયા : પૃ૦ ૭૨૨)

*

નિર્ધન કોણ? ધન માગે, ઈચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા, બળતરા છે, તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળતરા છે. માટે તૃષ્ણા ઘટાડવી.

— (ઉપદેશ છાયા : પૃ૦ ૭૨૩)

*

જીવ જો લૌકિક ભયથી ભય પામ્યો તો તેનાથી કાંઈ પણ થાય નહીં. લોક ગમે તેમ બોલે તેની દરકાર ન કરતાં આત્મહિત જેનાથી થાય તેવાં સદાચરણ સેવવાં.

— (ઉપદેશ છાયા : પૃ૦ ૭૨૫)

*

સાત નય અથવા અનંત નય છે, તે બધા એક આત્માર્થે જ છે, અને આત્માર્થ તે જ એક ખરો નય. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય; છેવટે ઉપશમભાવ આવે તો ફળ થાય; નહીં તો જીવને નયનું જ્ઞાન જાળરૂપ થઈ પડે; અને તે વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. સત્પુરુષના આશ્રયે જાળ ટળે. — (ઉપદેશ છાયા : પૃ૦ ૭૨૫)

*

ખારી જમીન હોય, ને તેમાં વરસાદ પડે તો શું કામ આવે? તેમ જ્યાં સુધી ઉપદેશવાત આત્મામાં પરિણમે નહીં તેવી સ્થિતિ હોય ત્યાં સુધી તે શું કામની? જ્યાં સુધી ઉપદેશવાત આત્મામાં પરિણમે નહીં ત્યાં સુધી ફરી ફરી સાંભળવી, વિચારવી, તેનો કેડો મૂકવો નહીં; કાયર થવું નહીં; કાયર થાય તો આત્મા ઊંચો આવે નહીં. જ્ઞાનનો અભ્યાસ જેમ બને તેમ વધારવો; અભ્યાસ રાખવો તેમાં કુટિલતા કે અહંકાર રાખવાં નહીં.

— (ઉપદેશ છાયા : પૃ૦ ૭૨૫)

*

અંદરથી છૂટે ત્યારે બહારથી છૂટે; અંદરથી છૂટ્યા વગર બહારથી છૂટે નહીં. એકલું બહારથી છોડે તેમાં કામ થાય નહીં. આત્મસાધન વગર કલ્યાણ થતું નથી.

—(ઉપદેશ છાયા: પૃ૦ ૭૨૭)

*

સંસારમાં મોહ છે; સ્ત્રીપુત્રમાં મારાપણું થઈ ગયું છે; ને કષાયનો ભરેલો છે તે રાત્રિભોજન ન કરે તો પણ શું થયું? જ્યારે મિથ્યાત્વ જાય ત્યારે તેનું ખરું ફળ થાય.

—(ઉપદેશ છાયા: પૃ૦ ૭૨૭)

*

જાત્રાએ જવાનો હેતુ એક તો એ છે કે ગૃહવાસની ઉપાધિથી નિવૃત્તિ લેવાય; સો બસો રૂપિયા ઉપરથી મૂર્છા ઓછી કરાય; પરદેશમાં દેશાટન કરતાં, કોઈ સત્પુરુષ શોધતાં જડે તો કલ્યાણ થાય. આ કારણથી જાત્રા કરવાનું બતાવ્યું છે. —(ઉપદેશ છાયા: પૃ૦ ૭૨૯)

*

જૈન માર્ગ શું? રાગ, દ્વેષ અને અજ્ઞાનનું જવું તે. અજ્ઞાની સાધુઓએ ભોળા જીવોને સમજાવી તેને મારી નાંખ્યા જેવું કર્યું છે. પોતે જો પ્રથમ વિચાર કરે કે મારા દોષ શું ઘટ્યા છે? તો તો જણાય કે જૈનધર્મ મારાથી વેગળો રહ્યો છે. જીવ અવળી સમજણ કરી પોતાનું કલ્યાણ ભૂલી જઈ, બીજાનું અકલ્યાણ કરે છે. —(ઉપદેશ છાયા: પૃ૦ ૭૩૦)

*

'આપણો ધર્મ' એવી કલ્પના છે. આપણો ધર્મ શું? મહાસાગર કોઈનો નથી; તેમ ધર્મ કોઈના બાપનો નથી. જેમાં દયા, સત્ય આદિ હોય તે પાળો. તે કોઈના બાપનાં નથી. અનાદિ કાળનાં છે; શાશ્વત છે. જીવે ગાંઠ પકડી છે કે આપણો ધર્મ છે, પણ શાશ્વત માર્ગ છે ત્યાં આપણો શું? શાશ્વત માર્ગથી સહુ મોક્ષે ગયા છે. —(ઉપદેશ છાયા: પૃ૦ ૭૩૧)

*

જે જીવ પોતાને મુમુક્ષુ માનતો હોય, તરવાનો કામી માનતો હોય, સમજુ છું એમ માનતો હોય તેણે દેહને વિષે રોગ થતી વખત આકુળવ્યાકુળપણું થયું હોય તો તે વખત વિચારવું કે તારું મુમુક્ષુપણું, ડહાપણ, કયાં ગયાં? —(ઉપદેશ છાયા: પૃ૦ ૭૩૧)

*

જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહીં. જીવને સાચ કયારેય આવ્યું જ નથી; આવ્યું હોત તો મોક્ષ થાત. ભલે સાધુપણું, શ્રાવકપણું અથવા તો ગમે તે લો, પણ સાચ વગર સાધન તે વૃથા છે. જે દેહાત્મબુદ્ધિ મટાડવા માટે સાધનો બતાવ્યાં છે તે દેહાત્મબુદ્ધિ મટે ત્યારે સાચ આવ્યું સમજાય. દેહાત્મબુદ્ધિ થઈ છે તે મટાડવા,

મારાપણું મુકાવવા સાધનો કરવાનાં છે. તે ન મટે તો સાધુપણું, શ્રાવકપણું, શાસ્ત્રશ્રવણ કે ઉપદેશ તે વગડામાં પોક મૂકયા જેવું છે. —(ઉપદેશ છાયા : પૃ૦ ૭૩૨)

*

જ્ઞાની કહે છે તે કૂંચીરૂપી જ્ઞાન વિચારે, તો અજ્ઞાનરૂપી તાળું ઊઘડી જાય; કેટલાંય તાળાં ઊઘડી જાય. કૂંચી હોય તો તાળું ઊઘડે; બાકી પહાણા માર્યે તો તાળું ભાંગી જાય. —(ઉપદેશ છાયાઃ પૃ૦ ૭૩ )

*

જીવને માંહીથી અજીર્ણ મટે ત્યારે અમૃત ભાવે, તે જ રીતે ભ્રાંતિરૂપી અજીર્ણ મટચે કલ્યાણ થાય; પણ જીવને અજ્ઞાની ગુરુએ ભડકાવી માર્યા છે એટલે ભ્રાંતિરૂપ અજીર્ણ કેમ મટે? અજ્ઞાની ગુરુઓ જ્ઞાનને બદલે તપ બતાવે; તપમાં જ્ઞાન બતાવે; આવી રીતે અવળું અવળું બતાવે તેથી જીવને તરવું બહુ મુસીબતવાળું છે. —(ઉપદેશ છાયા : પૃ૦ ૭૩૩)

*

બુદ્ધિબળથી નિશ્ચય કરેલો સિદ્ધાંત તેથી વિશેષ બુદ્ધિબળ અથવા તર્કથી વખતે ફરી શકે છે; પરન્તુ જે વસ્તુ અનુભવગમ્ય (અનુભવસિદ્ધ) થઈ છે તે ત્રણે કાળમાં ફરી શકતી નથી. —(વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૩૭ (૪) )

*

જિનમાર્ગનું સ્વરૂપ તથા તેનું રહસ્ય શું છે તે સમજયા વિના, અથવા તેનો વિચાર કર્યા વિના અલ્પ અલ્પ શંકાઓ માટે બેસી રહી આગળ ન વધવું તે ઉચિત નથી. જિનમાર્ગ ખરી રીતે જોતાં તો જીવને કર્મક્ષય કરવાનો ઉપાય છે, પણ જીવ પોતાના મતીથી ગૂંચાઈ ગયેલ છે. - (વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૩૯ (૨૯) )

*

જીવને સમજાય તો સમજવા પછીથી બહુ સુગમ છે; પણ સમજવા સારુ જીવે આજ દિવસ સુધી ખરેખરો લક્ષ આપ્યો નથી. સમ્યક્ત્વ પ્રાપ્ત થવાના જીવને જયારે જયારે જોગ બન્યા છે ત્યારે ત્યારે બરાબર ધ્યાન આપ્યું નથી, કારણ કે જીવને અંતરાય ઘણા છે. કેટલાક અંતરાયો તો પ્રત્યક્ષ છે, છતાં જાણવામાં આવતા નથી. જો જણાવનાર મળે તો પણ અંતરાયના જોગથી ધ્યાનમાં લેવાનું બનતું નથી. કેટલાક અંતરાયો તો અવ્યક્ત છે કે જે ધ્યાનમાં આવવા જ મુશ્કેલ છે. —(વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૪૦ (૩૪) )

*

સ્વચ્છંદે નિવૃત્તિ કરવાથી વૃત્તિઓ શાંત થતી નથી, પણ ઉન્મત્ત થાય છે, અને તેથી પડવાનો વખત આવે છે; અને જેમ જેમ આગળ ગયા પછી જો પડવાનું થાય છે, તો તેમ તેમ તેને

પછાટ વધારે લાગે છે, એટલે ઘણો તે ઊંડો જાય છે; અર્થાત્ પહેલામાં જઈ ખૂંચે છે, એટલું જ નહીં પરંતુ તેને ત્યાં ઘણા કાળ સુધી જોરની પછાટથી ખૂંચ્યા રહેવું પડે છે.

—(વ્યાખ્યાનસાર : પૃ૦ ૭૪૧ (૫૦))

*

ગ્રંથાદિ વાંચવાનું શરૂ કરતાં પ્રથમ મંગળાચરણ કરવું અને તે ગ્રંથ ફરીથી વાંચતાં અથવા ગમે તે ભાગથી તે વાંચવાનું શરૂ કરતાં પ્રથમ મંગળાચરણ કરવું એવી શાસ્ત્રપદ્ધતિ છે. તેનું મુખ્ય કારણ એ છે કે બાહ્યવૃત્તિમાંથી આત્મવૃત્તિ કરવી છે, માટે તેમ કરવામાં પ્રથમ શાંતપણું કરવાની જરૂર છે, અને તે પ્રમાણે પ્રથમ મંગળાચરણ કરવાથી શાંતપણું પ્રવેશ કરે છે. વાંચવાનો અનુક્રમ જે હોય તે બનતાં સુધી ન જ તોડવો જોઈએ; તેમાં જ્ઞાનીનો દાખલો લેવા જરૂર નથી.

—(વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૪૩ (૬૮))

*

શ્રેયકારી એવું જે નિજસ્વરૂપનું જ્ઞાન તે જ્યાં સુધી પ્રગટ નથી કર્યું, ત્યાં સુધી પરદ્રવ્યનું ગમે તેટલું જ્ઞાન મેળવે તોપણ તે કશા કામનું નથી; માટે ઉત્તમ રસ્તો એ છે કે બીજી બધી વાતો [illegible]ઈ પોતાના આત્માને ઓળખવા પ્રયત્ન કરવો.

—(વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૪૬ (૯૩))

*

અમુક નયથી કહેવામાં આવ્યું ત્યારે બીજા નયથી પ્રતીત થતા ધર્મની અસ્તિ નથી એમ ઠરતું નથી.

—(વ્યાખ્યાનસાર: પૃ૦ ૭૫૦ (૧૨૫))

*

આ (જિનમાર્ગ) માર્ગ આત્મગુણરોધક નથી, પણ બોધક છે, એટલે આત્મગુણ પ્રગટ કરે છે, તેમાં કશો સંશય નથી. આ વાત પરોક્ષ નથી, પણ પ્રત્યક્ષ છે. ખાતરી કરવા ઇચ્છનારે પુરુષાર્થ કરવાથી સુપ્રતીત થઈ પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે.

—(વ્યાખ્યાનસાર : પૃ૦ ૭૫૧ (૧૩૦))

*

જ્યાં સુધી (સિદ્ધાંત) અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે, અને સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે. —(વ્યાખ્યાનસાર : પૃ૦ ૭૫૧ (૧૩૬))

*

વિષયો ક્ષય થયા નથી છતાં જે જીવો પોતાને વિષે વર્તમાનમાં ગુણો માની બેઠા છે તે જીવોના જેવી ભ્રમણા ન કરતાં તે વિષયો ક્ષય કરવા ભણી લક્ષ આપવું.

—(વ્યાખ્યાનસાર–૨ : પૃ૦ ૭૬૬)

*

કર્મ વડે સુખદુ:ખ સહન કરતાં છતાં પરિગ્રહ ઉપાર્જન કરવા તથા તેનું રક્ષણ

કરવા સૌ પ્રયત્ન કરે છે. સૌ સુખને ચાહે છે; પણ તે પરતંત્ર છે. પરતંત્રતા પ્રશંસાપાત્ર નથી; તે દુર્ગતિનો હેતુ છે. તેથી ખરા સુખના ઇચ્છકને માટે મોક્ષમાર્ગ વર્ણવ્યો છે.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૬૬)

*

યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના અથવા પોતે જે બોલે છે તે પરમાર્થે યથાર્થ છે કે કેમ તે જાણ્યા વિના, સમજ્યા વિના, જે વક્તા થાય છે તે અનંત સંસારને વધારે છે. માટે જ્યાં સુધી આ સમજવાની શક્તિ થાય નહીં ત્યાં સુધી મૌન રહેવું સારું છે.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૭૧)

*

જ્યાં સુધી મૃષા અને પરસ્ત્રીનો ત્યાગ કરવામાં આવે નહીં ત્યાં સુધી સર્વ ક્રિયા નિષ્ફળ છે; ત્યાં સુધી આત્મામાં છળકપટ હોવાથી ધર્મ પરિણમતો નથી.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૭)

*

શ્રવણ એ પવનની લહેર માફક છે. તે આવે છે, અને ચાલ્યું જાય છે.
મનન કરવાથી છાપ બેસે છે, અને નિદિધ્યાસન કરવાથી ગ્રહણ થાય છે.
વધારે શ્રવણ કરવાથી મનનશક્તિ મંદ થતી જોવામાં આવે છે.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૮૪)

*

આત્મા સમય સમય ઉપયોગી છતાં અવકાશની ખામી અથવા કામના બોજાને લઈને તેને આત્મા સંબંધી વિચાર કરવાનો વખત મળી શકતો નથી એમ કહેવું એ પ્રાકૃતજન્ય 'લૌકિક' વચન છે. જો ખાવાનો પીવાનો ઊંઘવા ઇત્યાદિનો વખત મળ્યો ને કામ કર્યું તે પણ આત્માના ઉપયોગ વિના નથી થયું, તો પછી ખાસ જે સુખની આવશ્યક્તા છે, ને જે મનુષ્યજન્મનું કર્તવ્ય છે તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઈ કાળે સાચું માની શકે નહીં. એનો અર્થ એટલો જ છે કે બીજાં ઇન્દ્રિયાદિક સુખનાં કામો જરૂરનાં લાગ્યાં છે, અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૮૪)

*

'કાર્તિકેયાનુપ્રેક્ષા' માં કહ્યું છે કે કોઈ માણસ કરજ લેવા આવે તેને કરજ ચૂકવી આપ્યાથી માથા ઉપરથી બોજો ઓછો થતાં કેવો હર્ષ થાય છે? તે પ્રમાણે પુદ્ગલ દ્રવ્યરૂપ શુભાશુભ કરજ જે કાળે ઉદયમાં આવે તે કાળે સમ્યક્પ્રકારે વેદી ચૂકવી દેવાથી

નિર્જરા થાય છે અને નવું કરજ થતું નથી; તો જ્ઞાનીપુરુષે કર્મરૂપી કરજમાંથી મુક્ત થવાને હર્ષાયમાનપણે તૈયાર થઈ રહેવું જોઈએ; કારણ તે દીધા વગર છૂટકો થવાનો નથી.

આત્મિક સુખના વિચારનું કામ કર્યા વિના અનંતો કાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે એ વાત જરૂરની નથી લાગતી! મતલબ આ ચૈતન્યે કૃત્રિમ માન્યું છે. સાચું માન્યું નથી.

—(વ્યાખ્યાનસાર-૨ : પૃ૦ ૭૮૫)

*

જે પુરુષ સદ્‌ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે.

જે જીવ સત્પુરુષના ગુણનો વિચાર ન કરે, અને પોતાની કલ્પનાના આશ્રયે વર્તે તે જીવ સહજમાત્રમાં ભવવૃદ્ધિ ઉત્પન્ન કરે છે, કેમકે અમર થવાને માટે ઝેર પીએ છે.

—(હાથનોંધ-૧ : પૃ૦ ૮૦૩)

*

ભાવકર્મથી વિમુખ થાય તો નિજભાવપરિણામી થાય.

સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે. સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્ત્વાર્થપ્રતીતિ થવી તે છે.

—(હાથનોંધ-૩ : પૃ૦ ૮૨૭)

*

સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્‌ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે. —(હાથનોંધ-૩ : પૃ૦ ૮૩૦)

*

સર્વજ્ઞોપદિષ્ટ આત્મા સદ્‌ગુરુકૃપાએ જાણીને નિરંતર તેના ધ્યાનના અર્થે વિચરવું, સંયમ અને તપ પૂર્વક. —(હાથનોંધ-૩ : પૃ૦ ૮૩૦)

*

જેમ નિસ્પૃહતા બળવાન તેમ ધ્યાન બળવાન થઈ શકે, કાયા બળવાન થઈ શકે.

—(હાથનોંધ-૩ : પૃ૦ ૮૩૨)

—૦—

# અમારા પ્રકાશનો

| | નામ | પ્રત |
|---|---|---|
| ૧ | શ્રી પ્રવચનસાર (ગુજરાતી) | ૧૫૦૦ |
| ૨ | ,, પ્રવચનસાર (હિન્દી) પ્રથમ આવૃત્તિ | ૨૧૦૦ |
| | ,, પ્રવચનસાર (હિન્દી) બીજી આવૃત્તિ | ૨૧૦૦ |
| ૩ | ,, પંચાસ્તિકાય (ગુજરાતી) | ૧૦૦૦ |
| ૪ | ,, પંચાસ્તિકાય (હિન્દી) | ૨૫૦૦ |
| ૫ | ,, સમયસાર નાટક (હિન્દી) | ૩૦૦૦ |
| ૬ | ,, અષ્ટપાહુડ (હિન્દી) | ૨૦૦૦ |
| ૭ | ,, અનુભવપ્રકાશ (ગુજરાતી) | ૨૧૦૦ |
| ૮ | ,, પરમાત્મપ્રકાશ (ગુજરાતી) પ્રથમ આવૃત્તિ | ૧૧૦૦ |
| | ,, પરમાત્મપ્રકાશ (ગુજરાતી) બીજી આવૃત્તિ | ૩૦૦૦ |
| ૯ | ,, સમયસાર કલશટીકા (હિન્દી) | ૨૦૦૦ |
| ૧૦ | ,, આત્માવલોકન (ગુજરાતી) | ૨૦૦૦ |
| ૧૧ | ,, સમાધિતંત્ર (ગુજરાતી) | ૨૦૦૦ |
| ૧૨ | ,, બૃહદ્ દ્રવ્યસંગ્રહ (હિન્દી) | ૩૦૦૦ |
| ૧૩ | ,, જ્ઞાનામૃત (ગુજરાતી) પ્રથમ આવૃત્તિ | ૨૦૦૦ |
| | ,, જ્ઞાનામૃત (ગુજરાતી) બીજી આવૃત્તિ | ૫૦૦૦ |
| ૧૪ | ,, યોગસાર (ગુજરાતી) | ૨૦૦૦ |
| ૧૫ | ,, અધ્યાત્મ-સંદેશ (ગુજરાતી) | ૨૦૦૦ |
| ૧૬ | ,, પદ્મનન્દિ-પંચવિંશતિ (ગુજરાતી) | ૩૦૦૦ |
| ૧૭ | ,, સમયસાર (ગુજરાતી) | ૩૧૦૦ |
| ૧૮ | ,, સમયસાર (હિન્દી) | ૨૫૦૦ |
| ૧૯ | શ્રી અધ્યાત્મિક-પત્ર (સ્વ. શ્રી નિહાલચન્દજી) (ગુજરાતી) | ૩૦૦૦ |
| ૨૦ | ,, દ્રવ્ય-દષ્ટિ-પ્રકાશ (ગુજરાતી) | ૧૦,૦૦૦ |
| ૨૧ | ,, પુરુષાર્થસિદ્ધિઉપાય (ગુજરાતી) | ૨૧૦૦ |
| ૨૨ | ,, ક્રમબદ્ધપર્યાય (ગુજરાતી) | ૮૦૦૦ |
| ૨૩ | ,, અધ્યાત્મપરાગ (ગુજરાતી) પ્રથમ આવૃત્તિ | ૨૦૦૦ |
| | ,, અધ્યાત્મપરાગ (ગુજરાતી) બીજી આવૃત્તિ | ૧૦૦૦ |
| ૨૪ | ,, ધન્યઅવતાર (હિન્દી) | ૮૦૦૦ |
| ૨૫ | ,, પરમાગમસાર (ગુજરાતી) | ૫૦૦૦ |

| | | નામ | પ્રત |
|---|---|---|---|
| ૨૬ | ,, | વચનામૃત-પ્રવચન ભાગ-૧ ( ગુજરાતી ) | ૩૦૦૦ |
| ૨૭ | ,, | વચનામૃત-પ્રવચન ભાગ-૨ ( ગુજરાતી ) | ૨૦૦૦ |
| ૨૮ | ,, | વચનામૃત-પ્રવચન ભાગ-૩ ( ગુજરાતી ) | ૨૦૦૦ |
| ૨૯ | ,, | વચનામૃત-પ્રવચન ભાગ-૪ ( ગુજરાતી ) | ૨૦૦૦ |
| ૩૦ | ,, | જ્ઞાનામૃત ( હિન્દી ) | ૩૦૦૦ |
| ૩૧ | ,, | નિર્ભ્રાન્તદર્શનની કેડીએ ( ગુજરાતી ) | ૩૦૦૦ |
| ૩૨ | ,, | નિર્ભ્રાન્તદર્શનની પગદંડી પર ( હિન્દી ) | ૫૦૦૦ |
| ૩૩ | ,, | અનુભવપ્રકાશ ( હિન્દી ) | ૨૦૦૦ |
| ૩૪ | ,, | પરમાગમસાર ( હિન્દી ) | ૨૦૦૦ |
| ૩૫ | ,, | પ્રયોજનસિદ્ધિ ( ગુજરાતી ) | ૧૦૦૦ |
| | | | ૧,૧૩,૧૦૦ |

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૩ | મનુષ પણું | મનુષ્યપણું |
| ૨ | ૫ | વાંચનં | વાંચન |
| ૩ | ૨૦ | તેન | તેની |
| ૧૫ | ૧૦ | વિકારને | વિકાર ને |
| ૧૬ | ૨૪ | અંગને | અંગ ને |
| ૨૦ | ૧૬ | અપરિણામો | અપરિણામી |
| ૨૧ | ૨૫ | આચાર્યદેવ | આચાર્યદેવે |
| ૨૯ | ૧૧ | શાસ્ત્ર | શસ્ત્ર |
| ૪૯ | ૨૨ | છ | છે |
| ૬૮ | ૫ | પૃ ૭૦ | પૃ ૧૭૦ |
| ૭૬ | ૧૦ | ૦૦ | ૨૦૦ |
| ૮૪ | ૧૫ | નિવૃત્ત | નિવૃત્તિ |
| ૮૮ | ૧૭ | ૪૨–૧૪૨૨ | ૪૨૧-૪૨૨ |
| ૮૯ | ૨૪ | પદાથ | પદાર્થ |

---

## દાતાઓની નામાવલિ

| નામ | ગામ | રૂ. |
|---|---|---|
| રજનીકાન્ત છોટાલાલ પુનાતર | મુંબઈ | ૫૦૦૧ |
| રજનીકાન્ત મગનલાલ મહેતા | મુંબઈ | ૧૨૦૦ |
| સુહાસબેન છબીલદાસ વસાણી | મુંબઈ | ૧૦૦૨ |
| વિનોદભાઈ મીનાબેન શાહ | જમશેદપુર | ૫૦૧ |
| જસ્મીતાબેન વિક્રમ કે. શેઠ | મુંબઈ | ૫૦૧ |
| એક સદ્‌ગૃહસ્થ | ભાવનગર | ૫૦૧ |
| લાગુબેન છોટાલાલ ભાયાણી | લાઠી | ૨૫૧ |
| મીનેશલાલ મનહરલાલ | લાઠી | ૨૫૧ |
| ઈચ્છાબેન વેલજીભાઈ દોષી | રાજકોટ | ૨૦૧ |
| કાન્તાબેન હિંમતલાલ શાહ | વીરમગામ | ૧૧૦ |
| કે. એસ. શાહ | જલગાંવ | ૧૦૧ |
| દેવીલાલજી જૈન | સોનગઢ | ૧૦૧ |
| કાન્તીલાલ હરીલાલ ભાયાણી | ભાવનગર | ૫૪ |
| નિર્મળાબેન હરીલાલ ભાયાણી | ભાવનગર | ૫૪ |
| હસમુખભાઇ ભાયાણી | ભાવનગર | ૫૧ |
| શાન્તીલાલ કાન્તીલાલ ઘેલાણી | આંભા | ૫૧ |
| ધીરજલાલ કાન્તીલાલ ઘેલાણી | આંભા | ૫૧ |

—૦—